समानो मन्त्रः (ऋग्वेद)　　समानी प्रपा (अथर्ववेद)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૭　　ઑગસ્ટ : ૨૦૨૨　　અંક : 2

પરામર્શનસમિતિ

પ્રકાશ ન. શાહ
પ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

માધવ રામાનુજ

પ્રફુલ્લ રાવલ

અજયસિંહ ચૌહાણ
પ્રકાશન મંત્રી

સંપાદક
ભરત મહેતા

ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- ♦ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ♦ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ♦ 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- ♦ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- ♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- ♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ♦ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોનેઃ

- ♦ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- ♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- ♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- ♦ **પત્રવ્યવહારનું સરનામુંઃ** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

માલિકઃ ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક, પ્રકાશકઃ કીર્તિદા શાહ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ ⁕ મુદ્રણસ્થાનઃ ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૧૬

અનુક્રમ

પ્રમુખીય

◈ બંકિમ ઉજાસમાં રવિ ભણી જતાં : 2, પ્રકાશ ન. શાહ 7

કવિતા

◈ બે ગઝલ, સંજુ વાળા 9 જીવતર, કિશોર પંડ્યા 10 ઝીણાં ટોળાં, મેહુલ ત્રિવેદી 10 ત્રણ ગીત, દર્શક આચાર્ય 11 અરુણ કોલટકરનાં કાવ્યો, અનુવાદ : હેમાંગ દેસાઈ 12 ‘શહેરમાં આદિવાસી’, ચંદ્રશેખર સાકલ્લે; અનુવાદ : દીપક રાવલ 15

વાર્તા

◈ ‘કુંભ ઘડૂલો’, પારુલ ખખ્ખર 17 એ પાંચ દિવસો, મોના લિયા વિક્રમશી 22

વાર્તા-આસ્વાદ

◈ શિક્ષણજગતની સંવેદનહીનતાનું ‘સંભારણું’, આશકા પંડ્યા 27

નિબંધ

◈ સોનાર કેલા, અભિજિત વ્યાસ 32

અભ્યાસ

◈ અમ્મી – લેટર ટુ અ ડેમૉક્રૅટિક મધર, રમેશ કોઠારી 35 શાંતિનિકેતનમાં બે લટાર, હરેશ ધોળકિયા 38 કંઠસ્થ પરંપરાનાં સાહિત્યમાં સૃષ્ટિઉત્પત્તિની કથા, ડૉ. અરુણ જે. કક્કડ 43

ગ્રંથાવલોકન

◈ ‘રાજા રવિ વર્મા’ : જીવનચરિત્રનો ઉત્તમ શોધગ્રંથ, પ્રો. નવીનચંદ્ર એન. ત્રિવેદી 62 કળાકારની છબીને ઉજાગર કરવાનો ઉપક્રમ, ડૉ. જયકર છો. જોશી 67 બાળનાટિકાનાલેખનનો આવકાર્ય પ્રયાસ, ઈશ્વર પરમાર 69

અને છેલ્લે...

◈ અરે! આઝાદીનો અમૃમહોત્સવ પૂરો?, ભરત મહેતા 71

◈ પરિષદવૃત્ત, સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ 74

◈ સાહિત્યવૃત્ત, પરીક્ષિત જોશી 78

◈ ‘કોષાધ્યક્ષ’ની કલમેથી... રાજેન્દ્ર ઉપાધ્યાય 82

◈ પત્ર, અજયકુમાર ચંદુલાલ પટેલ, દીપક બી. દવે, હરિકૃષ્ણ રા. પાઠક, શિરીષ એમ. દ્વિવેદી 83-87

◈ આ અંકના લેખકો 88

◈ આવરણ સંયોજના : મનોન ગંગોપાધ્યાય

બંકિમ ઉજાસમાં રવિ ભણી જતાં : 2

પ્રકાશ ન. શાહ

નવલરામની નરવી સોબતમાં ખરા દેશાભિમાન વિશે વિચારવાવાગોળવાનું થયું, અને બંકિમ ઉજાસમાં થોડાએક રવિસંકેતો પકડવાનું પણ. એના જ અનુસંધાન ને પુરસ્સંધાનમાં વિચારદોર જારી રાખવાના ખયાલે બે અક્ષર પાડવા બેઠો ન બેઠો ત્યાં આગ્રા ઘટના વિશે જાણ્યું : બુકરજેતા ગીતાંજલિ શ્રીનું લગભગ વતનઆંગણે કહી શકાય એવું સન્માનઆયોજન યોજકોએ સંકેલી લેવું પડ્યું; કેમ કે 'રેતસમાધિ' નવલકથામાં કોઈક ઠેકાણે શિવ-પાર્વતી વિશે વાંધાજનક ને અશ્લીલ ભાષા પ્રયોજાયાની ફરિયાદ કરાઈ છે. પોલીસે જોકે આ લખી રહ્યો છું ત્યાં સુધી કોઈ એફઆઈઆર દર્જ કરવાપણું જોયું નથી. કારણ, સ્થળ પરના પોલીસ અધિકારીના ઠાવકા શબ્દોમાં, 'અમે આ ફરિયાદ અંગે પુસ્તક વાંચ્યા પછી આગળ વધીશું.' પણ લેખિકા, ગીતાંજલિ શ્રી તો ફરિયાદમાત્રથી આહત છે. એમને લાગે છે કે મારી નવલકથાને 'વિનાકારણ રાજકારણમાં ઢસડવામાં આવી છે.' એકંદર સમાચાર પરથી જે સમજાય છે તે એ કે યોજકોએ લેખિકાના સૂચનથી સંકેલો કર્યો. બાકી, એમના પ્રવક્તાએ સરસ કહ્યું છે કે આખી વાતને આપણી પુરાકથાના સંદર્ભમાં જોવી રહે છે.

'રેતસમાધિ'ની વિશ્વસ્વીકૃતિ કોઈ શ્લીલ-અશ્લીલ કુંડાળામાં રમતમાંડણીની ચીલેચલુ પેમલાપેમલી સ્કૂલની મોહતાજ બેલાશક ન જ હોય. વાચક પક્ષે મુદ્દો પરિપ્રેક્ષ્યનો અને સહૃદયતાનો છે. ઉત્તમ સાહિત્યકૃતિનું સેવન તીવ્રોત્કટ ભાવાનુભવ સાથે તમને એક કે બીજા અંતિમે લઈ જતે છતે કોઈક રીતે કશીક ભાવશુદ્ધિની સવડ પણ આપી રહે છે. આ સવડ અને સગડ પકડવા સારુ વાચકને પક્ષે સહૃદયતાની ઇન્દ્રિય જરૂરી છે. આરંભે તે ઓછીવત્તી હોય તોપણ ધોરણસર સાહિત્ય સેવતે સેવતે એની કેળવણી મળી રહે તે અસંભવ નથી.

રાષ્ટ્રચર્ચાનો દોર આગળ ચલાવું તે પહેલા (બલકે, એની પિછવાઈ રૂપે) મને આ નિમિત્ત પકડીને થોડીક પણ વાત કરવાનું દુરસ્ત લાગે છે. 'રેતસમાધિ' બાબતે સદરહુ ફરિયાદને હિંદુ ઓળખકારણના એક ચિહ્ન તરીકે જરૂર જોઈ શકાય. ઓળખકારણ એના અંતિમે 'લાગણીદુભાઉ' પ્રતિક્રિયારૂપે પ્રગટ થાય એવું પણ બને. ઓળખ અને એને અંગેની સભાનતા સ્વતઃ કોઈ ખોટી વાત છે એમ કહેવાનો આશય અલબત્ત નથી. પણ ઓળખનો અતિ 'માણસ' હોવા પર છવાઈ જાય અગર તો 'નાગરિક' અભિજ્ઞતા અને અગ્રતાને ગ્રસી જાય તે દેશજનતાના સ્વાસ્થ્ય સારુ સુચિહ્ન નથી એટલું નિઃશંક.

શરીફા વીજળીવાળાએ 'જુલાઈ'ના 'પરબ'માં આરિફ મોહમ્મદની 'તાર' વાર્તાને છેડે કરેલી ટિપ્પણી આ સંદર્ભમાં જોવાસમજવા જોગ છે : 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ભણેલા રહેમાનભાઈ પોતાનાં બાળકોને મદરેસામાં ભણાવી મૌલાના કેમ બનાવવા માગે

છે? હિંદુસ્તાની મુસ્લિમ કેમ વધારે ને વધારે મુસ્લિમ ઓળખ તરફ જઈ રહ્યા છે? Identity crisis કેમ ઊભી થઈ એ સમજવાની દેશને ચાહનારા દરેકની ગરજ હોવી જોઈએ.' આ ટિપ્પણી ઉતારું છું ત્યારે છેલ્લાં અઠવાડિયાંમાં મુસ્લિમ માલિકીના એક અખબારમાંની એ મતલબની ટિપ્પણી સાંભરે છે કે ઓવેસીનું identity politics દેશને અને ખુદ મુસ્લિમોને ક્યાં લઈ જશે. અસગર અલી ઍન્જિનિયરે સૈયદ શહાબુદ્દીનને સરસ કહેલું કે તમે મુસ્લિમ ઇન્ડિયન છો કે ઇન્ડિયન મુસ્લિમ, કહો.

પંદરમી ઑગસ્ટને આઝાદી દિવસ કરતાં વિશેષે કરીને વિભાજન દિવસ તરીકે જોવાનો જે એક રવૈયો ઉપાડો લઈ રહ્યો છે એમાં સમગ્ર ચિત્રની કાં તો ગમ નથી કે પછી પરવા નથી. જે તે ઘટનાક્રમમાં આ અગર તે પક્ષનો વાંક નિઃશંક કાઢી શકાય, પછી ભલે વાંક જોવાની એ પ્રક્રિયા વસ્તુલક્ષી હોય કે આત્મલક્ષી - ઘણું કરીને જોકે બેઉ છેડે સંમિશ્ર હોવાની; પણ સમગ્ર ચિત્ર સરવાળે તો પરસ્પરસ્પર્ધી કોમવાદનું હોવાનું. કમળાબહેન પટેલની 'મૂળસોતાં ઉખડેલાં' વાંચીએ ત્યારે અપહૃતાઓને પ્રશ્ને સરહદની બંને બાજુના દુર્દૈવ વાસ્તવનો ખયાલ આવ્યા વગર રહેતો નથી. આ પુસ્તક પ્રત્યક્ષ કાર્યાનુભવના માનવીય દસ્તાવેજના ખાનામાં પડે છે. પણ કોઈ પણ ઉત્તમ સાહિત્યકૃતિની જેમ એમાં સહૃદયતાની કેળવણીની ખાસી ગુંજાશ અનુભવાશે.

આઝાદીનો અમૃત મહોત્સવ તરતમાં પૂરો થવામાં છે ત્યારે નવા વિભાજનથી કિનારો કરવાના મનોવૈજ્ઞાનિક ઉપચાર તરીકે સહૃદયતાની કેળવણી કરતાં કારગત કીમિયો બીજો એકે દેખાતો નથી. બંકિમથી રવીન્દ્ર તરફ જવાનું જે વલણ, એમાં એની ભારોભાર ગુંજાશ ભરેલી ને ભારેલી છે. સાહિત્યના ઇતિહાસમાં 'આનંદમઠ'નું સ્થાન હતું, છે અને રહેશે. પણ રાષ્ટ્રચેતનાની એ જે મનઃસ્થિતિ, એને કોઈ કથિત શત્રુદ્વેષગત ઝનૂનની સંભાવનાને બદલે સહજ સ્વદેશવત્સલતામાં ઢાળવાને સારુ 'ગોરા' ને 'ઘરેબાહિરે'માં જે ખાણદાણ પડેલ છે એની સુધબુધ સ્વરાજપંચોતેરું સંકેલાતે નહીં પડે તો પંચોતેરું વર્ષાવિહીન ગાજવીજ બની રહેશે, કે પછી પ્રકાશવિહીન ગરમી.

'ગોરા' તો બિલકુલ ટ્રીક-સીન શી કવિકમાલ છે. હિંદુ/આર્ય હોવાનું જેને અતિ ગૌરવ છે અને આ ઓળખકસોટીએ જે બીજાને કેમ જાણે દુય્યમ કોટિમાં લેખે છે એનો કડડભૂસ ગ્રંથિમોક્ષ ત્યારે થાય છે જ્યારે એને ખબર પડે છે કે પોતે યુરોપીય-ભારતીય સંતાન છે. (કવિના ભાવજગતની ઊંચાઈએ નહીં તોપણ એક મજબૂત નવલ, એમ તો, આચાર્ય ચતુરસેન શાસ્ત્રીની 'ધર્મપુત્ર' ક્યાં નથી?)

'ઘરેબાહિરે'ને સવિશેષ તો એક વિશેષ સંદર્ભમાં જોવાપણું છે. 'વંદે માતરમ્' ગાતા કવિ રાખીબંધન મિશે બંગભંગ દિવસોમાં કોલકાતાના રાજમાર્ગો પર નીકળી પડ્યા હતા. એમની સહભાગિતા આ આંદોલનમાં નિઃશેષ હતી. પણ રાષ્ટ્રીય ઉછાળાની જે મર્યાદાઓ એમણે જોઈ એમાંથી 'ઘરેબાહિરે' ઊતરી આવી. સ્વદેશને ચાહવો - પણ સત્યને ભોગે નહીં. (પાછળથી, 1921માં, બંગાળના કોમી દંગામાં હિંદુઓને પક્ષે 'વંદે માતરમ્'નો ઉપયોગ મુસ્લિમવિરોધી યુદ્ધઘોષ તરીકે થયો હતો, એનો પૂર્વાભાસ જાણે!)

સ્વરાજસંગ્રામનાં આખરી વરસોમાં મૌલાના આઝાદ, જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ અને નરેન્દ્ર દેવની સમિતિએ રવીન્દ્રનાથની સલાહ લઈને 'વંદે માતરમ્' વિશે કોઈક તારણ પર આવવાનું નક્કી કર્યું હતું. ચર્ચાવિચારણાને અંતે નેહરુઘડ્યા

ઠરાવનો એક અંશ:

'છેલ્લા ત્રણ દાયકામાં દેશસમસ્તમાં આત્મસમર્પણ અને કષ્ટસહનની અસંખ્ય ઘટનાઓ 'વંદે માતરમ્' સાથે સંકળાયેલી છે. આ દેશનાં સ્ત્રીપુરુષ 'વંદે માતરમ્'ના ઉદ્‌ઘોષ સાથે મોતને ભેટતાં રહ્યાં છે. શરૂ શરૂમાં બંગાળમાં, પછી દેશભરમાં 'વંદેમાતરમ્' આપણા રાષ્ટ્રને જગવતો શક્તિમંત્ર બની રહેલ છે... આ ગીતની પહેલી બે કડીઓનો ઉપયોગ જેમ જેમ દેશના વિવિધ ભાગોમાં પ્રસાર પામતો ગયો તેમ તેમ તેની સાથે કોઈક પ્રકારે રાષ્ટ્રીય ગૌરવની લાગણી જોડાવા લાગી. બાકીનું ગીત ખાસ વપરાતું નથી અને ઘણા લોકોને એની ખબર પણ નથી. આ ગીતની આરંભની બે કડીઓ આપણી માતૃભૂમિની સમૃદ્ધિ અને સુંદરતાને મૃદુમંજુલ ભાષામાં વર્ણવે છે અને તેમાં ધાર્મિક દષ્ટિએ કે અન્યથા કોઈ બીજી રીતે વાંધો લઈ શકાય એવું કંઈ નથી.'

'આનંદમઠ'ના સીમિત સંદર્ભથી બહાર કાઢી સુજલાસુફલાસુખદાવરદા એવી કલ્યાણવત્સલ માતૃભૂમિનું આ એક હૃદ્ય અને અનવદ્ય ચિત્ર હતું.

બંકિમની આ આરંભિક પંક્તિઓ સાથે રવીન્દ્રનું 'સોનાર બાંગલા' મૂકો - બાંગલાદેશનું રાષ્ટ્રગીત. છેલ્લા થોડાક સૈકામાં જે યુરોપીય રાષ્ટ્રવાદ વિકસ્યો અને વકર્યો એની સામે રાષ્ટ્રવાદની એક આક્રમક છબિને બદલે વત્સલ ભાવછબિ, એ ભારતવર્ષની સાધનાપરંપરાને શોભીતી છે, ને નવી દુનિયા સારુ નિરામયકારી પણ.

'વંદે માતરમ્' પણ જુઓ તમે. સમયબદ્ધ સ્વરૂપમાં એ (કદાચ દુર્ગાના સમુત્ક્રાન્ત સ્વરૂપમાં) ભારતમાતાનું ગાન હશે પણ સમયાતીત સ્વરૂપે (આરંભની કડીઓ દર્શાવે છે તેમ) તે ધરતીમાતાનું ગાન છે. એ રીતે બંકિમચંદ્ર 'આનંદમઠ'કાર છતાં કેમ જાણે કોઈક તબક્કે દેશને પણ અતિક્રમી જાય છે. પછી એ રવીન્દ્રમાં 'વિશ્વકવિ'ને પ્રીછી જ શકે ને.

ઓળખના અતિવાદને અને સંકુચિત રાષ્ટ્રવાદને સહૃદયતાની કેળવણી વાટે નાગરિક પ્રફુલ્લન ભણી વાળવા વાસ્તે નવા જમાનાનાં આ નાન્દીવચનો.

તા.ક. પ્રૂફ વાંચતે વાંચતે સહજ જ તસલિમા નસરીનનું સ્મરણ થઈ આવ્યું. અયોધ્યા ઘટનાની પ્રતિક્રિયારૂપે બાંગલાદેશમાં હિંદુઓ સાથે જે હિંસ્ર વ્યવહાર થયો એને અંગે દો ટૂક આલોચનાને ધોરણે તસલિમા 'લજ્જા' નવલકથા લઈને આવ્યાં હતાં. બાંગલા જીર્ણમતે એને વિશે ઝનૂનભેર નારાજગી પ્રગટ કરી હતી, તો આપણે ત્યાં સ્વાભાવિક જ લેખિકાનાં ઉદાત્ત માનવીય અભિગમ પર સૌ ઓવારી ગયાં હતાં. આ જ તસલિમાએ તે પછીનાં ભારતવર્ષોમાં 'લજ્જા'ની જે અનુનવલ લખી એના તરફ આપણું ખાસ ધ્યાન ગયું નથી. બાંગલાદેશના પેલા આહત ને આક્રાન્ત હિંદુ પરિવારે ભારતમાં આશ્રય લીધો. એ પરિવારના ફરજંદે અહીં કથિત જમણેરી સંધાનમાં નિજનું મોચન લહ્યું. પણ ચિત્તને એ સમાધાન ન મળ્યું જે બાંગલાદેશમાં ખોયું હતું. વાત એમ છે કે 'લજ્જા' અને એની અનુનવલ હિંદુતરફે મુસ્લિમ કે મુસ્લિમતરફે હિંદુ એવા સાંકડા ખાનાની બંદી નથી. ઓળખના અતિકારણને અતિક્રમતા નાગરિક નિર્વહણની કથા માટેની ખોજ આપણાં લેખિકાની છે. સહૃદયતાની કેળવણીની કશ્મકશ ને કોશિશ, બીજું. શું.

ઑગસ્ટ 1, 2022

❑

બે ગઝલ | સંજુ વાળા

1. માટી તે તું

વૈશાખી સાંજે ઝાપટું
મહેકી ઊઠી માટી તે તું.

હા, એ જ અઢળક પામવું
જે હો પળેપળ આપણું.

મારી બધી સંવેદના
ગણગણતી ગાતી સાંભળું.

જો તું નથી તો કંઈ નથી
તું હોય તો શું શોધવું?

સઘળી પ્રતીતિઓ હવે
થઈ ગઈ નર્યું સંભારણું.

તારા વિશેની કલ્પના
આભે ચડે થઈ વાદળું.

અફસોસ! કે ના કૈં જડ્યું
ચારે તરફ ધુમ્મસ નર્યું.

વાણીય જેને શોધે છે
એના વિશે હું શું કથું?

એથી વધુ શું હોય જીવ?
ધકધક થતું એક ગૂંચળું?

2. વિસ્તર્યું છે

માન વધ્યું છે ધોરણનું ને ધારાનું કદ વિસ્તર્યું છે,
આપ જો મારાં થઈ ગયાં તો મારાનું કદ વિસ્તર્યું છે.

કહ્યાં, કથ્યાં તે આગમ ને અણસારાનું કદ વિસ્તર્યું છે,
વટ પાડ્યો છે વાતોએ, વરતારાનું કદ વિસ્તર્યું છે.

કદીક આળું મન તતડે છે, કદી ચામડી થરકે થર-થર,
હાડ-માંસમાં હણહણતા અંગારાનું કદ વિસ્તર્યું છે.

તિરસ્કાર-ધુત્કારો વચ્ચે નરવા-ગરવા 'હ'કાર જેવા,
હળવેથી તેં દીધેલા હોંકારાનું કદ વિસ્તર્યું છે.

ખરી પડી બોલાશ જીભથી, થાક ઉતારે છે આંગળીઓ,
માળામાંથી મુક્ત થયેલા પારાનું કદ વિસ્તર્યું છે.

કોઈ વિરહીને દે આશ્વાસન, કોઈ લબ્ધાનું મન કોળાવે,
ચંદ્ર નામના વરણાગી વણજારાનું કદ વિસ્તર્યું છે.

ઝળહળે છે ચિત્ત, ચેતના શાખ પુરાવે, જીવ મ્હાલે છે,
અહો! અહર્નિશ ઝણઝણતા એકતારાનું કદ વિસ્તર્યું છે.

જીવતર | કિશોર પંડ્યા

કરમાં રમતો નાનકો, કે દી મોટો થાય,
માત ઝુલાવે પ્રેમથી, હૈયેથી હરખાય.

ઘૂંટ્યો જ્યારે એકડો, હતી ધૂડી નિશાળ,
અક્ષર એમાં માંડતા, આ જગ થયું વિશાળ.

શબ્દો સાથે ભીંજવી, આભ ધરાની પ્રીત,
લેખણ લીધી હાથમાં, લખવા તારાં ગીત.

ખર ખર કરતાં પાંદડાં, લીલેરું સંગીત;
સીમ બધીમાં દોડતું, એના મનનું મીત.

ગીતો એનાં સાંભળી, તાળી પાડે હાથ,
મનડું માંડે ચાલવા, કોણ કરે સંગાથ?

વાદળ કોરાં ચીતરે, આંખોનો વરસાદ,
અજવાળું ઊગે નેજવે, પાડે કોને સાદ?

ઊંચે જુએ આભમાં આવે તારી યાદ,
ટમ ટમ કરતાં તારલા અજવાળું પરસાદ.

આવી ઊભાં ઉંબરે, કાળા ચાર કપોત,
ઊડું ઊડું થાય આ, જીવનું ઝીણું પોત.

ઝાકળ જુએ આભને, ક્યાં પથરાવું પાટ;
દિવસ લાગ્યા ચાલવા, જુએ ક્યાં એ વાટ?

ઝીણાં ટોળાં | મેહુલ ત્રિવેદી

ઝીણાં ટોળાં મનુજજીવને છે વળ્યાં આજ ઘેરી.
ફૂલો જેવાં અધર, મુખના ઢાંકવા માસ્ક પ્હેરી.
ક્વૉરેંટાઇ અમુક ઘર, સોસાયટી ક્યાંક શેરી.
શા દોષે આ સકળ જગમાં ઊમટ્યો દુષ્ટ વેરી?

કોરોનાએ અતિશય કર્યાં દૂર જો અંતરો આ
ભેટીને જ્યાં મધુર હળવો મિત્રતાનો થતો ત્યાં
આજે જાણે ક્ષણિક, રસહીણો બધો ભાર લાગે
કેવો તીખો મૃદુલ મનને ક્રૂર આ, માર વાગે!

ઝીણી ઊંડી સમજણ ઘણી તે વિશે ખૂબ પામી
જ્યારે ઊઠે જગ ગઠિત થૈ શક્તિને ધાર કાઢી
લાગે ત્યારે અતિ અસરકારી ઘણી છે જરૂરી
શોધી, દેવી સકળ જનને વેક્સિનો આજ પૂરી

ક્યારે એ તો જગતભરથી ભાગશે ખૂબ દૂરે?
પાતાળોના અકળ તળમાં ડૂબશે ભવ્ય શૂરે.

ત્રણ ગીત | દર્શક આચાર્ય

1. અધૂરી સફર

તડકે બેઠેલા,
વૃદ્ધનો પડછાયો,
નિર્જન કેડી જેવો.
તે કેડીએ ચાલતા
ઘેઘૂર આંબલીનું ઝાડ આવે.
જ્યાં અમે બાળપણમાં,
આંબલીપીપળીની રમત રમતા.
આગળ જતાં
આવે તળાવ
જ્યાં અમે તળાવમાં ન્હાતી
છોકરીઓને છુપાઈને જોતા.
પછી આવે મારું ગામ,
જ્યાં હું ગામમાં પ્રવેશું,
ત્યાં સૂરજ આથમી જતાં
મારી સફર અધૂરી રહે.

2. કીડી

બીજમાંથી,
તાજા ફૂટેલા,
કુમળા છોડને,
કીડી દરમાં રહી
પોષતી રહી.
ધીરેધીરે
છોડ વધતો રહ્યો,
કીડી પણ ધીરજ ને
ખંતથી છોડને
ઉછેરતી રહી.
છોડમાંથી
ઘેઘૂર વૃક્ષ
ઊભું થયું ત્યારે
કીડીએ દરમાંથી
બહાર નીકળી,
વૃક્ષની ટગલી

ડાળે ચડી,
પૃથ્વી, આકાશ, વાયુ, જળ અને સૂરજ સામે
હુંકાર કર્યો.

3. કૂવો

ગામ આખાની તરસ છિપાય
તેટલો કૂવો હંમેશાં ભરેલો,
        રહે છે,
પાણી ભરવા આવતી દરેક,
પનિહારીને કૂવો ઓળખે છે,
        કોણ સુખી છે,
        કોણ દુઃખી છે,
કૂવાને બધી ખબર છે.
સવારથી સાંજ સુધીમાં,
ગામમાં ઘટેલી દરેક ઘટનાની
કૂવાને જાણ હોય છે.
        રાત પડતાં,
        નીરવ શાંતિમાં
ચંદ્ર જ્યારે ઝૂકી તેના કાન,
કૂવા પાસે લાવે છે ત્યારે,
કૂવો તેને બધી વાત,
        કહી દે છે.

અરુણ કોલટકરનાં કાવ્યો | અનુવાદ : હેમાંગ દેસાઈ

1. બસ

એસ.ટી. બસની ખુલ્લી બારી
પર બટન મારી, તાડપત્રીના પડદા
પડ્યા રહે, ઠેઠ જેજુરી સુધી...

ઠંડોગાર પવન વીંઝાય
તાડપત્રીનો ફડફડતો ખૂણો
તમારી કોણી પર સતત ઝીંકાય.

તમે ઘૂઘવતા રસ્તાને જુઓ.
બસમાંથી છલકતા આછા પ્રકાશમાં
કદાચ સવારના સંકેત દેખાય.

સામે બુદ્ઘાના નાક પર ટકી રહેલા
ચશ્માંમાં ઝિલાતો તમારો બેતરફી ચહેરો,
વનરાજીમાં બસ એટલું જ જોવાનું થાય.

લક્ષ્ય પર રાખી બાજ નજર
તમે થાઓ અગ્રસર, પળેપળ.
બુદ્ઘાના ત્રિપુંડ્રકથીયે પર.

બહાર સૂજ ઊગે, ગુપચુપ.
તાડપત્રીનાં કાણાંમાંથી અંદર ઘૂસે
ને બુદ્ઘાનાં ચશ્માં ચકનાચૂર.

એક વહેરાયેલું કિરણ ડ્રાઇવરના
જમણા લમણે લખાય, થોડું સુસ્તાય.
એકાએક બસ ટર્ન લે, લગભગ કાટખૂણે.

ઘોડવાટ પર કમરતોડ પ્રવાસ પશ્ચાદ્
બેતરફી ચહેરા સાથે
આપ બસમાંથી ઊતરો
ત્યારે બુદ્ઘાના માથામાં પગ પડી ન જાય, જોજો.

2. પૂજારી

ગરનાળાની દીવાલ ઠંડી વેદી
ઉપર ઉભડક બેસી
સમયાહુતિ આપે પૂજારી.

બસ મોડી પડી હશે?
ભાણામાં પૂરણપોળી ફળશે?
વિચારોમાં ગરકે પૂજારી.

ભીનો ખડબચડ પથ્થર અડતાં
ફડકેલાં આંડ સંકોચી,
મડદાંના હાથની ભાગ્યરેષા અનુસરતા,

દષ્ટિમર્યાદા પરે વમળાતા,
પેચદાર રસ્તાને ઝાંકવા
તડકામાં ડોકું કાઢે પૂજારી.

સૂરજ ખોળે ધરે એનું મસ્તક,
ગામના હજામની હેળથી
ટપારે એના ગાલ.

એની જીભ પર મમળતો
આમથી તેમ રઝળતો સોપારો
છે એક મંત્ર

જે એકાએક સિદ્ધ થાય
એની મનોકામના સમી બસ હવે
હાંસિયે મૂકેલું ટપકું બની જાય.

એની અલસ ચપકલી નજર હેઠળ
એના નાક પર થયેલા મસા માફક
એ ધીમે ધીમે ફેલાય.

ખખડધજ બસ એને વટાવે
ખાડામાં ખાબકે ધડામ...
બામણના ડોળા ભૂરાય.
સ્ટેશનની પરિક્રમા કરી
ધીમા મિયાંમણાં કાઢતી
હવે એ ઊભે પૂજારી સમક્ષ.

મુખ પર મીંદડીયું સ્મિત
અને ભીંસલ જડબે
જીવતો જાત્રી, રેડી ટુ ઇટ.

3. ખંડેર

મારુતિના માથે પડી છે છત
લાગતું નથી કોઈને હોય ફિકર.

ખુદ મારુતિનેય નહીં કદાચ,
એમને આવું જ મંદિર મનપસંદ છે.

એનાં ગલૂડિયાં લઈ રખડતી
કાબરી કૂતરીને આખરે મળી

આ ખંડેરની ઓથડી. કદાચ,
એને પણ આવું જ મંદિર પસંદ છે.

તૂટેલી લાદીઓનો ધરાર કાટમાળ, એ
મુખ્ય દ્વારની પેલે પાર, કૂતરી કરે ખબરદાર.

એની પરિમિતિમાં સીમિત ગલૂડિયાં લોટપોટ.
કદાચ, એમને પણ આવું જ મંદિર પસંદ છે.

પેલા કાળાકાનાળાએ તો હદ કરી
એના પગતળે તખતી સ્હેજ ઊછળી

કે પેલા છાણિયા વંદાના
પેટમાં પડી ફાળ, કાળઝાળ,

ને એ તો જાય દોડ્યો, રણછોડ્યો.
ફૂટેલી દાનપેટી, એનું સુરક્ષાકવચ.

મહાકાય મોભની ઓશિંગણ, એને તો રહ્યે જ છૂટકો.
બાપડીને ક્યારેય મળ્યો જ નહિ છટકવાનો મોકો.

પૂજન અર્ચન માટે ખચિત અનુચિત
પણ મંદિર કરતાં લગીરે ઓછું નથી આ મંદિર.

નોંધ : ‘જેજુરી’ (1976)માંથી

‘શહેરમાં આદિવાસી’ | ચંદ્રશેખર સાકલ્લે; અનુવાદ : દીપક રાવલ

એક હાથે ઘૂંઘટ અને
બીજા હાથે ટ્યૂબલાઇટ પકડીને
એ આદિવાસી સ્ત્રી ઊભી છે
કઢંગા નાચને પ્રકાશ આપવા માટે
શહેરના ચાર રસ્તા પર
કાન ફાડી નાખે એવા સંગીત પર થરકતા
કૂલા પર પડે છે
એના હાથમાંનું અજવાળું

એની ભાભી શોધી રહી છે
લાકડાના નાના નાના ટુકડા
શહેરના સાફ રસ્તાને કિનારે
ઘરનો ચૂલો સળગાવવા માટે.

એનું બાળક ઊંઘી ગયું છે
અંગૂઠો ચૂસતાં ચૂસતાં
રેતની પથારી પર.

એનો પતિ ચાલી રહ્યો છે
ગરમ ડામર પર
નામ-માત્રના ચપ્પલ પહેરીને
રોડરોલરની પાછળ પાછળ.

એ જાણતલ હતો જડીબુટ્ટીઓનો

જંગલી જાનવરોનો સ્વભાવ પારખતો હતો
આકાશ ચૂમતા વૃક્ષ પરથી
તાડી ઉતારી લાવતો હતો સ્ફૂર્તિથી
હવા સૂંઘીને કહી આપતો હતો કે
વાઘ કેટલે દૂર છે
પંખીની બોલી સાંભળીને
અનુમાન કરી લેતો હતો કે
વરસાદ ક્યારે વરસશે

હવે કુશળ થઈ ગયો છે
ડામરમાં રેતી, કપચી ભેળવવામાં
કાળી સડક બનાવવામાં

તેઓ જંગલના રાજા હતા
હવે હારેલી પ્રજા છે

ખબર નથી ઇતિહાસ
આને કઈ રીતે નોંધશે
આજે તો વાંચી રહ્યો છું
આદિવાસી સંસ્કૃતિના સંરક્ષણ પર
છાપામાં એક જોરદાર લેખ.

❑

વાર્તા

'કુંભ ઘડૂલો'

પારુલ ખખ્ખર

એ આવીને ઊભો રહ્યો. ગેટનો નકૂચો ખખડાવવા જતો હતો ત્યાં વિચાર્યું, 'ના, અડવું નથી.' એણે પોર્ચની કમ્પાઉન્ડ વોલથી થોડે દૂર ઊભા રહી બૂમ પાડી, 'માસી...'

સોનલે રસોડાની બારીમાંથી જોયું, મોં પર ફાળિયું બાંધેલો મજૂર જેવો પુરુષ જોયો. 'આવું છું' કહીને દુપટ્ટા વડે પરસેવો લૂછતી ડ્રૉઇંગરૂમમાંથી પસાર થઈ. છોકરાંઓ ટી.વી. જોવામાં અને પતિદેવ છાપું વાંચવામાં મગ્ન હતાં. સાસુજીએ માળા ફેરવતાં ફેરવતાં ટમકું મૂક્યું, 'કોણ છે ઈ માસીનો ભાણિયો?'

'ખબર નહીં', કહી સોનલે મેઇનડોર ખોલ્યું, પોર્ચમાં આવી અને હળવેથી એને બંધ કર્યું. કમ્પાઉન્ડ વૉલની પેલી તરફ ઊભેલા પુરુષ તરફ નજર કરી. માથા અને મોઢાને ઢાંકી દેતું ફાળિયું, મેલુંઘેલું શર્ટ, ઝાંખું થયેલું પૅન્ટ, ઘસાઈ ગયેલા સ્લિપર, ખભા પર દોરડાનો વીંટલો અને હાથમાં કુહાડી. ત્રીસેક વર્ષના એ પુરૂષે મોં પરથી ફાળિયું દૂર કર્યું એ સાથે જ સોનલને અણસાર આવ્યો, 'અરે... નારણ તું?'

નારણ કશા કારણ વગર નીચું જોઈ ગયો અને ધીમેથી બોલ્યો, 'હા, માસી... મને ઓળખો હો ને?'

'હાસ્તો, ઓળખું જ ને? દર વર્ષે તારી પાસે જ ઝાડ કપાવીએ છીએ.'

'માસી, ઝાડ કાપવું હે?'

'અત્યારે? હજી તો વૈશાખ મહિનો ચાલે છે, મારે તો ભાદરવામાં કપાવવાનું હોય.'

એ ઝાડ સામે જોઈ આગ્રહપૂર્વક બોલ્યો, 'ઈતરો તો વધી ગ્યો હે, ક્યો તો કાપી આલું.'

'ના... ના, હજી તો ચોમાસામાં ખૂબ વધશે. પછી કપાવું તો એક વર્ષની નિરાંત રહે ને!'

એનું મોં વિલાઈ ગયું. એ નીચું જોઈ ચુપચાપ કુહાડીના ફણા પર હાથ ફેરવવા લાગ્યો. થોડી વાર પછી ખોખરા અવાજે બોલ્યો, 'બીજું કાંઈ કામ હોય તો ક્યો ને...'

'બીજું તો શું કરીશ?'

'તમી ક્યો ઈ કરી આલીહ... કડિયાકામ હોય કે બલૉક ફિટ કરવા હોય, ટાંકા ધોવા હોય કે અગાશી ધોવી હોય... હું કરી આલીહ. સાયેબની ગાડી ધોવી હોય તો એય કરી આલું.' એ કામ મેળવવા માટે આકળો થયો હતો.

'હમણાં તો તને ખબર છે ને? બધાંય પોતાનાં કામ જાતે જ કરે છે. ક્યાંય જાવાનું નહીં ને કોઈને બોલાવવાના નહીં. બસ... ઘરમાં જ રહેવાનું.'

'હા માસી...' એ નિરાશ થઈ નીચું જોઈ ગયો.

'તું બહાર કેમ નીકળ્યો? પોલીસે તને રોક્યો નહીં?'

પોલીસની ગાડી ઓલી કોર ગઈ એતરી વારમાં હું ધોડાધોડ આંયાં આવી ગ્યો.'

'અચ્છા...'

બન્ને તરફ મૌન પથરાયેલું રહ્યું. નારણનો હાથ હજુય કુહાડીના ફણા પર હતો. એનો અંગૂઠો બરાબર ધાર પર ફરી રહ્યો હતો. નજર નીચી હતી.

સોનલે મૌન ભંગ કરતાં પૂછ્યું, 'ખાવાપીવાની શું વ્યવસ્થા કરો છો?'

'ધરમાદા ગાડી આવે ને! બે ટાણાનું ખાવાનું, દૂધની કોથળિયું, પાણીની બાટલિયું, પડીકા બધુંય આલી જાય.'

'સરસ...'

એ 'સરસ' સાંભળીને ચમક્યો, પણ કળાવા ન દીધું. ફરી મૌન પથરાયું. એની નજર જમીનને ખોતરતી હતી. અંગૂઠો ફણાની ધાર પર એકધારો ફરતો હતો, મોં પર પરસેવાનાં ટીપાં બાઝયાં હતાં. એ કશું નહીં જ બોલે એવી ખાતરી થતાં સોનલે જ પૂછ્યું, 'બીજું કાંઈ કામ છે?'

'માસી, ગામ જાવું હે...'

'અત્યારે ઘરમાં રહેવાય. ત્યાં જઈને શું કામ છે? અહીંયાં ખાવાપીવાનું મળી રહે છે પછી શું તકલીફ છે?'

એને નવાઈ લાગી હોય તેમ એક ક્ષણ સોનલ સામે જોઈ રહ્યો, 'તિયાં માડી-બાપા હે. બે નાના સોકરા હે...'

'તો?'

'મરહું તો ભેળા મરહું... નોખા નોખા નથી મરવું...'

સોનલ કશું ન બોલી. બન્ને ફરી મૌન થયાં. આગળ થયેલા એક પણ સંવાદમાં ભલીવાર ન હતો. જે કહેવાનું હતું એ વાક્ય તો હજુ આવ્યું જ ન હતું. સોનલ એ આવનારા વાક્યની ભવિષ્યવેત્તા હતી, એ આવનારા વાક્યનું વજન જાણતી હતી. એ વાક્ય બોલતી વખતે જીભ પર હાથલો થોર ઊગી નીકળે છે એનો એને અનુભવ હતો. તે ધીરજપૂર્વક રાહ જોઈ રહી. એકાદ મિનિટ વહી ગઈ. સોનલ ક્યારેક ઝાડ સામે, ક્યારેક નારણના ખભા પરના દોરડા સામે, ક્યારેક કુહાડીના ફણા સામે તો ક્યારેક નારણના પરસેવે નીતરતા નીચા નમેલા મોં સામે જોઈ રહી. પોતે આ સમયમાંથી પસાર થતી વખતે કેવી લાગતી હશે તે કલ્પી રહી.

નારણ માટે આ એક મિનિટ જીવનની સૌથી કપરી મિનિટ હતી. એને બોલવું હતું એ વાક્ય નહીં બોલવા દેવા માટે અનેક વજનિયાં એના ગળા પર, જીભ પર, ચહેરા પર અને આંખ પર તૈનાત ઊભાં રહી ગયાં હતાં પરંતુ ગામડે એકલાં ઝૂરતાં મા-બાપ, પોતાનાં નાનાં બે બાળકો, વકરતી જતી મહામારી, અને આશાભરી આંખે ઝૂંપડે બેસીને રાહ જોતી લખમીના સધિયારે એની હિંમતને ધક્કો માર્યો. નારણે ખોંખારો ખાધો, મોંમાં રહેલા ઘૂંટડાને ગળા નીચે ઉતાર્યો, એક ક્ષણ પૂરતો ચહેરાને ઊંચો કર્યો અને સોનલની સામે જોઈ

મહામહેનતે બોલ્યો, 'માસી, ગામ જાવાની પૈહા આલો ને!' આ એક જ વાક્યનાં અનેક સ્વરૂપો એનાં અસ્તિત્વમાં પડઘાવા લાગ્યાં. એક જ ક્ષણ માટે ઊંચું થયેલું મોં ફરી નીચું થયું, ધરતીનાં બે ફાડિયાં થઈ જવાનાં હોય અને પોતે એમાં સમાઈ જવાનો હોય તેમ તે આંખો મીંચી ગયો, કુહાડીના ફણા પર સતત ફરતા અંગુઠાને ધાર અડી ગઈ... લોહીનું મરૂન રંગનું ટબ્બા જેવું ઘાટું ટીપું ફણા પર આવીને ગોઠવાઈ ગયું. એ જ ક્ષણે કપાળ પરથી અને પાંપણ પરથી એમ એકસાથે બે ખારાં ટીપાં ફણા પર પછડાયાં અને ત્રણેય ટીપાં એકેમેકમાં ભળી ગયાં. અને આમ નારણનું લોહી પાતળું થયું.

સોનલે ગળામાં બાઝેલી ખરેરી માંડમાંડ ખસેડી અને નીચી નજરે કહ્યું, 'હમણાં અમારે પણ ધંધો બંધ છે, ઉછીના પૈસાથી ઘર ચલાવીએ છીએ, રોકડા પૈસા તો મારી પાસે પણ નથી.' આટલું બોલતાં તો તે હાંફી ગઈ. એક અદૃશ્ય કુહાડીના ફણા પર ફરતા તેના અંગૂઠાને પણ ધાર અડી ગઈ. એકસાથે ત્રણ ટીપાં એકઠા થયાં અને સોનલનું લોહી પણ પાતળું પડ્યું.

'વાંધો નહીં માસી... લ્યો તારે જે માતાજી' કહી નારણ ચાલતો થયો. ઝૂંપડી તરફ જતા નારણને અને ડ્રૉઇંગરૂમમાં પ્રવેશતી સોનલને જોઈને ઝાડવું ઝંખવાણું પડી ગયું. એનાં દરેક પાન શરમનાં માર્યાં સંકોચાવાં લાગ્યાં, એની ડાળીઓ કપાઈ જવા માટે ઉતાવળી થવા લાગી પણ બન્ને મનુષ્યો પોતપોતાના ક્રૉસનો ભાર ઉપાડી પોતાના હિસ્સામાં આવેલ ગંતવ્યસ્થાને જવા માટે પગલું ઉપાડી ચૂક્યાં હતાં.

ભરબપોરે બનેલી આ ઘટના અતિસામાન્ય હતી. એ સમયે હજારો લોકોએ આ ઘટના ભજવી બતાવી હતી તેમ છતાં સોનલના મનમાંથી એ ફાંસ નીકળતી ન હતી. એને સમજાતું ન હતું કે આ પીડા શેની છે? બન્ને પક્ષ મજબૂર હતાં એની? બન્ને પક્ષના આત્મસન્માનનાં ચીંથરાં ઊડ્યાં હતાં એની? બન્ને પક્ષ એકબીજા સામે ઉઘાડા પડી ગયા હતાં એની કે પછી બન્ને પક્ષ એક જ સપાટી પર આવીને ઊભા રહી ગયા હતા એની? સોનલનો અંગૂઠો હજુયે ફણાની ધાર પર જ હતો.

હમણાંથી ઘરબંધી હોવાથી એ ઘરમાં રહીને કંટાળી હતી. કશોક નિર્ધાર કરીને એક સાજે મોં પર દુપટ્ટો બાંધીને એ તૈયાર થઈ. પોલીસ રોકશે તો, 'દૂધ લેવા જાઉં છું' એમ કહીશ – એવું વિચારી થેલી હાથમાં લીધી. કબાટમાંથી કબૂતરનાં ચણ અને ગાયના ઘાસ માટે અલગ રાખેલ થોડા રૂપિયા લઈને એ નારણની ઝૂંપડી તરફ ચાલી નીકળી.

પોતાની સોસાયટીમાંથી બહાર આવીને સોનલ ડાબી તરફ વળી. ઍરપૉર્ટ રોડ શરૂ થયો. બન્ને તરફનાં વૃક્ષો પર ઉનાળો ગર્ભવતી મહિલાના વાનની જેમ ખીલ્યો હતો. ગુલમહોર અને ગરમાળો ફૂલવંતાં થવાની હરીફાઈમાં ઊતર્યાં હોય તેમ ફૂલોથી લચી પડ્યાં હતાં. એ બન્નેની જાહોજલાલી જોઈ લીમડો અને પેલ્ટાફોરમ 'અપના ટાઇમ આયેગા' ગાતાં ગાતાં મોજથી લહેરાતાં હતાં. સામાન્ય દિવસ હોત તો સોનલ આ સૌંદર્યના રસપાનમાં સમયનું ભાન ભૂલી ગઈ હોત પણ આજે પોલીસ રોકે તે પહેલાં 'મિશન ઘરવાપસી' પાર પાડવાનું હતું. એ ચાલતી રહી... 'માસૂમ પ્લે હાઉસ' નજીક આવ્યું હળદરિયા રંગે રંગાયેલ એ બિલ્ડિંગની દીવાલો પર ભડકીલા રંગો વડે ગણેશ, સરસ્વતી, મિયાંફૂસકી, મીકીમાઉસ વગેરે દોરેલાં હતાં, બિલ્ડિંગના તોતિંગ દરવાજા પર

લટકતાં વજનદાર તાળાંને જોઈ સોનલથી નિસાસો નંખાઈ ગયો. એણે રોડની સામેની તરફ આવેલા ઝૂંપડાની હારમાળા તરફ નજર ફેરવી. આમાં જ ક્યાંક નારણનું ઝૂપડું હતું એવો આછોપાતળો અણસાર હતો. એ રોડ વળોટીને સામેની તરફ પહોંચી. બેત્રણ ઝૂંપડાંની આડે ઘરધણી વતનભેગાં થઈ ગયાની એંધાણી આપતાં બાવળનાં ઝાંખરાં મુકાયેલાં હતાં, એકાદ ઝૂપડામાં કોઈ વૃદ્ધા ચા બનાવતી હતી, અમુક ઝૂંપડાની બહાર પુરુષો ખાટલા ઢાળીને બીડીઓ પીતા હતા, ક્યાંક વળી જુવાનિયાઓ મોબાઇલમાં આજના કેટલા કેસ આવ્યા એની માહિતી શોધતા હતા, સોનલ ફૂટપાથ પર ચાલતી રહી. એક ઝૂંપડાની બહાર એક દસ-અગિયાર વર્ષની એક છોકરી સામેના પ્લે હાઉસ પર નજર ટેકવીને ઉદાસ ચહેરે ઊભી હતી. સોનલે એને પૂછ્યું, 'અહીંયાં લખમી અને નારણ રહે છે?'

પેલીએ હકારમાં માથું હલાવ્યું.

'ક્યાં છે એનું ઝૂંપડું?'

'એ રયુ ઓલું અધ્ધર.' કહીને છોકરીએ ઉપરની તરફ આંગળી ચીંધી. સોનલને ગુસ્સો આવ્યો. એ જરા ધમકાવતી હોય તેમ બોલી, 'સીધી રીતે કહે ને? ક્યાં છે એનું ઝૂંપડું?'

પેલીએ જરા જોરથી કહ્યું, 'આમ જોવો ઓલ્યા ઝાડવે... અધ્ધર...'

સોનલે બે ઝૂંપડાં પછીના ઝાડ પર જોયું જ્યાં પેલી છોકરીની આંગળી તકાયેલી હતી. એને પોતાની આંખ પર ભરોસો ન બેઠો. એ ઝડપથી પેલી ઝાડની પાસે ગઈ. સુકાયેલાં પાંદડાં અને ઘરડી ડાળીઓ પરનું દૃશ્ય જોઈને એ ઝાડવત્ થઈ ગઈ. એ એકધારું જોઈ રહી. નારણના ઝૂંપડાનો તમામ અસબાબ ઝાડની ડાળીઓ પર ગોઠવાયેલો હતો. એ માની જ નહોતી શકતી કે કોઈનું ઘર આ રીતે ઊર્ધ્વગમન કરી શકે. ઝાડની બરાબર નીચે એક મોટી ચોરસ જગ્યામાં ગારથી લીંપીને ફર્શ બનાવેલી હતી. આસપાસ વાંસની સળીઓ, ફાટેલાં પ્લાસ્ટિક, તૂટેલી દોરીઓ અને નાકમાં ડબલાં બિનવારસી હાલતમાં પડ્યાં હતાં. સોનલની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. ગળે ડૂમો બાઝી ગયો... એ ભફફ દઈને લીંપેલી ભોંય પર બેસી પડી. એણે ધ્રૂજતા હાથે ગાર પર હાથ ફેરવ્યો. લખમીના હાથના આંગળાની છાપ અનુભવાઈ. એ હાથ ફેરવતી રહી... નારણ અને લખમીનાં પગલાંની રજ એની હથેળી તળેથી પસાર થતી રહી. એણે નજરને ઊંચી કરી ઝાડ પર ટેકવી. ઝાડ પરના અસબાબને અનુકંપાથી જોઈ રહી. વીંટો વાળેલ ગોદડાં અને સિમેન્ટની થેલીઓમાં ભરેલી ઘરવખરી મજબૂત ડાળીઓના ટેકે મુકાયેલાં હતાં. ક્યાંક ઘસાઈ ગયેલો શર્ટ તો ક્યાંક લખમીનું ઓઢણું, ક્યાંક પ્રાઇમસ તો ક્યાંક રબ્બરની પાઇપ, ક્યાંક ખોયું તો ક્યાંક રમકડું ડાળીઓ પરથી લળીલળીને પોતાના નધણિયાતા હોવાની સાબિતી આપતાં હતાં. નારણ અને લખમી ગાયબ હતાં પણ ઝાડવા પર નારણનો ઘરસંસાર લટકતો હતો. સોનલને સમજાયું નહીં કે આ ઉથાપન હતું કે ઉલાળિયો?

એ ઊભી થઈ, ઘર તરફ જવા માટે પગ ઉપાડ્યાં. સાવ નીચેની ડાળી પર લોખંડના સળિયામાં ફસાયેલું ધાવણની ગંધ સહિતનું લખમીનું પોલકું ઝૂલતું હતું. ડાળીએ લટકતા

પ્રાઇમસમાંથી હજુયે કેરોસીન ટીપે ટીપે નીતરી રહ્યું હતું. એક લાંબી ડાળ પર લીલા રંગનું ગોદડું પથરાઈને પડ્યું હતું... બરાબર એ જ ડાળ પર લટકતો ઘૂઘરો હવાની લહેરખી સાથે રણકતો હતો. એણે જમીન પર જોયું... એક ખૂણામાં પાણીનું માટલું અને બીજામાં માતાજીની કાચ ફૂટેલી છબી પડી હતી. એ ઊભી રહી ગઈ. ભારોભાર શ્રદ્ધાથી એણે છબીને માટલાના ટેકે ગોઠવી અને હાથ જોડીને બોલી, 'હે ઊંચા ડુંગરે બિરાજેલ માવડી... આ ઊંચા ઝૂંપડાવાળાં બાળકોની રક્ષા કરજો.' પોલીસની જીપનો અવાજ સંભળાતાં જ ઝડપથી ઘર તરફ ચાલવા લાગી. પોતાની શેરીમાં વળતાં પહેલાં એણે ફરી એક વાર ઊંચા આસને સ્થાપિત થયેલ લખમી નારણના ઝૂંપડાને જોયું અને ઘર તરફ વળી ગઈ.

થોડા દિવસો પછીની એક સવાર હતી. ગઈ રાતે જ વિનાશક વાવાઝોડું પસાર થયું હતું. પોતાના આંગણાના વેરવિખેર થયેલા ઝાડને જોઈને સોનલ ગઈ રાતના તાંડવને યાદ કરી રહી હતી. આખી રાત વરસાદ વરસ્યો હતો, વીજળીનાં ડકાલાં વાગ્યા હતાં, વૃક્ષો ધૂણ્યાં હતાં, પવને હો-દેકારો મચાવ્યો હતો. અનેક વર્ષો પછી આવું વાવાઝોડું આવ્યું હતું. કોઈની છત તો કોઈની દીવાલો પડી ભાંગી હતી, ક્યાંક ઝાડ મૂળસોતાં ઊખડી ગયાં હતાં તો ક્યાંક સોલાર પૅનલો ઊડી ગઈ હતી. ચારે તરફ વિનાશ ફેલાયો હતો. પતિ અને બાળકો શહેરની બિસ્માર હાલત જોવા જઈ રહ્યાં હતાં. સોનલે પતિ તરફ જોઈ કહ્યું, 'મારે ઍરપૉર્ટ રોડ તરફ જવું છે.'

'બિલકુલ નહીં. તારે એ તરફ તો જવાનું જ નથી.'

'કેમ?' એ ઝંખવાણી પડી ગઈ.

'તારાથી નહીં જોવાય.'

'પ્લીઝ, એક વાર બસ? જલ્દી આવી જઈશ...' એ રડમસ બની ગઈ.

'તું નહીં જોઈ શકે યાર... તારા ગુલમહોર અને ગરમાળા ખલાસ થઈ ગયાં છે. શિરીષ તો મૂળસોતો ઊખડી ગયો છે અને પેલો લીમડો તો રોડ પર પથરાઈ ગયો છે. તારાથી નહીં સહન થાય... સાચું કહું છું.'

'મને જવા દો ને! હું નહીં રડું કસમથી.'

'સારું, ચાલ... હું આવું છું સાથે.'

'ના, તમે છોકરાઓને લઈને જાઓ.'

અને એ હિંમત ભેગી કરીને ગઈ. એ સાચે જ રડી નહીં. કોરીધાકોર આંખો લઈને પાછી આવી. એ જે દૃશ્ય જોઈને આવી હતી એના વિશે કોઈને કહેવાની તો શું યાદ કરવાનીય હિંમત ગુમાવી બેઠી હતી. એ સવાર પછીની તમામ સવારોમાં એ જીવતી રહી, દિવસો પસાર કરતી રહી, શ્વાસના સાથવારે સમય કાપતી રહી પણ પોતાનું સોનલપણું ગુમાવી બેઠી. આંગણાનું ઝાડ ફરી કોળાયું છે. બેફામ વધ્યું છે. નારણની રાહ છે પણ ઘર-માલિકને નારણ ક્યાંય જડતો નથી.

આજે સોનલ વ્યસ્ત છે. કેટલી બધી તૈયારીઓ બાકી છે અને મુહૂર્તનો સમય નજીક આવી ગયો છે.

'શૈલી, આ થેલો ગાડીમાં મૂક અને હા, આસોપાલવનું તોરણ આવી ગયું?'

'હા મમ્મી.'

'રોહન, આઇસક્રીમનો ઑર્ડર અપાઈ ગયો છે ને?'

'હા મમ્મી.'

'સાંભળો, નીકળતાં પહેલાં પપ્પાની અને માતાજીની છબીને સાથે લેવાની છે હોં?'

'હા, તું તૈયાર થઈ જા હવે જલ્દી. અને હા, અહીંથી મમ્મીને પગે લાગીને બહાર પગ મૂકશું અને ત્યાં મમ્મીનાં પગલાં પહેલાં કરાવીશું.'

'હાસ્તો, મહામારી પછી તેજી આવી અને બૅંકની લોન મળી... એ બધું મમ્મીના આશીર્વાદને જ પ્રતાપે. નહીંતર આપણે વળી બંગલો ક્યાંથી નસીબમાં હોય!'

સોનલે નવા મકાને જઈ પાણિયારા પર પહેલાં ગણપતિ અને પછી ઊંચા ડુંગરે બિરાજેલાં માતાજીની છબી પધરાવી. મગના સાથિયા પર પાણી ભરેલો કુંભ પધરાવ્યો, જુદા જુદા પડિયામાં ગોળધાણા, મગ, લાપસી, પેંડા, સાકર ધરાવ્યાં. દીવો કર્યો અને ભાવથી હાથ જોડીને ઊભી રહી. તેની આંખો આપોઆપ મીંચાઈ ગઈ. એક અપૂર્વ શાંતિનો અનુભવ કરવા લાગી. અચાનક એના મસ્તિષ્કમાં ઝણઝણાટી થવા લાગી, તાળવામાં કડાકો બોલ્યો અને કોઈ ઢાંકણું ખૂલી ગયું. ખૂલી ગયેલા એ અવકાશમાંથી પૂરપાટ પવન ફૂંકાવા લાગ્યો. એના વેગથી સોનલનું આખુંયે અસ્તિત્વ ધૂણવા લાગ્યું. એ આંધીમાં કેરોસીન નીતરતો પ્રાઇમસ, ધાવણની ગંધવાળું પોલકું ઘૂમરાવા લાગ્યાં. બાળકના મૂતરની ગંધ ભરેલું ખોયું અને ઘૂઘરો દૂર દૂર સુધી ઘૂમરાતાં રહ્યાં. માટલામાંથી પાણીનો ધોધ વછૂટવા લાગ્યો, છબીના તૂટેલા કાચની કરચો લોહીઝાણ કરતી અણુએઅણુમાં તાંડવ કરવા લાગી, ઝાડનાં સૂકાયેલાં પાંદડાં ઘૂમરાઈને ચક્રવાત રચવા લાગ્યાં. ઝાડની ડાળીઓ કડડભૂસ કરતી તૂટી તૂટીને ચોતરફ વીંઝાવા લાગી, રબ્બરની પાઇપો સાપની જેમ ફૂંફાડા વળ ખાવા લાગી.

પેલી છોકરી હજુયે સ્થિર ઊભી હતી. 'ક્યાં છે નારણ અને લખમી?'

'જો રયાં અધ્ધર...'

એણે આંગળી ઊંચી કરી આકાશ તરફ ચીંધી. ધીમે ધીમે એની આંગળી લંબાતી રહી... લાંબી થતી થતી આકાશ તરફ આગળ અને આગળ વધતી રહી.

એ પાંચ દિવસો | મોના લિયા વિક્રમશી

ઘરે આવેલાં મહેમાનોની આગતાસ્વાગતામાં રોકાયેલી સરિતા બાથરૂમમાં જવા તલપાપડ થતી હતી. બંને બાજુની શેટી પર બેઠેલાં એ લોકોને એક પછી એક પાણીના ગ્લાસ આપવા એ લથડાતા પગને સ્થિર કરીને ઊભી હતી. એ લોકો વાતોમાં એટલાં પરોવાયેલાં હતાં કે, ટ્રેમાંથી ગ્લાસ લેવામાં પણ વખત લગાવતાં હતાં. એક વખત વિચાર પણ આવ્યો, ચાલને વચ્ચે ટેબલ પર ગ્લાસ મૂકીને દોડી જાઉં બાથરૂમમાં. હાથ લાંબો કરીને પોતે લઈ લેશે. પરંતુ એમ કરવામાં થોડું જોખમ હતું. મહેમાન ગયા પછી સાસુને

કહેવાનો મોકો મળે. એટલે એણે માંડી વાળ્યું.

'લ્યો પાણી', વાતોએ વળગેલી સ્ત્રીને એણે કહ્યું. સાસુ સાથે ચાલતી વાતમાં પોતે નડે નહીં એમ જગ્યા શોધીને ઊભી રહી ગઈ. કિશોર વયની સુધા તરત પાણી ગટગટાવી ગઈ. કદાચ ઘણી વારથી તરસ લાગી હશે.

ખાલી થયેલા ગ્લાસ લઈને રસોડા તરફ જતાં આંગણામાં આવેલા બાથરૂમની દિશામાં જોવાઈ ગયું. બહારથી સ્ટૉપર લગાવેલી હતી. હાશ! અંદર કોઈ ન હતું. ટ્રે પ્લૅટફૉર્મ પર નાખી દઈ પહોંચી જવા એણે પગની ગતિ વધારી.

'એ ચા ચડાવજો વહુ.' ઓસરીમાંથી આવેલા શબ્દોએ એના ગતિશીલ પગને લાકડામાં રૂપાંતરિત કરી નાખ્યા.

ચાવી આપેલા રમકડાની જેમ એણે ચાનું પાણી ઉકાળવા મૂકી દીધું. મનમાં થયું પાણી ઊકળે ત્યાં સુધીમાં જઈને જોઈ શકાય. નકામા દાગ થઈ ગયા તો? શરીર પર વીંટળાયેલી પોપટી સાડી જોઈ. આ રંગ પ્રમાણમાં આછો... ન કરે નારાયણ ને જો પાછળના ભાગમાં લાલચટક દાગ છપાઈ ગયા તો! આખાય ગામમાં બાયું વાતો કરે. સવલીમાં તો મીઠાની તાણ છે. કાલ સવારે છોકરાની મા થશે તોય... કોઈ ખરાબ સ્વપ્ન જોઈ લીધું હોય એમ મોં પર પરસેવાનાં ટીપાં નીતરવા લાગ્યાં. ચાનું પાણી ઊકળીને તપેલીની બહાર આવવા થનગની રહ્યું હતું. દૂધ ઠલવતાં જ ઊભરો શાંત થઈ તળિયે બેસી ગયો.

'ભાભી ક્યાં ખોવાઈ ગ્યાં?' પાછળથી સુધા ક્યારે આવીને ઊભી રહી ખબર ન રહી.

'એ તો અમથું...' સરિતાએ શબ્દો જોડવા પ્રયત્ન કર્યો. કંઈ સૂઝયું નહીં એટલે આજુબાજુ નજર કરી. મનમાં ચાલતી ઊથલપાથલ જાણવાનું કોઈ સાધન હજુ નહોતું શોધાયું. એને હાશકારો થયો. સુધા સામે જોયું. એનું મોં હસું-હસું થતું હતું.

રાજેશ હાથમાં ટુવાલ લઈને બાથરૂમ તરફ જતો હતો. કાશ એને રોકી શકાય? ટેલિપથી કે એવું કંઈક હોય... એની શહેરમાં ભણેલી નણંદ આવી ત્યારે કહેતી હતી. પણ રાજેશને પોતાને...! એ વિચારને ભૂંસી નાખ્યો.

પેટમાં જરા દુઃખાવો શરૂ થયો. એની સજાગતાએ એનો ઉપહાસ કર્યો. પત્યું... હવે ક્યારે પોતાનો વારો આવશે? પાણી આપ્યા પછી ચા બનાવતાં પહેલાં જ કેમ જઈ ન આવી!? માતાજી, હવે તું જ લાજ રાખજે. એના આખા ચહેરા પર કરચલીઓ ઊપસવા લાગી. સખત તાણ અનુભવતાં એણે જોયું, ચા ઊભરાઈને તપેલીની બહાર આવી ગઈ.

'કેટલી વાર સરિતા...' ઓસરીમાંથી સાસુનો અવાજ કાનમાં સળીની જેમ ભોંકાયો. સામે સુધા દાંત કાઢતી હતી.

ચા આપતી વખતે થતી વાતો પરથી એટલું કળાયું, આજે સાત જણની વધુ રસોઈ બનાવવાની હતી. વારેવારે આંખ પેલી તરફ દરવાજાને જોઈ લેતી. બાથરૂમનો અડીકો હજુ અંદરથી બંધ હતો. શહેરમાં રૂમે રૂમે બાથરૂમ હોય એવું સાંભળ્યું હતું. એણે કપાળ પાસે આવી ગયેલી વાળની લટોને કાન પાછળ ધકેલી.

બાથરૂમ ખાલી થવાની રાહ જોયા વિના એ સૂવાના ઓરડામાં આવી. અંદરથી

બારણું વાસી દઈને અડીકું બંધ કરી દીધું. થોડીક ક્ષણો બારણાંને અઢેલીને આમ જ સ્થિર ઊભી રહી. એના ધબકારા વધી ગયા હતા. કસરતના પિરિયડમાં દોડતાં પહેલો નંબર મેળવ્યો હોય એવું લાગ્યું. આગળ આવેલી વાળની લટોને પાછળ લઈ કસીને અંબોડો વાળી નાખ્યો. એણે શરીર ઢીલું મૂકી દીધું. આંખ બંધ કરીને ત્યાં જ બેસી ગઈ. સાડીનો છેડો ખભા પરથી સરકીને કમર પાસે આવી ગયો. થોડી સેકન્ડ આમ જ વીતી ગઈ.

પછી ઊભા થઈને કપડાં કાઢી નાખ્યાં. ચણિયામાં પડેલા લાલ દાગ પર આંગળી ફેરવી... ભીનાશ વર્તાઈ. ફાટી આંખે સરિતા હાથમાં લીધેલાં કપડાં સામે તાકી રહી. સાડીનો પાલવ હાથમાં લઈને આખેઆખી સાડી પર નજર ફેરવવા લાગી. માતાજી, આજ તો આવી જ બનત. કોકે જોયું હોય તો કહેત પરણેલી બાઈને આટલી સમજ ન પડે! ને પોતે ગામ આખામાં વગોવાઈ જાત. કોઈને જવાબ આપવાને લાયક ન રહેત.

ઠંડા પાણીની બૉટલ પર બાઝેલાં પાણીનાં ટીપાંની જેમ નખશિખ ચામડી પર પરસેવાનાં બિંદુ તરી આવ્યાં. બારીના કાચમાંથી ડોકિયું કરતાં તડકા પર એણે પડદો પાડ્યો. ઉપર પંખામાંથી આવતો ખરરરર... ખરરરર... અવાજ એને આશ્વાસન આપતો હોય એમ અચાનક વધી ગયો.

આખી સાડી જોઈ લીધા પછી એને મનમાં હાશ થઈ. સાડીમાં ક્યાંય લાલ રંગ લાગ્યો ન હતો.

‘વહુ, ખીચડી ચડાવજો. સાથે કઢી ને ડુંગળીનાં ભજિયાં.’ સામે જવાબ ન મળતાં સાસુ ફરી તાડૂક્યાં.

‘ક્યાં ખોવાઈ સરિતા...’

જોરજોરથી આવતા આ અવાજ કાનમાં બાવળના કાંટાની જેમ ખૂચતા હતા. એને લાગ્યું પોતે બહેરી થઈ જાય તો કેવું સારું. અસહ્ય પીડામાં વચ્ચે એ માંડ ‘આ રહી...’ એટલું ઉચ્ચારી શકી. હવે આ પેટનો દુઃખાવો પાંચ દિવસ સુધી પીછો નહોતો છોડવાનો. કમર અને પગ પણ આ દિવસોમાં સાથ આપતાં ન હતાં.

આખા ઘરમાં સરિતા દેખાઈ નહીં એટલેડોશી રાજેશના ઓરડા પાસે આવ્યાં.

‘ક્યારની શું કરશ? સરિતા...’ સાસુની બૂમાબૂમ દરવાજે આવી ઊભી હતી.

બારણું ખોલી બહાર આવેલી સરિતાના શરીર પર સાડી જેમ-તેમ વીંટળાયેલી હતી. એના ચહેરાની તંગ થયેલી રેખા સામે જોવાનો વખત ડોશી પાસે ન હતો. એમણે આંખ ઝીણી કરી અછડતી દષ્ટિ નાખી. ‘ચાલ ચાલ હવે, રાજેશ આવ્યો નથી કે બેય જણ ઓયડામાં... વહુઆરુ છો પણ લાજશરમનો છાંટો નથી!’ એક વાર બોલવાનું ચાલુ કર્યા પછી બે વાત સંભળાવ્યા વગર ચૂપ રહે તો સાસુ શાનાં!

‘બાઈ, હું છેટે બેઠી છું.’ એ બહાર કોઈ સાંભળે નહીં એટલાં ધીમા અવાજે બોલીને થોડી દૂર ઊભી રહી.

‘લો તારે ના’વામાં ઝડપ રાખજો.’ બબડતાં ડોશી મંદિર પાસે ગયાં. લાલ કપડું લઈને મંદિર ઢાંકી દીધું.

ઓરડામાં પાછી આવી ત્યારે રાજેશ પલંગ પર સૂતાં સૂતાં ટીવીમાં ચૅનલ બદલતો

હતો. સરિતાએ આવીને ખૂણામાં પડેલો લોખંડનો કબાટ ખોલ્યો. પતરાનો અવાજ આખા રૂમમાં ફરી વળ્યો. કણસાટ વચ્ચેય ઝડપ રાખવી જરૂરી હતી. નાહીને પહેરવાનાં કપડાં અને સેનેટરી નેપ્કિન લઈને એ બાથરૂમ તરફ આગળ વધી. ભગવાનની હારબંધ છબીઓ નીચેથી માથા પર સાડીનો પાલવ નાખી એ પસાર થઈ ગઈ.

માથાબોળ નાહીને બહાર આવી. પાણી સાથે થાક પણ ધોવાઈ ગયો હતો. સાબુની સુગંધ એનાં ભીના વાળમાંથી ટપકતી હતી. એણે મનોમન થોડી હળવાશ અનુભવી. વાળને ટુવાલથી લૂછી લઈ કાંસકો ફેરવ્યો. વારંવાર આગળ આવી જતી લટોમાં પિન ભરાવી. આ ઘરમાં ખુલ્લા વાળ રાખવા અપશુકન મનાતું. બે આઇબ્રો વચ્ચે લાલ ચાંદલો ગમે એટલી ઉતાવળમાં પણ કરવો જરૂરી હતો. એણે અરીસામાંથી રાજેશ તરફ નજર કરી. એ ક્રિકેટનો સ્કોર જોવામાં વ્યસ્ત લાગ્યો. સરિતાએ હોઠ પર હાથ રાખીને ઉધરસ કાધી. વાળની પાંથીમાં સિંદૂર પૂર્યું. એને સ્ટાર પ્લસ પર બપોરે આવતી સિરિયલ યાદ આવી ગઈ. એમાં પતિ તૈયાર થતી પત્નીને છુપાઈને જોતો હોય છે.

'કેટલો વખત સરિતા...' સાસુનો અવાજ વારેવારે ડોકિયું કરતો હતો. બહાર નીકળતાં રાજેશના શબ્દો સંભળાયા, 'થોડો નાસ્તો આપી જજે.' સરિતાએ પાછા વળી રૂમમાં જોયું. ત્યારે રાજેશનું ધ્યાન ટી.વી. તરફ જ હતું.

રસોડામાં સાસુએ થોડી તૈયાર કરી રાખી હતી. 'એ બધા શામજી ફુવાને ત્યાં આંટો મારવા ગયા છે. હીરા ફઈની તબિયત નરમ રહ્યા કરે છે, એટલે મળતાં આવીએ. હમણાં આવતાં જ હશે.' બોલતાં ડોશી ડેલી બહાર ઓટલા પર આવનારની રાહ જોતાં બેઠાં.

સરિતાએ આખા રસોડામાં ચારેબાજુ જોયું. શું કરવું સમજ પડતી ન હતી. ઊભા રહેવાથી થાક લાગતો હતો. રસોઈની વસ્તુઓ લઈ એ જમીન પર બેસી ગઈ. ઝીણી ઝીણી ડુંગળી સમારતાં આંખમાંથી પાણી ટપકતું હતું. ચણાના લોટમાં જરૂરી બધા મસાલા નાખી ભજિયાં માટે રાગ બનાવી. લસણનાં ફોતરાં ખોલવા બેઠી. ભીનું લસણ સાફ કરવામાં સમય બહુ જતો હતો. છોતરાંમાં એક પર એક ઘણાં આવરણો હતાં. એણે નખથી બધાં કાઢી નાખ્યાં. 'સરિતા... નાસ્તો...' રાજેશનો અવાજ. ઓહ ભૂલી જ ગઈ. બિચારા ક્યારના ભૂખ્યા રાહ જોતાં હશે. ફરીથી ઊભાં થવાના વિચારથી નિઃશ્વાસ નખાઈ ગયો.

મમરાની ડિશ રાજેશ સામે મૂકી એ થોડી વાર એમ જ ઊભી રહી. રાજેશનું ધ્યાન કેચ આઉટ થયેલા ક્રિકેટરને જોવામાં હતું. હજુ ગઈ કાલે પેલી સિરિયલમાં નૈતિકે અક્ષરાનો હાથ પકડીને એને પોતાની પાસે બેસાડી દીધી હતી.

બહાર ડેલી પાસે મોટેમોટેથી થતી વાતોનો અવાજ સંભળાયો. બધાં આવી ગયાં હતાં. પલંગ સામે ઊભેલી સરિતાને પ્રશ્ન થયો, પોતે કેમ આટલી વાર સુધી અહીંયાં ઊભી હતી! જતાં જતાં એણે પાછળ વળી રાજેશ સામે જોયું. મમરાથી ભરેલા મોઢે એ ટીવી જોવામાં મશગૂલ દેખાયો. સરિતા રસોડામાં બાકી રહેલું કામ ઝડપથી પતાવવા લાગી. બધા પુરુષોના જમ્યા પછી સ્ત્રીઓ જમવા બેઠી.

રસોડું આટોપી એ થાક ઉતારવા ઓરડામાં ગઈ. રાજેશ ડેલી બહાર ખાટલો

ઢાળીને બેઠેલા પુરુષો સાથે ગપાટાં મારતો હતો. બહારગામથી આવેલી જેઠાણી રડતાં છોરાંને ચૂપ કરાવી સુવડાવવાના કામમાં હતી. ડોશી પોતાની દેરાણીને ગામમાં હમણાં કોનાં લગન લેવાયાં, કોનાં ઘરે છોકરો આવ્યો, કોની છોરી ભાગી ગઈ ને કોના છૂટાછેડા થયા એ સમાચાર ચૂકી ન જવાય એમ યાદ કરી કરી વિસ્તારથી સંભળાવતાં હતાં.

સરિતાએ પલંગમાં પડતું મૂક્યું. એના શરીરમાં જરાય શક્તિ રહી ન હતી. પેટમાં અસહ્ય દુઃખાવો થતો હતો, જે કોઈ પણ ઉપાય વગર સહન કરવાનો હતો. એ લગ્નની શરૂઆતના દિવસોમાં રાજેશના આવવાની રાહ જોતી હતી ત્યારે દિવસ આખો પોતાનાથી વિખૂટો પડેલો પતિ રાતના રાજાની રાણીની જેમ વહાલ કરતો. પછી તો કેટલીય અમાસ-પૂનમ વીતી ગઈ. આ પાંચ દિવસમાં તો રાજેશ મોડો જ આવતો.

એ આમતેમ પડખાં ફેરવતી રહી. કેમે કરી ઊંઘ આવતી ન હતી. રાજેશ આવે ને માથા પર હાથ ફેરવે પછી પોતાના હાલ-ચાલ પૂછે, એટલામાં વાતો કરતાં તો આ દુઃખાવો ભુલાઈ જાય. એની કોણી પર માથું રાખતાં તો પળવારમાં ઊંઘ આવવા લાગે. આવું બધું શક્ય બની શકત જો આ પાંચ દિવસ ન હોય. પણ આ દિવસોમાં ખબર નહીં કેમ એનું વર્તન આટલું બદલાઈ જતું હશે... એણે પ્રશ્નનો ઉત્તર શોધવાનો મરણિયો પ્રયાસ કર્યો. શરીરમાં વીજળીનો કંપ પસાર થઈ ગયો.

દરવાજો ખૂલ્યો. બહારની લાઇટનો અજવાશ અંદર સુધી લંબાયો. રાજેશ ઓરડામાં આવ્યો કે તરત પલંગમાં પડી માથા પર ચાદર ઓઢી લીધી. સરિતાથી ઊંહકાર થઈ જતો હતો.

'આહ...' તીણો અવાજ.

માથા પર ચાદર ઓઢીને સૂતેલો રાજેશ બેપરવાહીથી બોલ્યો, 'બોઉં નખરાં હો તારા તો, જગ આખામાં બૈરાં થતાં જ હશે ને...'

સરિતાની આંખોનાં ખૂણામાં ભેગી થયેલી ભીનાશ ચાદરમાં લુછાઈ ગઈ.

❑

વાર્તા-આસ્વાદ

શિક્ષણજગતની સંવેદનહીનતાનું ‘સંભારણું’

આશકા પંડ્યા

‘હરકાન્ત મલ્કાની આફ્રિકા ગયો નથી’ (પ્ર. આ. 2012) એ વાર્તાકાર જયેશ ભોગાયતાનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. ‘સંભારણું’ આ સંગ્રહની જુદી તરી આવતી વાર્તા છે. આ વાર્તા સૌપ્રથમ ‘ગદ્યપર્વ’માં ઈ.સ. 1992માં પ્રગટ થઈ હતી. આ વાર્તામાં શિક્ષણજગતમાં વ્યાપ્ત જડતા અને સંવેદનહીનતાનું આલેખન થયું છે. વાર્તાકાર વ્યવસાયે પ્રાધ્યાપક છે. શિક્ષણજગતમાં જોવા મળતી સંવેદનહીનતા, જડતા અને વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોની થતી ઉપેક્ષા વિશે અજાણ નથી. વાર્તાનું કથાવસ્તુ કંઈક આ મુજબ છે.

કૉલેજની નજીક જ મોટું સરોવર હોવા છતાં કૉલેજના વિદ્યાર્થીઓને કૉલેજ-કૅમ્પસમાં ચોખ્ખું પીવાનું પાણી મળી રહે તેવી કોઈ સગવડ નથી. તેમણે જાહેર નળ પરથી પાણી પીવું પડે છે. આ મુદ્દે વિદ્યાર્થીઓ અનેક વાર આચાર્ય અને સંચાલકોને રજૂઆતો કરી ચૂક્યાં છે. અંતે કૉલેજમાંથી વિદાય થઈ રહેલાં વિદ્યાર્થીઓ સ્વખર્ચે પાણીની ટાંકી ખરીદીને કૉલેજને ભેટ આપે છે.પરંતુ ટાંકીમાં નળ નથી એ વાતે આચાર્ય ટાંકીને સ્ટોરરૂમમાં મુકાવી દે છે. સંવેદનશીલ અધ્યાપક ટાંકીમાં સ્વખર્ચે નળ મુકાવી આપવાની વાત કરે છે ત્યારે આચાર્ય અધ્યાપકને ધમકાવી નાંખે છે. સરોવરની પાળ પાસે ઊભેલા અધ્યાપકની આંખમાંથી સરતું આંસુ પવનના ઝપાટે ફંગોળાઈ જાય છે ત્યાં વાર્તા પૂરી થાય છે.

‘સંભારણું’ વાર્તા બે-ત્રણ બાબતે ધ્યાન ખેંચે છે. પ્રથમ નજરે વાર્તામાં પાણીની ટાંકીનો જ પ્રશ્ન જ દેખાય પરંતુ વાર્તા તો ટાંકી વડે સંચાલકમંડળ અને આચાર્યની મનોવૃત્તિને તાગે છે. બીજું, સંગ્રહની અન્ય વાર્તાઓની જેમ આ વાર્તામાં રહસ્યનું તત્ત્વ જોવા મળતું નથી. ત્રીજું, સંગ્રહની આ એક જ એવી વાર્તા છે જેનો આરંભ પ્રકૃતિના વર્ણનથી થાય છે. ચોથું, સામાન્ય રીતે આ પ્રકારની વાર્તાઓમાં સર્જક વાસ્તવના સ્થૂળ નિરૂપણમાં સરી જતો હોય છે. પરિણામે વાર્તા બોલકી બની જવાનો ભય રહે છે. જયેશ ભોગાયતા પોતાની આગવી નિરૂપણરીતિના કારણે આ ભયસ્થાન સફળતાપૂવક ઓળંગી ગયા છે. આ ઉપરાંત અન્ય વાર્તાઓમાં જોવા મળતી તેમની બીજી વિશેષતાઓ આ વાર્તામાં પણ જોવા મળે છે. કથનકેન્દ્રની પસંદગી, વિષયને સઘન બનાવે તે રીતે થતું પરિવેશનું નિરૂપણ, ટૂંકા અને માર્મિક સંવાદો, વિગતોનું સૂક્ષ્મ, ચીવટસભર અને સંકેતાત્મક આલેખન તથા વેદનશીલ નાયક – જેવી તેમની લાક્ષણિકતાઓ આ વાર્તાઓમાં પણ જોવા મળે છે.

જયેશ ભોગાયતા ટૂંકી વાર્તાના ઊંડા અભ્યાસી પણ છે. જેનો લાભ વાર્તાકાર જયેશ ભોગાયતાને મળ્યો છે. ‘સંભારણું’ વાર્તામાં કથનકેન્દ્ર ‘હું’નું છે. વાત શિક્ષણ-

જગતની છે તેથી કથક અધ્યાપક હોય તો વાર્તા વધુ પ્રતીતિકર બને. અહીં વાર્તાકથક અધ્યાપક છે. વાર્તાકારે કથક પાસેથી જે કામ લીધું છે તે જોવા જેવું છે. કથક કૉલેજમાં જે પ્રસંગો બને છે તેનો સાક્ષીમાત્ર નથી પરંતુ તે પ્રસંગોમાં સીધેસીધો સંડોવાયેલો છે. બીજા શબ્દોમાં કહીએ તો, કથક સક્રિય છે. 'હું'નું કથનકેન્દ્ર હોવા છતાં 'હું' વિશે – અધ્યાપક વિશેની કોઈ જ માહિતી વાર્તામાં જોવા મળતી નથી. બાકી સામાન્ય રીતે આ પ્રકારનું કથનકેન્દ્ર હોય તો વાર્તાકાર 'હું'ની લાગણીઓ નિરૂપવામાં લપસી પડતા હોય છે. અહીં તો કથક વિદ્યાર્થીઓની વ્યથા-કથા અને શિક્ષણજગતની જડતાની જ વાત કરે છે. એ રીતે કથક તટસ્થ છે. છતાં તે વેદનશીલ છે. શી રીતે? વાર્તાકારે તેને જે કાંઈ જોતો બતાવ્યો છે તે પરથી તેની વેદનશીલતાનો ખ્યાલ ભાવકને મળી રહે છે. ઉદાહરણ જુઓ. પાણીની ટાંકી ઊંચકીને ચાલતા વિદ્યાર્થી નરેશના પગ પર કથકની નજર પડે છે.

'એક મહુડા નીચે હું અને એ ઊભા રહ્યા. એના પગની આંગળીઓ પર ધૂળ જામેલી હતી. સ્લિપરની પટ્ટી સફેદ દોરાથી સીવેલી હતી.' (પૃ. 19).

આ વર્ણન કથકની નજરે થયું હોવાથી વિદ્યાર્થીની ગરીબીની સાથે જ અધ્યાપકની સંવેદનશીલતા પણ દર્શાવે છે. અધ્યાપક માત્ર ભણાવીને જ અટકી જતો નથી. તે પોતાના વિદ્યાર્થીઓની પરિસ્થિતિથી પણ વાકેફ છે. તે જે રીતે વર્ગખંડમાં બેઠેલા વિદ્યાર્થીને જુએ છે તે વર્ણન આ વાતના દૃષ્ટાંત તરીકે જુઓ.

'સતત બીડીઓ પીવાથી બળી ગયેલા કાગળ જેવા હોઠ, પીળાપચરક દાંત. ચહેરા પર સુકાયેલાં ખીલનાં ચાઠાં. પગનાં તાળવાંમાં ઊંડા ચીરા. ઊતરી ગયેલી આંખો. હાંફતી જિજીવિષાનાં ડચકાં.' (પૃ. 21).

અહીં યુવાનીનું જોશ, ઉલ્લાસ, તરવરાટ કે આંખોમાં ભાવિનાં શમણાં નથી. તેના સ્થાને પગમાં ચીરા અને ઊતરી ગયેલી આંખો છે. 'હાંફતી જિજીવિષાનાં ડચકાં.' માત્ર ત્રણ જ શબ્દોમાં વાર્તાકારે કેટકેટલું કહી દીધું છે! જીવન જીવવાની ઝંખના પણ અહીં ભરયુવાનીમાં હાંફી રહી છે. આ વર્ણનો વાંચ્યા પછી પ્રશ્ન થાય કે કારમી ગરીબીમાં સબડતા આ વિદ્યાર્થીઓએ કેટકેટલી તડજોડ કરીને પાણીની ટાંકીની વ્યવસ્થા કરી હશે! આકરી ગરીબીમાં જીવતાં વિદ્યાર્થીઓનું સહેજ પણ મુખર થયા વિના થયેલું આલેખન સહૃદય ભાવકની આંખ ભીની કરી દે છે.

'એક સુગંધી લીલું માંજર' અને 'કલ્યાણજીની મૂર્તિ' વાર્તાનો આરંભ કથકની ક્રિયાથી થાય છે. જ્યારે 'સંભારણું'નો આરંભ સરોવરના વર્ણનથી થાય છે.

'સરોવરના પાણીનો કકળાટ આંખોને આંજી નાંખે છે. સરોવર પરથી વહેતા ઠંડા પવનમાં પ્રવાસીઓ ફર્યા કરે છે. દૂરના પહાડોની છાયા પાણીમાં ઢોળાયા કરે છે. સરોવર હથેળીમાં ઊઘડેલા કમળ જેવું છે.

સરોવરની સામી બાજુ ખાલી નદી. અણીદાર પથ્થરો સાથે ઘસાતો તરસ્યો પવન. નાળાંમાં જોશથી વહેતી હવા કડવી લાગે છે.' (પૃ. 19).

પ્રથમ નજરે આ વર્ણન માત્ર પ્રકૃતિની સુંદરતાનું લાગે. ઉતાવળિયા વાચકને વર્ણન બિનજરૂરી પણ જણાય. પરંતુ આ વર્ણન વાર્તાના વિષયને વળ ચઢાવે છે. પ્રથમ ફકરાથી

જે આબોહવા ભાવકના ચિત્તમાં બંધાય છે તેનો બીજા ફકરા વડે છેદ ઊડે છે. ફિલ્મની પરિભાષામાં કહીએ તો પ્રથમ દશ્યનો અને બીજા દશ્યનો અહીં જક્સ્ટાપોઝ થયો છે. સરોવર, ઠંડો પવન, પાણીમાં પડતી પહાડોની છાયા – આદિથી એક સુંદર દશ્ય રચાય છે. કટ મૂકીને સર્જક બીજા દશ્યમાં સરોવરની સામી બાજુની ખાલી નદી બતાવે છે. 'ઠંડા પવન'ની સામે 'તરસ્યો પવન' અને 'નાળાંમાં વહેતી કડવી હવા' મુકાઈ છે. 'પહાડોની છાયા' ઝીલતા પાણીની વિરોધે 'ખાલી નદી' અને 'અણીદાર પથ્થરો' દર્શાવ્યા છે. આ પ્રકારનો આરંભ ભાવકની જિજ્ઞાસા સંકોરે છે. વાર્તા આગળ વધે ત્યારે ખ્યાલ આવે કે છલોછલ સરોવરની પડખે આવેલી કૉલેજમાં તેના વિદ્યાર્થીઓને પીવાનું પાણી પણ મળતું નથી. 'ખાલી નદી', 'અણીદાર પથ્થરો' અને 'કડવી હવા' એ આચાર્ય-સંચાલકોની સંવેદનહીનતાનો સંકેત બની રહે છે. આ રીતે આરંભથી જ ગૂંથાયેલા સંકેતો સંકલનાને ચુસ્ત બનાવે છે. વાર્તાના અંતે અધ્યાપક સરોવર પાસે ઊભો હોય છે.

'રેલિંગ પાસે ઊભા ઊભા દૂર સુધી ફેલાયેલા સરોવરને જોયા કરું છું. આંખથી ટપકેલું આંસુ પાણીમાં પડવાને બદલે પવનના વમળમાં ફંગોલાયું... મેં આંખો ઢાંકી દીધી.' (પૃ. 24).

સરોવરના વર્ણન દ્વારા પ્રકૃતિની વ્યાપકતા અને તેની વિરોધે શિક્ષણજગતની સંકુચિતતા અને અધ્યાપકની લાચારી વેધક રીતે ઊપસી આવી છે. પવનના વમળમાં ફંગોળાતું આંસુ - એ કાવ્યાત્મક વિધાન વાર્તાના સંદર્ભે જોતાં વેદનશીલ અધ્યાપકની ચેતના પર પડેલા ઉઝરડા દર્શાવે છે. અંતે અધ્યાપક આંખો ઢાંકી દે છે. અધ્યાપકની આ ચેષ્ટા તેની લાચારીની સાથે જ આ જડતાને ભૂલી જવાની – જડતામાંથી છૂટવાની મથામણ પણ સૂચવે છે.

સમયની દૃષ્ટિએ જોઈએ તો વાર્તામાં બે દિવસનો સમય છેઃ કૉલેજના વિદ્યાર્થીઓના વિદાયસમારંભનો દિવસ અને સમારંભ પછીનો બીજો દિવસ. આ બે દિવસ ઉપરાંત અધ્યાપકના કૉલેજનાં સંસ્મરણો અને અધ્યાપકના ઘરે આવેલા વિદ્યાર્થીઓની હૈયાવરાળ રજૂ કરતો પ્રસંગ પણ વાર્તામાં છે. અધ્યાપકની સ્મૃતિઓ વડે કૉલેજનું વર્ણન, પીવાના પાણીની વાતે આચાર્ય અને સંચાલકમંડળ સામે રજૂઆત કરતા વિદ્યાર્થીઓની વાત રજૂ થઈ છે. વાર્તાના આરંભે સરોવરના સુંદર વર્ણનની સામે ખાલી નદીનું વર્ણન વિરોધ રચે છે. તે જ રીતે વિદાયસમારંભના દિવસે પાણીની ટાંકી ભેટ આપતાં વિદ્યાર્થીઓનો ઉલ્લાસ અને બીજા દિવસે ટાંકીને સ્ટોરરૂમમાં મૂકી દેવાની આચાર્યની ચેષ્ટા વિરોધ રચે છે. એ જ રીતે સંસ્મરણોની ગૂંથણી પણ સુંદર રીતે થઈ છે.

કથકની નજર નરેશની સ્લિપરની પટ્ટી પર પડે અને તરત તેની સ્મૃતિમાં તેના ઘરે આવેલાં વિદ્યાર્થીઓનું દશ્ય તરવરી રહે. 'સ્લિપરની પટ્ટી સફેદ દોરાથી સીવેલી હતી.' કટ. બીજું દશ્ય ઘરની જાળી પાસે પડેલાં બૂટ-ચંપલ.

'ઘરની જાળી પાસે ત્રીસ-ચાલીસ જોડી બૂટ-ચંપલ આમતેમ વેરાયેલાં પડ્યાં હતાં.' (પૃ. 19).

આ વર્ણન બીજી રીતે પણ અગત્યનું છે. ઘરે આવેલાં વિદ્યાર્થીઓને અધ્યાપક કહે

છે, 'તમને બધાંને ત્રણ-ચાર વર્ષથી હું જાણું છું. વર્ગમાં તમે કશું બોલતાં નથી. પણ આ મારું ઘર છે. મેં તમને બધાંને પોતાનાં સમજી બોલાવ્યાં છે... તમે કશુંક બોલો.' (પૃ. 19-20).

વિદ્યાર્થીઓની ચૂપકીદી તેમની શિસ્ત નહીં પણ આચાર્યના નિયંત્રણને સૂચવે છે. ભય અનુભવતાં વિદ્યાર્થીઓ પોતાની લાગણી કૉલેજની બહાર – અધ્યાપકના ઘરે વ્યક્ત કરે છે. કૉલેજ-કૅમ્પસનું વાતાવરણ કેવું સંકુચિત છે તેનો ખ્યાલ અહીં આવી જાય. ટાંકીના પ્રસંગે આ દબાણ, આ સંકુચિતતા અધ્યાપકની સાથે ભાવક પણ અનુભવે છે.

આ દબાણ કેવી રીતે ઊભું કરવામાં આવે છે તેને પણ સર્જક દર્શાવે છે. વિદ્યાર્થીઓ પહેલાં આચાર્યને રજૂઆત કરે. ટાંકી નહીં તો છેવટે માટલાં મુકાવો એવી વિદ્યાર્થીઓની માંગણીને 'માટલાં કૉલેજમાં ન શોભે' કહીને આચાર્ય નકારી દે. આચાર્ય મંડળ પર જવાબદારી ઢોળી દે. વિદ્યાર્થીઓ મંડળની ઑફિસે પહોંચે ત્યાં સંચાલક નરેશને કહી દે છે, 'જો તારે પાણી પીવું હોય તો અહીં ઑફિસમાં આવી પી જજે. આ ટાંકી દેખાય છેને?' (પૃ. 22). આગેવાન જેવા એક વિદ્યાર્થીને સાચવી લઈ આખી વાત રફેદફે કરી નાંખવાની સંચાલકની વૃત્તિ શૈક્ષણિક સંસ્થાઓમાં જોવા મળતી સામૂહિક જડતાને દર્શાવે છે. પ્રશ્નનું નિરાકરણ લાવવાના બદલે પ્રશ્નને ગૂંચવી મારી, ચકડોળે ચઢાવી દેવાની આખી રમત અહીં ઉઘાડી પાડી છે. આ રમત વડે જ દબાણ અને નિયંત્રણ રાખવામાં આવે છે.

ચેષ્ટાઓ અને માર્મિક સંવાદો આ વાર્તાનું જમા પાસું છે. જેમ કે, વિદાયસમારંભમાં ભાષણ આપ્યા પછી પાણીનો આખો ગ્લાસ ગટગટાવી જતા સંચાલક. વાર્તાકાર સંચાલકનું આખું ભાષણ ન લખતાં તે પૈકીનું એક જ વિધાન લખે છે. 'જીવનમાં જે તકો આવે છે તે ગુમાવશો નહિ.' (પૃ. 22). આખી વાર્તાના સંદર્ભે – ખાસ તો શિક્ષણજગતના સંદર્ભે આ વિધાન કેવું વક્રતાસૂચક બની રહે છે! વિદ્યાર્થીઓને તક મળતી નથી અને જો તેઓ તક ઊભી કરવા જાય તો તેમને ટકવા દે તેવી આ સિસ્ટમ નથી. સ્ટોરરૂમમાં પડી રહેતી ટાંકી જેવી જ દશા આ સિસ્ટમ વિદ્યાર્થીઓની કરે છે.

વાર્તામાં આચાર્ય અને અધ્યાપકના બાહ્ય દેખાવનું વર્ણન નથી. માત્ર સંવાદો વડે જ બંનેના વ્યક્તિત્વમાં રહેલું જુદાપણું સુરેખ રીતે સર્જકે દર્શાવી દીધું છે. લંબાણભયે પણ આ સંવાદ જોવા જેવો છે.

'બંને હાથની આંગળીઓ એકબીજા વચ્ચે ભીડીને આચાર્ય બોલ્યા,

ધ્યાનથી સાંભળો. એ ટાંકીમાં નળ ક્યાં છે? એટલે હાલ રાખવાનો કશો અર્થ નથી. આપણે નવા સત્રથી એમાં નળ ફિટ કરાવી દેશું.

પણ નળ વગર શું પાણી ન પી શકાય?

પાણી ઢોળાય ને! ગંદકી થાય. તમે તો જાણો છો.

મને એ ટાંકી આપો. અત્યારે જ નળ મુકાવી આવું છું.

એ ટાંકી પર તમારો કશો જ હક નથી, સમજ્યા? કૉલેજના વિદ્યાર્થીઓની અમાનત છે. એની જાળવણી કરવી મારી ફરજ છે. તમે જઈ શકો છો.' (પૃ. 23-24).

આ સંવાદની સમાંતરે વિદ્યાર્થીઓને આચાર્ય જે જવાબ આપે છે તે પણ નોંધવા

જેવો છે. 'મંડળ ખર્ચ આપશે તો હું ચોક્કસ ટાંકી મુકાવી દઈશ.' સંવાદમાં રહેલા વક્રતા નોંધવા જેવી છે. 'મંડળ ખર્ચ આપશે' કહીને આચાર્ય જવાબદારીમાંથી છટકી જાય છે. મંડળ ખર્ચ આપે તો 'હું મુકાવીશ' એમ કહેવાનો શો અર્થ? આચાર્યના આ સંવાદની સાથે અધ્યાપકનો આ સંવાદ સરખાવવા જેવો છે. 'મને એ ટાંકી આપો. અત્યારે જ નળ મુકાવી આવું છું.' આચાર્યના સંવાદમાં રહેલો 'હું' તેના વ્યક્તિત્વનું ખોખલાપણું સૂચવે છે. અધ્યાપકના વિધાનમાં 'હું' નથી પણ 'જ' છે. આ નાનકડો 'જ'કાર અધ્યાપકની વિદ્યાર્થી-પ્રીતિ અને સંવેદનશીલતાને ભારપૂર્વક રજૂ કરે છે. 'ટાંકીમાં નળ ક્યાં છે?' આ પ્રશ્નમાં રહેલો કાકુ જુઓ. પ્રશ્નમાં રહેલો નકાર પછીના વિધાનમાં – 'કશો અર્થ નથી' આ શબ્દોથી નક્કર બને છે. ત્રીજા વિધાનમાં નળ ફિટ કરાવવાની વાત કરતા આચાર્ય સ્વખર્ચે નળ મુકાવવા તૈયાર અધ્યાપકને ધમકાવી નાંખે. આચાર્યની વર્તણૂકમાં રહેલા વિરોધાભાસને સર્જકે સંવાદના વિરોધાભાસથી દર્શાવ્યો છે. એ જ રીતે આચાર્યના અંતિમ સંવાદમાં આવતો 'જ'કાર, 'વિદ્યાર્થીઓની અનામત' અને 'મારી ફરજ' જેવા શબ્દો તેની નિયંત્રણની વૃત્તિને (કૉલેજને બાપીકી જાગીર સમજવાની આચાર્યની માનસિકતાને) દર્શાવે છે.

અહીં પાણીની ટાંકી વિદ્યાર્થીઓ અને અધ્યાપકની સંવેદનશીલતા દર્શાવે છે. બીજી તરફ એ જ પાણીની ટાંકી આચાર્ય અને સંચાલક મંડળની સંવેદનહીનતા અને સત્તાના ખોખલા દમામનો સંકેત બની રહે છે. વાર્તાના અંતે એ ટાંકી સ્ટોરરૂમમાં પડી રહે છે. અહીં ટાંકી એ નિષ્ઠુર સંચાલકમંડળ અને આચાર્યનું 'સંભારણું' બનીને સંવેદનશીલ અધ્યાપકની (ભાવકની પણ) સ્મૃતિમાં જડાઈ જાય છે.

સંદર્ભ :

1. 'હરકાન્ત મલ્કાની આફ્રિકા ગયો નથી', જયેશ ભોગાયતા, લજ્જા પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, 2012
2. 'Understanding Fiction', Cleanth Brooks, Robert Penn Warren, Prentice-Hall, Inc., Englewood Cliffs, New Jersey, Third Edition.

❑

નિબંધ

સોનાર કેલા

અભિજિત વ્યાસ

કોઈ પરીકથામાં હોય તેવું આ શીર્ષક છે.

સોનાનો કિલ્લો તે કાંઈ હોય?!

'મેકેનાઝ ગોલ્ડ' નામની એક અંગ્રેજી ફિલ્મ જોયેલી. મુંબઈના સ્ટ્રેન્ડ સિનેમામાં જ્યારે આ ફિલ્મ જોઈ ત્યારે તેનાથી બહુ પ્રભાવિત થઈ ગયો હતો. એ સમયે જે ફિલ્મો જોયેલી તેમાં આ ફિલ્મ 'મેકેનાઝ ગોલ્ડ' બહુ ગમેલી તેના અનેક કારણો છે. એક તો ગ્રેગરી પેક અભિનેતા તરીકે ગમતો (તેની ફિલ્મ 'ગન્સ ઑફ નેવેરોન' અને 'રોમન હોલિડે' પણ બહુ ગમેલી), ફિલ્મની ફોટોગ્રાફી બહુ સરસ હતી અને છેલ્લે ધરતીકંપનાં જે દશ્યો જોવા મળે છે તે ટ્રિકસીન બધા બહુ ગમેલા. તે સમયે કમ્પ્યૂટર નહોતા. તોપણ બહુ અદ્‌ભુત દશ્યો રજૂ થયાં હતાં. આમ ફિલ્મ ગમેલી એટલે બે-ત્રણ વાર જોયેલી.

પણ 'સોનાર કેલા' તો ભારતીય નામ છે. બંગાળી ફિલ્મ છે.

ફિલ્મ 'સોનાર કેલા' પ્રસિદ્ધ ફિલ્મદિગ્દર્શક સત્યજિત રાયનું સર્જન છે. જેનું શૂટિંગ રાજસ્થાનના જેસલમેરમાં થયું છે.

જેસલમેર એ રાજસ્થાનનું એક શહેર છે. રાજસ્થાન એટલે રણપ્રદેશ. પણ સાવ એવું નથી. રાજસ્થાનમાં ભરતપુર એ પંખીઓનું અભયારણ્ય પણ છે અને ત્યાં અનેક વિવિધ જાતનાં પંખીઓ માણસોને જોવા, સહેલાણી કરવા આવે છે. સામાન્ય રીતે રાજસ્થાન ફરવા જવા માગતા લોકો ઉદેપુર, જયપુર, ચિતોડગઢ કે જોધપુર જેવાં શહેરોમાં ઐતિહાસિક ભવ્યતા જોવા જાય છે. પંખીઓ જોવાનો શોખ જેમને છે તેઓ ભરતપુર જેવા શહેરમાં જાય છે. તો જેમને જાત્રા કરવી છે તે બધાં નાથદ્વારા જાય છે. પણ આ બધાંમાં જોવા જેવું કોઈ શહેર હોય તો તે જેસલમેર છે. જેસલમેરની નજીક રેતીના ઢૂવાઓ જોવા મળે છે. નૅશનલ સેન્ડ્યુલ્સ પાર્ક તરીકે ઓળખાતું આ સ્થળ જેસલમેરથી નજીક આવેલું છે. અને એક શહેર તરીકે જેસલમેર અત્યંત નયનરમ્ય છે. આમ પણ પશ્ચિમ ભારતનું એ છેલ્લું શહેર છે. પછી લગભગ સિતેર કિલોમીટર બાદ બીજા દેશની સરહદ શરૂ થાય. એટલે વ્યૂહાત્મક રીતે પણ જેસલમેરનું મહત્ત્વ અનેકગણું છે.

આપણા કેટલા બધા સર્જકોએ જેસલમેર પર સર્જનો કર્યાં છે. આ સર્જકોમાં બધાં જ માધ્યમોના સર્જકોને સમાવી શકાય. જેમણે નથી કર્યાં તેવા સર્જકોએ પણ જેસલમેરથી તો પ્રભાવિત થયા જ છે. જેમણે એક વખત જેસલમેર જોયું હોય તે આ શહેરને ભૂલી ન શકે. પછી તે ચિત્રકાર કે શિલ્પકાર હોય, ફોટોગ્રાફર કે ફિલ્મસર્જક હોય, સાહિત્યકાર કે

સંગીતકાર હોય, જેસલમેરથી તે ચોક્કસપણે પ્રભાવિત થશે જ. જેસલમેરની માટી જ સોનાની છે. તેને જે રીતે ઘડીએ તેમ આકાર પામે છે. આપણા કેટલા બધા ફિલ્મ-દિગ્દર્શકો આ પ્રદેશથી આકર્ષાઈને અહીં શૂટિંગ કરવા આવ્યા છે તે આપણી અનેક ફિલ્મોમાં જોવા મળે જ છે. આપણા જગપ્રસિદ્ધ 'સોનાર કેલા' અને 'હિરક રાજર દેશ' અને 'ગોપી ગાયે બાઘા બાયે'નુ કેટલુંક શૂટિંગ જેસલમેરમાં થયું છે.

જેસલમેરની મજા એનો કિલ્લો ઉપરાંત સમગ્ર શહેર પણ છે જ. સવારના કૂણા તડકામાં કે સંધ્યાના મદમસ્ત થઈ ચૂકેલા અજવાળામાં જેસલમેરના કિલ્લાને જોવો કે તેની આસપાસ ફરવું તે તો જાણે સોનાની ખાણમાં ફરવા જેવું લાગે. તડકાથી કિલ્લો નહીં પણ તડકો કિલ્લાથી શોભતો હતો. અદ્‌ભુત કોતરણીથી શોભતા ઝરૂખા, ફક્ત કિલ્લામાં જ નહીં, જેસલમેરનાં અનેક ઘરોમાં જોવા મળે. સ્થાપત્યના અને શિલ્પકળાના અભ્યાસુઓ માટે તો આ શહેર અનેક રીતે આકર્ષક છે. જેસલમેરનાં મકાનોની બાંધણી જ કંઈક વિશિષ્ટ જોવા મળે છે. તેમાં પણ બારીદરવાજાઓનું સૌંદર્ય તો અનેરું. એ બધાંમાં કોતરણી હોય અને તે એટલી બધી સુંદર હોય કે તેના અજાણ સર્જકને માટે માન થઈ આવે. કોઈ પણ રસ્તામાં કે ગલીમાં ફરવા નીકળી પડો અને તમને કેટલાંય આકર્ષક સ્થળો જોવા મળશે જ. તેમાં પણ પટવાઓની હવેલીઓ તો અદ્‌ભુત. એ જેટલી જોવા જેવી છે તેટલી જ આપણા લોકોએ તેને બગાડી પણ છે. એટલે એ જોતાં આનંદ થાય છે તેટલો જ આપણા લોકોની આદતો જાણી દુ:ખ થાય છે. આપણે પ્રજા તરીકે આપણી જ વિરાસત પ્રત્યે કેટલા બેદરકાર છીએ તે અહીં શરમપ્રદ રીતે જોવા મળે છે. ધૂમકેતુએ પેલી વાર્તા 'વિનિપાત' કંઈ અમસ્તું જ નથી લખી.

એક વખત રાજસ્થાનની ફોટોગ્રાફીની સફરે ગયેલો ત્યારે જેસલમેર ચારેક દિવસ રહેલો. ડિસેમ્બર મહિનાની ઠંડીના દિવસો હતા. રણની રાત તો આમ પણ ઠંડી. દિવસ પણ વહેલો આથમી જાય. એટલે ફરવાનું પણ આયોજનપૂર્વક. આખું જેસલમેર એટલું બધું દશ્યમય છે કે જ્યાં નજર કરીએ ત્યાં ક્લિક કરી શકાય. આ શહેર પર આપણા અનેક કવિઓએ કવિતાઓ લખી છે તે પણ આ દશ્યોના પ્રભાવે જ. આ કવિઓને યાદ કરીએ તો રઘુવીર ચૌધરી, યોગેશ જોશી અને ગુલામ મોહમદ શેખનાં નામ તુરત જ યાદ આવે. બીજાઓએ પણ કંઈક લખ્યું હશે. પણ આ તો તુરત જે નામ યાદ આવ્યાં તે ટપકાવ્યાં. કવિ યોગેશ જોશી તો એમની કવિતામાં આ જેસલમેરના કિલ્લાના ઝરૂખા વિશે કહે છે, 'ને તે છતાંયે / ઝરૂખા છે...! / હવામાં ઝૂલતા ઝરૂખાઓ / ઝરૂખામાં ઝૂરે – / ઊંડે ઊતરી ગયેલી / ઝાંખ વળેલી / ટમટમતી આંખો...!'

જેસલમેરથી જ સેન્ડ-ડ્યૂન (Sand-dune) તરીકે ઓળખાતા રેતીના ઢૂવાઓ જોવા જઈ શકો. ડિસેમ્બરના દિવસો હતા એટલે હું જેસલમેરમાં ફરતા ફરતા મારી ઘડિયાળ જોતો રહ્યો હતો. મારે અહીંના સૂર્યાસ્તનો સમય નોંધવો હતો. કારણ કે મારી ઇચ્છા બીજા દિવસે જ્યારે હું એ સૅન્ડ-ડ્યૂન જાઉં ત્યારે ત્યાં ફોટોગ્રાફી કરવાની ઇચ્છા હતી. જેસલમેરમાં બધે રખડતા–ભટકતા પેલા રાજસ્થાની આતિથ્યનો અનુભવ થતો જ રહેતો હતો, 'કેસરિયા બાલમા, પધારો મારે દેશ'. રાવણહથ્થો કે સારંગી જેવા વાદ્ય સાથે ત્યાં અનેક લોકોને રાજસ્થાની ગીતો ગાતાં સાંભળ્યાં. 'માંડ'ના સ્વરો તો આ ગીતોમાં સાંભળવા

મળે જ.

બીજા દિવસે સવારના પહોરમાં આસપાસના પરિવેશને ધમરોળવા નીકળી પડ્યો. જેસલમેરના આ પરિવેશને જોતાં અનેક ફિલ્મોનાં દૃશ્યો યાદ આવ્યાં. ખાસ તો ડેવિડ લીનનું 'લૉરેન્સ ઑફ અરેબિયા' યાદ આવ્યું. આ ફિલ્મમાં આપણા ભારતીય અભિનેતા આઈ. એસ. જોહરે અભિનય કરેલો છે. એ જ્યારે રણમાં ચાલતો હોય છે ત્યારની સીક્વન્સ બહુ સ્મરણીય છે. અલબત્ત આ ફિલ્મ તો અરબસ્તાનની ભૂમિ ઉપર સર્જાયું છે પણ તેમાં પરિવેશ તો રણનો હોઈ યાદ આવી ગયું. આપણી કેટલી બધી હિંદી ફિલ્મોમાં આ જેસલમેરની આસપાસનો પરિવેશ કંડારાયો છે તેમાંનાં કેટલાંક દૃશ્યો યાદ આવ્યાં. ફિલ્મ 'રેશ્મા ઔર શેરા' અહીં સર્જાયું છે અને તેની તો વાર્તા પણ તળપ્રદેશની હતી. અને હા, તેનું પેલું પ્રખ્યાત ગીત 'તું ચંદા મૈં ચાંદની...'માં રાગ માંડના કેટલા બધા સ્વરો સાંભળવા મળે છે. વહીદા રહેમાન રાજસ્થાની પરિધાનમાં કેવી સુંદર લાગે છે તે જોવા તો ફિલ્મ જોવી રહી. તો ફિલ્મ 'લમ્હે'ને પણ યાદ કરવી રહી. તેનું પેલું પ્રખ્યાત ગીત 'મોરલી બાગામાં બોલે' શ્રીદેવી પર અહીં જ ફિલ્માવાયેલું છે. આ બંન્ને ગીતો કેટલાં સરસ અને કર્ણપ્રિય છે.

રાજસ્થાન એટલે રંગોનો પ્રદેશ એમ કહું તોપણ ચાલે. અહીંના લોકો અને તેમાં પણ ખાસ કરીને સ્ત્રીઓ તો અદ્ભુત રંગબેરંગી કપડાં પહેરે. અને એ બધા રંગો તેમને શોભે પણ ખરા. રાજસ્થાની સ્ત્રી બીજા રાજ્યની સ્ત્રીઓથી થોડી જુદી તરી આવે તેનું કારણ તેમનું કાઠું છે. તેઓ સુંદર પણ એટલી જ. અને ખાસ તો તેમની આંખો અત્યંત આકર્ષક કે નજર મળતાં જ એમાં ગરક થઈ જવાય. તે કેવા, ગોત્યા પણ ન જડીએ. આપણને જ જાણે એમ થાય કે ભાન ભૂલ્યા કે શું! અને તેમાં પણ એ ગાતી કે નૃત્ય કરતી હોય ત્યારનો તેનો ઠસ્સો... 'કેસરિયા બાલમા, પધારો મારે દેશ', જેસલમેરમાં આવાં દૃશ્યો તમને અનેક જગ્યાએ જોવા મળે.

જેસલમેર એ જેટલું બહાર દેખાય છે તેટલું જ મારા મનમાં વસેલું છે. એક એવો વિચાર પણ આવે કે આ શહેરના રાજવીએ સોનાનો કિલ્લો બાંધ્યો છે. તે કેટલાં વર્ષોથી ઝળહળે છે. જેસલમેરનો સોનાનો કિલ્લો સમગ્ર વિશ્વમાં આપણી કલાસમૃદ્ધિનું શિખર છે.

❑

અમ્મી – લેટર ટુ અ ડેમૉક્રૅટિક મધર

રમેશ કોઠારી

જાણીતા ફિલ્મસર્જક સઇદ મિરઝાલિખિત પુસ્તક 'અમ્મી – લેટર ટુ અ ડેમૉક્રૅટિક મધર' આપણને એકાધિક કારણોસર સ્પર્શી જાય છે. મૃત જનની અને તેની સાથે જોડાયેલાં સ્મરણોને વાગોળતાં જતાં, અમ્મી સાથે સંવાદ રૂપે લખાયેલું હોઈ, ભલે તેને 'પત્ર' તરીકે ઓળખાવવામાં આવ્યું હોય પણ તે આત્મકથા, ચરિત્ર, ટૂંકી વાર્તા, કવિતા, નિબંધ – ન જાણે કેટલાંય સ્વરૂપોમાં પદાર્પણ કરતું જણાય છે. દેખીતી રીતે જ, આ એ નવતર પ્રયોગ હોઈ ધ્યાનાર્હ બની રહે છે. અહીં લેખક સ્થૂળ ઘટનાઓનું આલેખન એટલી કુશળતાથી કરે છે કે જેથી વાચકને પાત્રોના નિજી વિશ્વની, તેમની સંવેદનાઓની, એકમેક માટે અપાર લાગણીઓની, પરસ્પરને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવાની, કોઈ ગેરસમજ માટે અવકાશ ન રાખવાની વૃત્તિનો ખ્યાલ આવે છે.

અમ્મીના જીવનની છેલ્લી ક્ષણો વેળા, તેમની પાસે ન હોઈ શકવા બદલ સઇદ મિરઝા, સહજપણે દુઃખ અને અપરાધબોધ અનુભવે છે. તેમની ચિરવિદાય પૂર્વે, અમ્મીનો અવાજ સાંભળવા ન મળ્યો અને ઘણુંબધું કહેવાનું બાકી રહી ગયું તેની અકથ્ય પીડા તેમને કોરી ખાય છે. અમ્મી જાગ્રત મહિલા હતાં અને ઉર્દૂ અખબારોનાં વાચન તેમજ ટીવીના માધ્યમથી, વૈશ્વિક પ્રવાહોથી પોતાની જાતને વાકેફ રાખતાં હતાં. એટલે સઇદને લાગે છે કે અમ્મીના અવસાન બાદ પણ, તે જે જગતમાં આયખું વિતાવીને આવ્યાં છે, તેની અદ્યતન માહિતી મળતી રહેવી જોઈએ. આ એમનો પુત્રધર્મ હતો.

મિરઝા સ્વયં બુદ્ધિવાદી હોવા છતાં, જ્યાં નિર્ભેળ વાત્સલ્યની વાત હોય ત્યાં બીજું બધું ગૌણ બની જાય છે. પોતે અમ્મીને સંબોધીને જે કહેવા જઈ રહ્યા છે તેનો પડઘો જરૂર પડશે. અમ્મીના ફોટા પાસેથી પસાર થતાં, તેમને સંબોધીને કહે છે, 'સલામ, આલેકુમ, અમ્મી...' અને ધીમેથી જાણે સાંભળવા મળે છે, 'વા અલિકુમ-અસસ્લામ.'

યાદ આવે છે પોતાની ત્રણ વર્ષની વયે, અમ્મી દ્વારા સ્નાન કરાવતાં મળતો આનંદ અને એના બોલાયેલા શબ્દો,

'સઇદ સા'બ બન ગયે જેન્ટલમૅન
દો પૈસે કી ઘડી લગાઈ, તીન પૈસે કી ચેન'

લેખક નસરત-જહાંઆરાની પ્રેમકહાનીની રોચક વાત કહે છે. નસરત સામાન્ય પરિવારનો પણ અખૂટ આત્મવિશ્વાસ ધરાવતો શિક્ષક. પણ જહાંઆરા સંપન્ન પરિવારની, લાડકોડમાં ઊછરેલી દીકરી. પરિવારની ચિંતા અને વિરોધને અવગણીનેય જહાંઆરા, નસરતને અપનાવે છે અને કોઈ પણ પડકારને પહોંચી વળવા, નસરતનું મનોબળ ટકાવી

રાખવા સતત તેની પડખે રહે છે.

જહાંઆરાનું દૃષ્ટાંત પુરવાર કરે છે કે, વ્યક્તિ પાસે શું છે તેના આધારે નહીં પણ તે શું કરી શકવાની ક્ષમતા ધરાવે છે તેના આધારે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

સઇદ મિરઝા ઘરઆંગણે અને બાહ્ય વિશ્વમાં આકાર પામેલી પ્રમુખ ઘટનાઓથી અવગત કરે છે. નેલ્સન મંડેલાને મુક્તિ, તેમનો દેશ અને લોકો સ્વતંત્ર, બાબરી મસ્જિદના ધ્વંસ બાદ ફાટી નીકળેલાં તોફાનો, ગુજરાતમાં દલિતો પર અત્યાચાર, અમેરિકા દ્વારા ઇરાક અને અફઘાનિસ્તાન પર આક્રમણ – શાસક પક્ષોને ઉથલાવી પડાય, કાશ્મીરમાં ધરતીકંપ – આવી અનેક બાબતોની જાણકારી આપે.

સઇદ પત્ર લખે, પોતાના હૃદયમાં જે કંઈ છે, તેને વ્યક્ત કરવા પત્ર લખે. ભલેને ગમે તે ભાષામાં લખે, પણ લખે તે માટે અમ્મીનો આગ્રહ. આજે તો અતિશયોક્તિનો દોષ વહોરીનેય કહેવું પડે તેવું છે કે કોઈનેય પત્ર લખવાની પડી નથી, ફાવતું જ નથી. મોબાઇલથી ચાલતું હોય તો લખવાનો શ્રમ શા માટે? પણ પત્ર એ પત્ર છે. There cab be no substitute. મિરઝાની અમ્મી અને ધૂમકેતુના પાત્ર અલી ડોસાના વંશમાં વૃદ્ધિ થાઓ.

આ પુસ્તકનાં ત્રણ પ્રમુખ પાત્રો – સઇદ મિરઝા, અમ્મી અને અબ્બાનો એકસાથે વિચાર કરતાં નતમસ્તક થઈ જવાય છે. કરુણા, પરિપક્વ સમજ. સંવેદનશીલતા છેવટે કોઈ વર્ગવિશેષ કે ધર્મવિશેષનો ઇજારો નથી. આપણને કદાચ ખબર પણ ન હોય એટલી ભલી વ્યક્તિઓ આપણી આસપાસ શ્વસી રહી છે... બાબરી મસ્જિદના ધ્વંસને કારણે ફાટી નીકળેલાં રમખાણોની તપાસ માટે જસ્ટિસ શ્રીકૃષ્ણ સ્વયં રૂઢિચુસ્ત હિંદુ હતા, પરિવારમાં ધાર્મિક આચારવિચારનું પાલન થતું હતું. છતાં અંગત માન્યતાઓ, લાગણીઓથી દોરવાયા વિના એમણે તટસ્થ અહેવાલ આપ્યો, જેનો અમલ થયો નહીં.

સઇદ મિરઝા ફિલ્મ નિર્માણ સાથે સંકળાયેલા હોઈ, દેશના અંતરિયાળ વિસ્તારોની મુલાકાત પણ લેવી પડતી હતી. આના કારણે, કેટલાંય દલિત, શ્રમિક, છેવાડાના પરિવારોની હાલાકી અને શોષણનો પ્રત્યક્ષ પરિચય થયો. આટઆટલી વ્યથાઓનું પોટલું ઉપાડીને ફરવા છતાં તેમણે સારપ ટકાવી રાખી હતી. ત્રીસ-પાંત્રીસ જણાના, સઇદના કાફલાને કોઈ નાના માણસે જમાડ્યો અને તે પણ કશું લીધા વિના. તંત્ર દ્વારા નહેર ન બનાવાઈ તો સરિતા અને મહેશ જેવાં કર્મશીલોએ બીડું ઝડપી લીધું, જેમની છેવટે હત્યા થઈ. પોતાની ટ્રક પાછળ, પોતાના આગવા અંદાજમાં પ્રેમનો પયગામ પહોંચાડવા, સોહની-મહિવાલનાં ચિત્રો દોરાવડાવ્યાં અને ભલા કલાકારે પૈસા ન લઈ, આ ઉમદા મિશનને બિરદાવ્યું. સ્વેચ્છાએ જ ભલા, દરિદ્ર શિક્ષક સાથે લગ્ન કરવાનો જહાંઆરાને કોઈ અફસોસ નહોતો. ગરીબ વર્ગમાંથી આવતા નાદાન વિદ્યાર્થીઓને સારી રીતે જીવવાની ટેવો પાડી. નિયમિત સ્નાન કરવાને આગ્રહ રાખ્યો, નસરતનેય જરાપણ ઓછું ન આવે, તે સ્વમાનભેર જીવી શકે તેની કાળજી લીધી. કોઈ પણ પ્રેમાળ પિતાની જેમ, પોતાની વહાલસોયી દીકરી માટે અમાનુલ્લા ખાન ઢગલાબંધ ચીજવસ્તુઓ ભેટ તરીકે લઈ આવ્યા પણ નસરતે વિનયપૂર્વક, તેમનો માનભંગ ન થાય તે રીતે, તે સ્વીકારવાનો ઇન્કાર કર્યો. અલબત્ત, દામાદના આ નિર્ણયથી તેના પ્રત્યેના આદરમાં ઉમેરો થયો.

અને કેવો મઝાનો, પ્રેમથી છલોછલ ભરેલો છે, આ સરળ, નિર્દંભી ઇન્સાન – નસરત, જેને જહાંઆરાના પ્રેમ સિવાય કશાનો ખપ નથી. જહાંઆરાને ગર્ભાવસ્થાને કારણે પિયર જવાનું થયું ત્યારે, વિરહમાં જાત સંભાળવા અસમર્થ નસરતે, તેને સંબોધીને ઉપરાછાપરી ત્રણ પત્રો લખી નાખ્યા, જે હજી જહાંઆરા પિયર પહોંચે તે પહેલાં જ પહોંચી ગયા. પિયરમાં ધરતીકંપને કારણે વ્યાપક જાનહાનિ થઈ. જહાંઆરા ઈજાગ્રસ્ત થઈ, પણ બચી ગઈ, પરંતુ ગર્ભસ્થ સંતાનને ગુમાવવું પડ્યું.

સઇદ મિરઝા પોતાની અમ્મી સાથે વાત કરતાં કરતાં તેમને જીવનમાં વિવિધ તબક્કે આવી મળેલાં નિખાલસ, પ્રેમાળ, ઉમદા વ્યક્તિઓનીય તેમને ઓળખ કરાવે છે, જે નિષ્કપટ છે, જેમનામાં મારા-તારાનો ભેદભાવ નથી, જે મને ગણતરી કરવાનું ફાવતું જ નથી. અમ્મીને સંબોધીને તે કહે છે કે તે તારા જેવી વ્યક્તિઓ-શાસકોના મલિન ઇરાદાઓને ખુલ્લા પાડે છે, જેથી લોકશાહીમાં શ્રદ્ધા ટકી રહે છે. અમ્મી એટલી હદે લોકશાહી મૂલ્યોમાં શ્રદ્ધા ધરાવે છે કે તે બધાં નાગરિકોને એકસમાન ગણે છે. કોમી રમખાણોને કારણે છેવટે તો બંને પક્ષે સામાન્ય નાગરિકોને જ સહન કરવું પડે છે. કોઈ પણ જાતનું પરપીડન, શોષણ, દમન અમ્મીને પીડા પહોંચાડે છે.

માત્ર ત્રણ જ પ્રમુખ પાત્રો – એમના મનોવિશ્વમાં વિરહવા, એમને સમજવા, એમને ન્યાય આપવા, આપણી ફૂટપટ્ટી ટૂંકી પડે. ભલે ને નગણ્ય માત્રામાં હોય પણ સઇદ, અમ્મી, અબ્બા જેવાં મુઠ્ઠી ઊંચેરાં માનવો આપણી આસપાસના વિશ્વમાં છે જ જેમના મનમાં કોઈ કડવાશ નથી, જે અન્યને મદદ કરવા આવ્યા છે, પ્રેમની ભૂખ ભાંગવા આવ્યા છે.

અમ્મીને દુનિયાભરની માહિતી પહોંચાડવા બેઠેલા સઇદ, તેમની વિદાય બાદ બાબાની દિનચર્યા કેવી છે, અમ્મીની વિદાયથી સર્જાયેલા શૂન્યાવકાશને તે કેવી રીતે ભરે છે તેની પણ વાત કરે છે. વર્ષોના સહજીવન બાદ કોઈ એક પાત્ર સદા માટે ‘આવજો’ કહે તે ખમી શકાય તેમ નથી. સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે તેમ, દીર્ઘ દામ્પત્યજીવન બાદ, જે અવસાન પામે છે તે જીવી જાય છે અને જે જીવે છે તે મૃતપ્રાય હોય છે.

સઇદ અમ્મીને જણાવે છે કે તેના અવસાન બાદ, બાબા મૌન જ રહેતા હતા, લખવામાં, વાંચવામાં, વરંડામાં બેસી રહેવામાં સમય ગાળતા હતા. અબ્બા યુવાનીમાં આત્મવિશ્વાસથી છલોછલ હતા પણ ધીમે ધીમે તેમાં ઓટ આવવા માંડી. ‘મેં હજી સ્વપ્નો જોવાનું છોડ્યું નથી. મારે તારી અમ્મીને નારાજ કરવી નથી.’ મારી સ્ક્રિપ્ટ મને આત્મ-સંતોષ આપે છે, તે સ્વીકારાય કે નહીં, તે ગૌણ છે. બાબા સઇદને જણાવે છે કે દિવસ લખવા-વાંચવામાં અને સંતાનો સાથે વ્યસ્ત રહેવામાં પસાર થઈ જાય છે. અને રાત્રે તારી અમ્મીના વિચારોમાં ખોવાઈ જાઉં છું. અમે સાથે કરેલી પ્રવૃત્તિઓ જે કરવા ઇચ્છ્યું હતું પણ ન કરી શક્યા, જે કરવાનો વસવસો છે તેને લગતી વાતો કરવા બેસી જાઉં છું.

સઇદ મિરઝા અમ્મીને આશ્વાસન આપતાં જણાવે છે કે તેમણે અબ્બાની કબર, અમ્મીની કબર પાસે જ બનાવી છે, જેથી કોઈને કોઈનો વિરહ વેઠવો ન પડે.

આ કૃતિને,સાહિત્યના વિવિધ પ્રકારોમાંથી કોઈ એક ચોક્કસ ખાનામાં મૂકી શકાય તેમ નથી. તે સ્મરણગાથા છે, આત્મકથા છે, જીવનચરિત્ર છે, કવિતા છે, વાર્તા છે, સ્ક્રિપ્ટ

છે, નાટક છે – દરેક વાચકને પોતપોતાને ગમતું ભાથું મળી રહે છે. મને લાગે છે, આ એક નવતર પ્રયોગ છે. ફિલ્મસર્જકો પણ છેવટે તો માનવીઓ છે, એમને સમજવામાં ઘણી વાર થાપ ખવાઈ જવાય છે. એક પ્રતિભાશાળી, સમર્થ સર્જક આપણી મર્યાદાઓ, વિશેષતાઓનો એટલી કુશળતાથી પરિચય કરાવે છે કે આપણે ઘડીભર પાત્રો સાથે તાદાત્મ્ય અનુભવીએ છીએ અને કથાપ્રવાહમાં ખેંચાતા જઈએ છીએ. મારી જેમ અન્ય કેટલાંય વાચકોને, આ કૃતિ થકી, મિરઝાએ પોતાનાં સદ્ગત સ્વજનોની યાદ તાજી કરાવી આપી, એ બદલ આપણે તેમના ઋણી છીએ.

શાંતિનિકેતનમાં બે લટાર | હરેશ ધોળકિયા

વીસમી સદીમાં વિદ્યાકીય રીતે ભારતમાં કોઈ સ્થળ લોકપ્રિય રહ્યું હોય તો તે શાંતિનિકેતન હતું. આ શૈક્ષણિક સંસ્થા ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે સ્થાપી હતી. તે કેવળ વૈધિક શિક્ષણ આપતી શૈક્ષણિક સંસ્થા જ ન હતી. તે શિક્ષણ, કળા, સંશોધન જેવી અનેક બાબતોમાં આગળ પડતી હતી. રવીન્દ્રનાથના પ્રભાવથી વિશ્વભરના પંડિતો અને કલાકારો અહીં આવતા અને કામ કરતા. તેથી સંસ્થાનું વાતાવરણ વિદ્યાકીય રીતે ધબકતું રહેતું. એટલું જ નહીં, મહાત્મા ગાંધી જેવા પણ સમય મળ્યે અહીં આવતા અને ટાગોર પાસે બેસી તાજા થઈ જતા. પરિણામે જિજ્ઞાસુઓ અને શીખવા ઇચ્છુકોની નજર પહેલાં શાંતિનિકેતન તરફ જતી અને ત્યાં જવું કે ભણવું એ વાતને તેઓ સદ્ભાગ્ય માનતા. અરે, કેવળ મુલાકાત લેવી પણ સદ્ભાગ્ય માનતા. એટલે સમગ્ર ભારતમાંથી ટાગોરની હાજરી દરમ્યાન પણ અનેક જિજ્ઞાસુઓ ત્યાં જતા અને શીખતા કે કામ કરતા. એટલું જ નહીં, પણ તેમની વિદાય પછી પણ, કદાચ આજ સુધી, અનેક લોકો શાંતિનિકેતનની મુલાકાત લઈ ધન્યતા અનુભવે છે. આમાંના કેટલાક તો પછી તેની સ્મૃતિઓ નોંધે પણ છે.

આવી સ્મૃતિઓ નોંધતાં બે પુસ્તકો હાથમાં આવ્યાં. આ બે પુસ્તકોના માધ્યમથી શાંતિનિકેતનમાં બે લટાર મારવાની તક મળી. આ બંને પુસ્તકો અલગ દૃષ્ટિકોણથી લખાયાં છે. એટલે શાંતિનિકેતન બે સંદર્ભમાં જોવા મળ્યું. એક પુસ્તકના લેખક ત્યાં હાજર હતા. એટલે તે લેખકે ટાગોર સમયની – ભલે ઓછી થતી – આભાનો પરિચય મેળવ્યો. તો બીજા સર્જક તો છેક વીસમી સદીના સાતમા દાયકામાં ગયા હતા. ત્યારે ટાગોર સમયની કોઈ જ વ્યક્તિ હાજર નથી. તદ્દન નવી પેઢી હતી. શાંતિનિકેતનનો ચહેરો પણ બદલાઈ ગયો હતો. એટલે તે સમયની બાબતો જાણવા મળે છે. બંને સર્જકો પાસે આદર છે. પણ એક સર્જક પાસે શાંતિનિકેતન પ્રત્યેનો ધબકતો આદર છે, બીજા પાસે ટાગોર પ્રત્યેનો આદર છે. શાંતિનિકેતન બાબતે તે તટસ્થ અવલોકન કરે છે. પણ આ બંને અવલોકનના કારણે શાંતિનિકેતનના બે ચહેરા પ્રગટ થાય છે. જૂનું-નવું બંને ચિત્ર અવલોકવા મળે છે. તેથી બંને ચિત્રોનું અવલોકન કરવું જરૂરી અને રસપ્રદ બને છે.

*

પ્રથમ પુસ્તક છે ગુજરાતના એક સર્જક, નર્મદાપ્રેમી અને ચિત્રકાર એવા અમૃતલાલ વેગડ. તેમણે પચાસના દાયકામાં શાંતિનિકેતનમાં કલાનું શિક્ષણ લીધું હતું. વર્ષો પછી તેમણે પોતાનાં અનુભવો અને અવલોકનોને આ પુસ્તકમાં નોંધ્યાં છે. પુસ્તકનું નામ છે 'સ્મૃતિઓનું શાંતિનિકેતન'. આ અવલોકનો ટાગોરના ગયા પછીનાં થોડાં જ વર્ષોનાં છે. ત્યાં હજી ટાગોરની સુગંધ છે. ટાગોરે પસંદ કરેલ મહાવ્યક્તિત્વો હાજર છે. તેમની આભામાં રહી આ સર્જક ત્યાં રહ્યા અને શીખ્યા છે. એટલે આ પુસ્તક આદરપૂર્વક લખાયેલ નોંધ છે.

આ પુસ્તકની ખૂબી એ છે કે તેમાં દેવેન્દ્રનાથ પણ છે, રવીન્દ્રનાથ પણ છે, અવનીન્દ્રનાથ પણ છે અને નંદલાલ બોઝ પણ છે. તે પોતે તો નંદલાલ પાસે રહ્યા છે, પણ નંદલાલ જ આ બધાથી છલકાય છે. તેથી વારંવાર આ લોકોનો ઉલ્લેખ આવતો રહે છે. શરૂઆતમાં દેવેન્દ્રનાથે કેમ આ સ્થળ પસંદ કર્યું તે કહે છે. પછી ટાગોરે કેમ સંસ્થા વિકસાવી તે કહે છે. પછી પોતાના સમયની વાતો કરે છે. પણ તેમાં પણ ટાગોર તો સતત આવતા જ રહે છે. કારણ કે જે લોકો પાસે તે રહે છે, તે બધા એક યા બીજી રીતે ટાગોરથી પ્રભાવિત છે. ટાગોરે જ તેમને તૈયાર કરેલ છે.

પણ મુખ્ય સ્મૃતિ છે નંદલાલ બોસની. તે જ વેગડના ગુરુ છે. તેમના પાસે જ તે શીખ્યા છે. તેમનો જ પ્રભાવ તેમણે ઝીલ્યો છે. એટલે લગભગ દરેક પ્રકરણમાં નંદલાલ હાજર રહે છે. અને લેખકની નંદલાલ પ્રત્યેની આદરભાવના એટલી ગાઢ છે કે તે સતત તેમના ગુણોનું વર્ણન કરે છે. તેમની પ્રતિભાને સતત એક યા બીજા સંદર્ભમાં દર્શાવતા રહે છે. કેટકેટલી અંજલિઓ પુસ્તકમાં નંદલાલ પ્રત્યે તેમની દેખાય છે : જુઓ...

અવનીન્દ્રનાથના માધ્યમથી કહે છે : 'નંદ તો મારો જમણો હાથ છે. મેં મારી પાસે કશું નથી રાખ્યું. બધું તેને આપી દીધું છે.'

તો ખુદ રવીન્દ્રનાથ તો તેમની પર વારી જઈને લખે છે : 'મેં નંદલાલને મનુષ્ય તેમ જ કલાકારના રૂપમાં બહુ નિકટથી જોયો છે. એ અંતદષ્ટિથી સંપન્ન કલાકાર છે. એની સર્જનાત્મક કૃતિઓમાં એક ઊર્જાની નિરંતર બેચેનીનો અનુભવ કરી શકાય છે. બુદ્ધિ, સંવેદનશીલતા, દક્ષતા અને અંતરર્દષ્ટિનો આવો સુમેળ ભાગ્યે જ જોવા મળે છે.'

ગાંધીજીના સંદર્ભમાં લેખક પોતે નોંધે છે : 'આવનાર ઇતિહાસ એક વિચિત્ર કહાની કહેશે કે આ વિશાળ દેશના બે સર્વશ્રેષ્ઠ પુરુષો – રવીન્દ્રનાથ અને મહાત્મા ગાંધી – કલાકાર નંદલાલને કેટલી હદ સુધી ચાહતા હતા. ભારતના ઇતિહાસમાં તો શું, સારાયે સંસારના ઇતિહાસમાં આવાં ઉદાહરણ બહુ ઓછાં મળશે.'

લેખક પોતે પણ તેમને અંજલિ આપતાં નોંધે છે : 'પ્રાચીન ઋષિઓ જેવું ઓજ અને પાવિત્ર્ય ધરાવતા માસ્ટરમશાયને દીર્ઘ જીવન મળ્યું. પ્રેમઝરતી આંખો અને સૌમ્ય મુખમુદ્રા પાછળ એમની અદમ્ય પ્રતિભા છુપાયેલી રહેતી. એમને જોતાં જ અમારું મસ્તક શ્રદ્ધાથી ઝૂકી જતું. તેમણે કલાનું જ સર્જન નથી કર્યું, કલાકારો પણ સર્જ્યા છે. વિદ્યાર્થીઓના આદર અને પ્રેમ કોઈ કલાગુરુએ એમના જેટલા નથી જીત્યા. જન્મોજન્મ તેમને ગુરુપદે સ્થાપવાનું મન થાય.'

તો લેખક સમાંતરે બીજા કલાગુરુઓને પણ યાદ કરે છે. તેમાં આવે છે રામકિંકર બૈજ અને વિનોદવિહારી મુખરજી. આ બે પણ ઉત્તમ કક્ષાના ચિત્રકારો અને મૂર્તિકારો હતા. તેમના વિશે પણ લેખક આદરપૂર્વક નોંધ કરે છે. બીજા વિદ્વાનોનો પણ ઉલ્લેખ કરે છે.

પણ ત્યારના શાંતિનિકેતન વિશે લેખક શું કહે છે?

લેખક પોતાનું પહેલું દર્શન નોંધે છે : 'અહીં આવતાં સાથે જ લાગ્યું કે હું કોઈક સંમોહનભર્યા નવા જ વિશ્વમાં આવી ગયો છું. પરોઢનાં પ્રથમ કિરણોની સાથે શરૂ થતાં વૈતાલિક, ઘટાદાર વૃક્ષો નીચે લાગતા વર્ગો, ખુલ્લા મેદાનમાં અબાધ સ્વતંત્રતા સાથે ખેલતાં-કૂદતાં નાનાંમોટાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, ઠેકઠેકાણે નંદબાબુ અને વિનોદદાનાં ચિત્રો, ખુલ્લા આસમાન નીચે બનેલી કિંકરદાની મૂર્તિઓ – આ બધું જોઈને મને લાગતું કે હું કોઈક જુદી જ દુનિયામાં આવી પહોંચ્યો છું.'

એટલે જ જ્યારે તે વિદાય લે છે, ત્યારે શાંતિનિકેતનનો પોતા પરનો પ્રભાવ નોંધતાં લખે છે : 'શાંતિનિકેતને મારી ભીતર સૌંદર્યના ભાવ જાગ્રત કર્યા. એથી સૌંદર્ય જોવાની મારી શક્તિનો વિકાસ થયો. સૌંદર્ય, જે મારી આસપાસ વેરાયલું હતું, પણ હજી સુધી જેના અસ્તિત્વથી હું અજાણ હતો, એ હવે મને દેખાવા લાગ્યું. જીવન મને વધુ સારું, વધુ સુંદર, વધુ રસપ્રદ જણાવા લાગ્યું.

આમ, અમૃતલાલ વેગડની આંખથી શાંતિનિકેતનમાં લટાર મારીએ છીએ, તો એક એકથી અદ્ભુત લોકો જોવા મળે છે. ચારે બાજુ વેરાયેલ સૌંદર્યપાન કરવાની તાલીમનો ખ્યાલ આવે છે. ભલે શાંતિનિકેતન વિકસ્યું છે, છતાં તેનું પોતીકું આગવું વ્યક્તિત્વ હજી અકબંધ દેખાય છે. ભલે ટાગોરે વિદાય લીધી છે, પણ તેમણે તૈયાર કરેલ લોકોએ તેના ચારિત્ર્યને જાળવી રાખ્યું છે. આ વાંચ્યા પછી જો તે ન જોયું હોય તો ત્યાં મુલાકાત લેવાની તીવ્ર મહેચ્છા જગાવે છે. આ જેટલી પુસ્તકની તાકાત છે, તેટલો જ શાંતિનિકેતનનો પ્રભાવ પણ છે.

*

શાંતિનિકેતનનું બીજું દર્શન કરાવે છે પુ. લ. દેશપાંડે. શ્રી દેશપાંડેનો પરિચય આપવાની જરૂર ન હોય. મરાઠી સાહત્યના એક બહુ મોટા સર્જક એટલે દેશપાંડે. તેમણે મરાઠી સાહિત્યને એક નવી જ ઓળખ આપી છે. કેટકેટલાં ક્ષેત્રો તેમણે ખેડ્યાં છે તે જાણીએ તો ચકિત જ થઈ જવાય.

આ પુ. લ. દેશપાંડેને ટાગોર ખૂબ પ્રિય. તેમના સાહિત્યનું તેમણે ઊંડાણથી અધ્યયન કર્યું. તેનું મૂળ ભાષામાં આચમન કરવા તે વીસમી સદીના સાતમા દાયકામાં, પોતાના જીવનના પાંચ દાયકા પૂરા કર્યા પછી, બંગાળી શીખવા શાંતિનિકેતન ગયા હતા. ત્યાં થોડો સમય રહ્યા. પછી ફરી સાત વર્ષ બાદ બંગાળીનું પુનરાવર્તન કરવા ત્યાં ગયા હતા. એકાદ માસ રહ્યા હતા. આ નિવાસ દરમ્યાન તેમણે રોજનીશી લખી હતી. આ રોજનીશી, તેમનો સ્વાધ્યાય અને થોડા લેખોનો સંગ્રહ કરી તેમણે એક પુસ્તક પ્રકાશિત કર્યું જે મરાઠીમાં 'મુક્કામ શાંતિનિકેતન' નામે પ્રકાશિત કર્યું. તેને ગુજરાતીમાં અરુણા જાડેજાએ 'મુકામ

શાંતિનિકેતન' નામે પ્રકાશિત કરેલ છે. દેશપાંડેની રોજનીશીમાંથી આપણને સિત્તેરના દાયકાના શાંતિનિકેતનનું દર્શન થાય છે. આ દર્શન અમૃતલાલ કરતાં તદ્દન અલગ જ છે. કારણ એ કે મૂળ લોકોએ વિદાય લીધી છે. શાંતિનિકેતન પણ હવે આશ્રમ ન રહેતાં એક સરકારી યુનિવર્સિટી બની ગઈ છે. તત્કાલીન દૂષણો તેમાં પણ પ્રવેશી ગયાં છે. છતાં તે છે તો શાંનિકેતન જ. આ બન્ને દર્શનો દેશપાંડે કરાવે છે. તે જોવાં પણ રસપ્રદ છે.

પહેલાં તે વ્યક્તિઓનો પરિચય કરાવે છે. તે પણ અનેક વ્યક્તિત્વોને મળે છે. તેમાં પ્રભાત મુખરજી, સુધામયી મુખરજી, કૃષ્ણ કૃપલાણી, મોહનલાલ બાજપેયી, શર્વરી, દિનકર કૌશિક, ડૉ. સુરજિત સિંહા, ચિત્રકાર ખાલિદ ચૌધરી, શાંતિદેવ ઘોષ જેવા અનેક વિદ્વાનો છે. તે બધાં સાથે ટાગોર, સંગીત વગેરે બાબતે ચર્ચાઓ કરે છે. તેમનાં જ્ઞાનનો લાભ રળે છે. આ બધાં પ્રત્યે આદરભાવ વ્યક્ત કરે છે.

પણ એ ટૂંકમાં છે. મહદ્ અંશે તે શાંતિનિકેતનનું અને તેની પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે. આ ધ્યાન ખેંચે છે. દેશપાંડે આદરભાવથી નથી લખતા. એક વિવેચકની દૃષ્ટિથી લખે છે. એટલે તેમનાં વર્ણનો શાંતિનિકેતનની બીજી બાજુ બતાવે છે જે પણ રસપ્રદ છે. કેટલાંક અવલોકનો જોઈએ. પહેલાં શાંતિનિકેતનના વાતાવરણ વિશે જોઈએ.

દેશપાંડે છે તે દરમ્યાન સતત વરસાદ પડે છે. સામાન્ય રીતે વરસાદ આવે તો ઠંડક થઈ જાય, પણ અહીં જરા જેટલી પણ ઠંડકનો અનુભવ તેમને નથી થતો. ઊલટાનું વરસાદ પછી પુષ્કળ મચ્છરોનો અનુભવ તેમને થયા કરે છે. વળી, જેવો વરસાદ આવે કે તરત વીજળી ચાલી જાય છે. પરિણામે ગરમી વધી જાય છે અને સતત બફારાનો અનુભવ થાય છે. આ બધાં વિશે એક ફકરામાં લખે છે : 'આજે આકાશ એવું તો ઘેરાયું કે જાણે સાંજના સાત વાગી ગયા ન હોય! અને પછી જે વરસાદ પડવાનો શરૂ થયો તે આખી રાત. વીજળી ગઈ. પંખો નહીં. જીવ બફાઈ ગયો. ઉપરથી મચ્છરોની ફોજ તો હેરાન કરતી જ હતી. આવા અંધારામાં બે કલાક બેસી રહ્યો. કાળકોટડીની સજાનો પરચો થયો. ગાંડો થાઉં એટલી જ વાર હતી. મીણબત્તીના પ્રકાશમાં ફક્ત અંધારું જ દેખાય.' શાંતિનિકેતન જેવી કેન્દ્રીય યુનિવર્સિટીમાં આ હાલત!

તો શાંતિનિકેતનનું વિદ્યાકીય વાતાવરણ કેવું છે?

તે કલાભવનની ચિત્રકળાનાં વખાણ કરે છે, પણ સંગીતભવન વિશે એવું કહેતા નથી. સતત તેની ટીકા કરે છે. તેમનાં અવલોકન જોઈએ...

'ચિત્રકળાના ક્ષેત્રે બહુ ઊંચા દરજ્જાની કામગીરી બજાવી, પણ નૃત્ય અને સંગીતમાં જોઈએ તો શાંતિનિકેતનમાં રવીન્દ્રસંગીતને બાદ કરતાં આ ઉમદા ક્ષેત્રમાં થયેલું કાર્ય નગણ્ય કહી શકાય.'

'મારી બંગલી સામે જ સંગીતભવન છે. સવારે ત્યાં થતું સંગીતશિક્ષણ હું જોઉં છું. એમાંથી સંગીત વિશે કોઈ પ્રેમ ઊભો થાય એવું મને તો લાગતું નથી.. લાઇફલેસ શિક્ષણ..'

'અહીં પણ બીજી યુનિવર્સિટીઓ જેમ ઉદ્દેશ તો એકમાત્ર ડિગ્રી મળે તે જ. ડિગ્રી મળે છે, પણ સંગીત નથી મળતું. હા, કદાચ નોકરી મળી જાય.'

'રવીન્દ્રસંગીત માટે અહીં એક પ્રકારનું મિથ્યાભિમાન જોવા મળે છે. ... જેવા લોકો

અભિજાત સંગીતના પક્ષપાતી છે. એમનું કહેવું છે કે બાળકોને નાનપણથી દરેક પ્રકારનું સંગીત શિખવાડો. પણ એક બીજો વર્ગ તેનો વિરોધ કરે છે. સંગીત વિશે કક્કોય ન જાણતા હોવા છતાં સંગીત માટે અભિપ્રાય આપનારો આ વર્ગ છે. કદાચ એવું હોઈ શકે કે વિશ્વભારતીની કમિટીઓમાં એમની જ બહુમતી હશે.'

'અહીં પણ દશા તો બીજી વિદ્યાપીઠો જેવી જ. પ્રાધ્યાપક મંડળી પોતાના હકો માટે એટલે કે પારની શ્રેણી, મોંઘવારી ભથ્થાં વગરે માટે ઝઘડતી હોય છે... અહીં પણ લાગણીવિહીન રાજ શરૂ થયું છે. એકબીજા માટે કોઈને ભાવ નથી.'

આમ દેશપાંડેને શાંતિનિકેતનનું વિદ્યાકીય વાતાવરણ યોગ્ય લાગતું નથી. ક્યાંક તો તેના પ્રાધ્યાપકોનાં અવતરણો પણ ટાંકે છે જેઓ પણ ખુશ નથી.

તો, દેશપાંડેનો શાંતિનિકેતન વિશે સમગ્ર રીતે શો અભિપ્રાય છે?

તે બાબતે લખે છે : 'શાંતિનિકેતનમાં આ છેડાથી પેલા છેડા સુધી ખાલી કવિતા જ વહેતી રહે છે એવું નથી. આધુનિક જગતનાં વિદ્યાલયોમાં જોવા મળતું બધું કાંઈ સારુંમાઠું ત્યાં પણ છે. ઝઘડા છે, કાવાદાવા છે, પોતાના અભ્યાસમાં સ્વાધ્યાય સાથે તદ્રૂપ થયેલા જ્ઞાનયોગી અધ્યાપકો પણ છે અને વેતનવૃદ્ધિને જ્ઞાનવૃદ્ધિ કરતાં અધિક મહત્ત્વ આપનારા શબ્દજ્ઞાની પણ છે.' પછી આશ્વાસન લેતાં લખે છે : 'છેવટે તો માણસ ક્યાં જીવે છે એના કરતાંય વધુ મહત્ત્વનું એ છે કે એ કયા ઉદ્દેશ સાથે જીવે છે એના પર જ બધું આધાર રાખતું હોય છે... જીવનની આ સાપેક્ષતા માન્ય કરવી પડે છે. તોય વૃક્ષવેલીઓ આપણને પાળતાં-પોષતાં જ હોય છે.'

પણ આ બંને અવલોકનો અને અનુભવોને તપાસીએ તો લાગે છે કે અમૃતલાલ વેગડ જે સમયે ગયા છે ત્યારે હજી ટાગોરનો પ્રભાવ ચાલુ છે. તેના સાથીઓ છે. એવું નથી કે ત્યારે પણ અસંતોષ નથી. ત્યારે પણ એવા બનાવો બને છે જે અસ્વસ્થતા ઊભી કરે છે. ક્યારેક સાથીઓના પ્રેમપ્રસંગો નંદલાલને પણ નથી ગમતા. અને આ અણગમો પ્રાધ્યાપકને શાંતિનિકેતન છોડવા મજબૂર કરે છે. અને પ્રાધ્યાપકોએ ટાગોર સમયે કે નંદલાલ સમયે પણ શાંતિનિકેતન છોડ્યું છે – કદાચ ન ગમવાથી. છતાં એકંદરે વાતાવરણ હજી તુલનાત્મક સ્વસ્થ દેખાય છે. શિક્ષકોને અને વિદ્યાર્થીઓને વિદ્યામાં વધારે રસ દેખાય છે.

પણ દેશપાંડેનો સમય આવતાં આવતાં શાંતિનિકેતન પણ એક સામાન્ય યુનિવર્સિટી બનતી જાય છે. ત્યારે જે પેઢી છે તે નોકરી કરતી પેઢી છે. ધ્યેયનિષ્ઠ પેઢી નથી દેખાતી. નોકરશાહીના અવગુણો અહીં પણ પ્રવેશી ગયા છે. બીજું, મૂળ લોકો ચાલ્યા જાય છે પછી ધ્યેય બાબતે જાગૃતિ અને સ્પષ્ટતા રહેતી નથી. જે ધ્યેયો નક્કી થયાં હતાં તે હવે એક રીતરિવાજ બની જાય છે. તેમાં બહુ ઓછી જીવંતતા રહે છે. આ બાબત કેવળ શાંતિનિકેતનને જ લાગુ પડતી નથી, ત્યારે સ્થપાયેલ બધી જ સંસ્થાઓને લાગુ પડે છે. ગૂજરાત વિદ્યાપીઠ હોય કે શ્રદ્ધાનંદની સંસ્થા – સર્વત્ર આ જ લાગુ પડે છે. બાહ્ય રીતે કદાચ બધા જ નિયમો પળાતા હશે, પણ તેમાં બહુ ઓછી જીવંતતા જોવા મળશે. કારણ એ છે કે આપણે વ્યક્તિનિષ્ઠ પ્રજા છીએ. જો સંસ્થાની વ્યક્તિ જીવંત હશે, તો સંસ્થા પણ

જીવંત હશે અને ધ્યેયને વળગી રહેશે. પણ જો સામાન્ય વ્યક્તિ વડા તરીકે આવશે, તો સંસ્થા પણ સામાન્ય બની જશે. વ્યક્તિએ વ્યક્તિએ સંસ્થા ડોલ્યા કરે છે. પરિણામે તેમાં સતત ઘસારો થતો રહે છે. દેશપાંડે સમયે આ ઘસારો જોવા મળે છે.

છતાં શાંતિનિકેતન એ શાંતિનિકેતન છે. તેમાં ગમે તેટલાં ઇચ્છનીય કે અનિચ્છનીય પરિવર્તનો આવતાં હશે, છતાં સૂક્ષ્મ પણ ટાગોરનો પ્રભાવ તો હશે જ. આ બંને પુસ્તકો દ્વારા આપણે જે શાંતિનિકેતનમાં લટાર મારીએ છીએ, તેનું સૌંદર્ય અને મીઠાશ તો આજે પણ માણવા મળતાં જ હશે. વાંચતાં તો મળે જ છે. એટલે આજે પણ શાંતિનિકેતન જવા જેવું સ્થળ તો ખરું જ.

('સ્મૃતિઓનું શાંતિનિકેતન' : અમૃતલાલ વેગડ) પ્રકાશક : આર. આર. શેઠની કંપની, અમદાવાદ, કિંમત રૂ. 110)

('મુકામ શાંતિનિકેતન' : પ્ર. લ. દેશપાંડે, અનુવાદ : અરુણા જાડેજા, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, કિંમત રૂ. 100)

કંઠસ્થ પંરપરાનાં સાહિત્યમાં સૃષ્ટિઉત્પત્તિની કથા

ડૉ. અરુણ જે. કક્કડ

આપણું લોકમાનસ જેનાથી ઘડાયું છે તેવી અનેક વિષયની કંઠસ્થ પરંપરાની કથાઓ આગવું અભ્યાસમૂલ્ય ધરાવે છે. લોકમાનસ, લોકજીવન અને લોકવિદ્યાના સંદર્ભે અભ્યાસમૂલ્ય ધરાવતી આ કથાસામગ્રીમાં સૃષ્ટિઉત્પત્તિની કથા મૂલ્યવાન સામગ્રી છે. ડૉ. હસુ યાજ્ઞિકના મતે, કોઈ પણ કપોળકલ્પિત અને તરંગમય લાગતી કથાઓનાં મૂળમાં તો અંતે રાઈ જેટલો સૂક્ષ્મ કણ તો કોઈ માનવીય તથ્યમૂલક અનુભવ જ હોય છે. અવાસ્તવિકમાં પણ અવાસ્તવિક કોઈ પણ કલ્પના કે તરંગ ક્યારેય જન્મી જ ન શકે માનવચિત્તમાં. પ્રત્યેક કથામાં કોઈ ને કોઈ તથ્યમૂલક માનવીય અનુભવ જ હોય. સીધું બારોબાર આકાશમાંથી માનવચિત્તમાં કલ્પના કે તરંગના રૂપમાં આવી જ ન શકે. વિશ્વની લગભગ બધી જ પ્રજાઓએ પોતાના અનુભવને, ઇતિહાસને કથામાં રૂપાંતરિત કર્યો છે. વેદ અને પુરાણસાહિત્યની કથાઓને આધારે આર્યોનો પ્રાચીનતમ ઇતિહાસ તારવી શકાય.

વિશ્વની પુરાકથાઓમાં એક મહત્ત્વની પુરાકથા છે સૃષ્ટિની ઉત્પત્તિકથા. સૃષ્ટિની ઉત્પત્તિ અને અવતારકથા જેવા ભારતનાં પૌરાણિક કથાનકો આર્ય સિવાયની પ્રજાઓમાં પણ છે. કથાનું જ્યારે સંક્રમણ થાય છે ત્યારે તેનું માત્ર બિંબ ટકી રહે છે, પરંતુ પાત્ર, ઘટનાહેતુ વગેરે બદલાય છે. પુરાણોમાં ઇતિહાસ ભરેલો છે. મૂળમાં ઇતિહાસ લોકસ્મૃતિમાં વાર્તારૂપે સંગ્રહાયેલો છે. ઇતિહાસકથાની પૂર્વભૂમિકા આપણી પૌરાણિક કથાઓ છે.

મનુષ્યની નજર સામે બનતી કે બનેલી કુદરતી ઘટના દંતકથાની પ્રેરક હોય છે.

પૃથ્વીનું ઉપરનું પડ સ્થિર બન્યું અને પછી વનસ્પતિ પશુપક્ષીકીટકમાનવી વગેરેની સજીવસૃષ્ટિની ઉત્પત્તિ થઈ. પૃથ્વીના જુદા જુદા વિસ્તારોમાં માનવસમુદાય વસવાટ કરતો થયો અને મનુષ્યની સભ્યતાનો વિકાસ થયો. સંસ્કૃતિના અંકુરો પણ પ્રગટ થઈ ચૂક્યા હતા. આ રીતે સૃષ્ટિઉત્પત્તિની એક કથા વિસ્મયજન્ય છે. કઈ રીતે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ તેની મનુષ્યને જિજ્ઞાસા છે. એ પછીના તબક્કામાં પૃથ્વી પર પ્રલય થયો અને તેમાં મોટાભાગની સજીવસૃષ્ટિનો નાશ થયો અને બહુ ઓછી સંખ્યામાં જ માનવો અને પશુપંખીઓ બચી શક્યાં. એમના દ્વારા ફરીથી જીવને સ્થિર કરીને સજીવસૃષ્ટિનું સાતત્ય ધબકતું કરવામાં આવ્યું. આ કથાના નિર્દેશ વિશ્વના લગભગ બધા જ દેશોમાં વસતી વિવિધ જાતિઓના સમૂહોની પુરાકથાઓમાં મળે છે. આ બધી જ પુરાકથાઓ ભારતીય કંઠસ્થ પરંપરાની સૃષ્ટિઉત્પત્તિની કથાઓ જેવી જ છે. બધી કથાઓમાં સામ્ય જોવા મળે છે.

સૃષ્ટિની ઉત્પત્તિ ઈશ્વરે ક્યારે કરી, શા માટે કરી અને કેવી રીતે કરી એના ખુલાસા કરતી પુરાકથાઓ વિશ્વની બધી જ જાતિઓમાં જોવા મળે છે. ડૉ. હસુ યાજ્ઞિક નોંધે છે કે, ‘વિશેષ આશ્ચર્યજનક વાત તો એ છે કે પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધના છેડે વસતી જાતિઓની સૃષ્ટિની ઉત્પત્તિની જે કથાઓ છે તે જ કથાઓ પૃથ્વીના ઉત્તરધ્રુવના છેડે વસતી ઍસ્કિમો જેવી વિશ્વથી વિખૂટી રહગેલી જાતિઓમાં પણ છે.’ આવી વિવિધ કથાઓની સમાનતાનો અભ્યાસ કરનારને તો એવું જ લાગે કે કોઈ એક જ મૂળકથાનાં આ બધાં રૂપાંતરો છે. આ બધી જ પુરાકથાઓ સૃષ્ટિની ઉત્પત્તિને જળ સાથે જોડે છે. કારણ કે, બધી જ જાતિઓનો આદિમ અનુભવ છે કે માણસ જીવે છે તે હવા, પાણી અને ખોરાકથી. હવાને માણસ જોઈ ન શક્યો. એનો અુભવ કર્યો. જળને તો એ જોઈ શક્યો એ જળમાંથી જ અસંખ્ય એવી વનસ્પતિના તથા જળચર અને ભૂમિચર પ્રાણીસૃષ્ટિને જન્મતી જોઈ શક્યો. આથી જ દરેક જાતિની સૃષ્ટિની ઉત્પત્તિ અને પૃથ્વી પર સજીવસૃષ્ટિની સાથે જળ જોડાયેલું છે.

કંઠકથ પરંપરાનાં લોકસાહિત્ય, પૌરાણિક સાહિત્ય, વનવાસી સાહિત્ય, સંતસાહિત્ય, ધર્માન્તરિત પ્રજાનાં ભક્તિસાહિત્ય, વહીવંચા બારોટ દ્વારા કહેવાતી કથાઓમાં, મધ્યકાલીન સાહિત્યમાં, સરજૂગાનમાં વગેરેમાં મળતી સૃષ્ટિઉત્પત્તિની કથાઓ બે પ્રકારની છે. એક, સૃષ્ટિના સર્જનની આરંભિક કથા અને બીજી, જળપ્રલય પછી બચી ગયેલી સૃષ્ટિમાંથી પુનઃઉત્પત્તિકથા. ડૉ. હસુ યાજ્ઞિક નોંધે છે કે : ‘1. સૃષ્ટિની ઉત્પત્તિ–સજીવસૃષ્ટિનો ઉદ્ભવ અને વિકાસ; 2. પૃથ્વીનો મહાજળપ્રલય અને સજીવસૃષ્ટિનો પુનઃઉદ્ભવવિકાસ : આ બે લોકવિદ્યાકીય અભ્યાસનાં ખૂબ જ મહત્ત્વનાં ક્ષેત્રો છે. એના પર વિશેષ અભ્યાસ થયો નથી. વિશ્વની પ્રત્યેક જાતિની કંઠપરંપરામાં, એના લિખિત દસ્તાવેજીકરણમાં આવી પુરાકથાઓ છે.’

તત્ત્વવિચારણામાંથી જીવન અને જગત વિશેનું ‘લૉર’ બંધાયું અને લૉકમાં શ્રદ્ધા રૂપે પ્રચલિત રહ્યું. સૃષ્ટિનું સર્જન, એનો લય અને પુનઃસર્જન તેમજ સંચાલન એવા ત્રણ પુરાકથાકીય તબક્કા વિશ્વની પ્રત્યેક જાતિના લોકસાહિત્યમાં ગીત અને કથારૂપે છે. ડૉ.

હસુ યાજ્ઞિક નોંધે છે કે : 'પૃથ્વીનું સર્જન ક્યારે થયું, કેવી રીતે થયું, કયા પદાર્થોથી અને કયા હેતુએ થયું, એનો પ્રલય ક્યારે થયો, પ્રલય થવા છતાં પૃથ્વી પરની બધી જ જીવસૃષ્ટિ કેવી રીતે બચી અને જીવનનું પુનઃસર્જન-સ્થાપન ક્યારે થયું, તે કહેવામાં આવ્યું છે. જગત અને જીવનને સ્પર્શતા બધા જ લોકતાત્ત્વિક તત્ત્વબોધનું આ કેન્દ્ર છે, કેમ કે, બધી જ લોકમાન્યતાઓ એની સાથે જ સંકળાયેલી છે.'

ભૌતિકશાસ્ત્ર પ્રમાણે બ્રહ્માંડ સિંગલ બિંદુમાં સ્થિર હતું. આ સિંગ્યુલારિટી બાદ બિગબૅંગની ઘટના બની. અનંત ઊર્જાપુંજમાંથી ઊર્જા ઠંડી પડવા લાગી અને અંધકારમય બ્રહ્માંડમાં પ્રથમ વાર પ્રકાશ પેદા થયો. પછી પરમાણુ, અણુ, આકાશગંગા, તારા, ગ્રહો બન્યાં. બ્રહ્માંડમાં કેટલાક પરપોટા (બબલ) થયા તેમાંથી અનેક બ્રહ્માંડ પેદા થયાં. શ્રી કે. આર. ચૌધરી કહે છે કે, બ્રહ્માંડસર્જન પહેલાં ફક્ત સુપર પાવર જેવા ભગવાન વિષ્ણુ હતા. વેદ કહે છે બ્રહ્માંડસર્જન પહેલાં ભગવાન વિષ્ણુ વિશાળકાય શેષનાગની શૈયા ઉપર સૂતેલા હતા. શેષનાગની વિશાળકાય પથારી એક મહાસાગર ઉપર ગોઠવાયેલી હતી. વિષ્ણુની નાભિમાંથી બ્રહ્માનો જન્મ થયો. બ્રહ્માએ જેનું સર્જન કર્યું તે બ્રહ્માંડ. જ્યારે કંઈ જ ન હતું ત્યારે માત્ર નિરાકાર અનંત બ્રહ્મ હતું, જેને આપણે ઈશ્વર કે પરમાત્મા કહીએ છીએ. પરમાત્મા દ્વારા મહદ્, મહદમાંથી અંધકાર, અંધકારમાંથી અવકાશ, અવકાશ પછી વાયુ, પછી અગ્નિ, જળ, પૃથ્વી બન્યાં, પૃથ્વીમાંથી સજીવો પેદા થયા. જગતના બધા પદાર્થો બે પ્રકારના કણોથી બનેલા છે : ન્યૂક્લિયસ અને ઇલેક્ટ્રૉન.

પૃથ્વીના સર્જન બાદ છ કરોડ વર્ષ બાદ અને ચંદ્રના સર્જન બાદ ચાર કરોડ વર્ષ બાદ પૃથ્વી પર સજીવસૃષ્ટિની શરૂઆત થઈ. એક અવકાશી પિંડ પૃથ્વી જીક આવતાં વિસ્ફોટ પામ્યો, તેનાં પીગળેલાં લોહતત્ત્વ અને ભંગાર વાદળ રૂપે વિસ્તર્યાં, તેમના ધાતુરૂપી કરાનો વરસાદ વરસ્યો. જેથી મહાસાગરોના પાણીમાંથી ઑક્સિજનના પરમણુ છૂટા પડીને વાતાવરણમાં ભળ્યા. ઑક્સિજન અને લોહતત્ત્વનું સંયોજન થઈ પૃથ્વીની સપાટી બની. વાતાવરણ ઠંડું પડતાં સાદા અણુઓની રચના થઈ. જેને કારણે 'આરએનએ'ના અણુઓ બન્યા. એકકોષી સજીવ અને તેમાંથી બહુકોષીય જીવ બન્યા. જલીય વનસ્પતિએ પાણીમાંથી બહાર જમીન પર પોતાનાં મૂળિયાં ફેલાવ્યાં. જમીન પર વનસ્પતિમાં નવાં જનીનો વિકસ્યાં. તે બહુકોષી બની. જળ છોડીને જમીન પર વસનાર પ્રાણીની પ્રથમ પ્રજાતિ વીંછીની હતી. જળચર વીંછી જળ છોડીને ભૂમિ પર વસવાટ કરનાર પ્રથમ સજીવ છે.

ત્રણ અબજ વર્ષો પહેલાં એક એકાકી મહાજીવ 'લુકા' હતો. તે પૃથ્વી પરના આજના તમામ સજીવોનો પૂર્વજ હતો. જનીન દ્રવ્યોની દુકાન જેવો આ 'લુકા' ત્રણ ક્ષેત્રોમાં વહેંચાઈ ગયો. એકકોષી બૅક્ટેરિયા, આદિજીવ, યુકેરિયોટ. યુકેરિયોટના કોષમાં નાભિકેન્દ્ર હોય છે. જેમાંથી વનસ્પતિ, જાનવર, ફૂગ વગેરે જન્મ્યાં. લુકા સજીવ નહિ પણ મહાજીવ હતો. તેમાંથી આજના સજીવો બન્યા. લુકાના પ્રોટીનમાંથી જ પ્રજા પેદા થતી હતી. ડૉ. વિહારી છાયા નોંધે છે કે., વાતાવરણમાં ઑક્સિજન આવવા સાથે આ મહાજીવના ટુકડા થયા. સૂક્ષ્મજીવોએ પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા કરતાં પાણીના અણુઓમાં સલવાયેલ ઑક્સિજન મુક્ત થયો. તેનાથી પૃથ્વી પરના અવાયુજીવી સૂક્ષ્મજીવો ખતમ થઈ

ગયા. પૃથ્વી પરની આરંભિક જીવસૃષ્ટિ અવાયુજીવી હતી. વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઇડ હતો, પરંતુ ઑક્સિજન ઉત્પનન થતાં અવાયુજીવોનો સફાયો થઈ ગયો, પાણીની જીવસૃષ્ટિ ઑક્સિજન વિનાની છે. પૃથ્વી પર ઑક્સિજન આધારિત વાયુજીવી સૂક્ષ્મજીવો અવતર્યા.

સમુદ્રનો આદિજીવ 'લુકા' અને બ્રહ્મ અથવા હિરણ્યગર્ભ સામ્ય ધરાવે છે. દેવો બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા. સૃષ્ટિ પહેલાં અસત ન હતું, સત પણ ન હતું, રજ હતું નહિ, અંતરિક્ષ પણ ન હતું. ગહન અને ગંભીર પાણી જ હતું. રાત્રિ-દિવસના ભેદ ન હતા. અંધકાર હતો. પ્રાચીન સાહિત્યમાં જગતના આદિકારણની શોધ તાર્કિક રીતે કરવાનો પ્રયત્ન થયેલો જણાય છે. સમુદ્રમાંથી-પાણીમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ. વિજ્ઞાન પહેલાં આદિમ સમયથી માનવીને પાણી જ સૃષ્ટિઉત્પત્તિનું કારણ જણાયું છે.

સર્વપ્રથમ હિરણ્યગર્ભનો ઉદ્ભવ થયો. તેણે પૃથ્વી અને દ્યુલોકને ધારણ કર્યાં. તે પ્રાણીઓનો રાજા છે. આકાશ, પૃથ્વી, સૂર્ય વગેરેનો તે આધાર છે. તેણે સ્વર્ગ, પૃથ્વી, જળ વગેરે ઉત્પન્ન કર્યાં છે. આ હિરણ્યગર્ભ એ પુરાણા સાહિત્યની સૃષ્ટિઉત્પત્તિની કલ્પનાનું મૂળ છે. ઉપનિષદની સૃષ્ટિઉત્પત્તિની વિચારણા આાંતરિક વિકસ પામી ઉચ્ચતમ શિખરો સર કરે છે.

સૃષ્ટિનું મૂળતત્ત્વ જળ છે. જળમાંથી સત્ય, સત્યમાંથી બ્રહ્મ, તેમાંથી પ્રજાપતિ અને પ્રજાપતિએ દેવોને ઉત્પન્ન કર્યા. ત્યારબાદ સૃષ્ટિ ઉત્પન્ન થઈ. સૃષ્ટિનું મૂળ સત્ છે. તેમાંથી જરાયુજીવો ઉત્પન્ન થયા. અગ્નિ, જળ અને પૃથ્વી એ ત્રણ મળીને 'ત્રિવૃત્ત' થયું અને ત્રિવૃત્તમાંથી જ સઘળું ઉત્પન્ન થયું. આગળ જતાં વેદાંતનો પંચીકરણનો સિદ્ધાંત 'ત્રિવૃત્ત'માંથી અસ્તિત્વમાં આવ્યો. ઈશ્વર સૃષ્ટિકર્તા છે. તે પ્રજાપતિ છે. સૌપ્રથમ આત્મા, આત્મામાંથી આકાશ, તેમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. આ રીતે ઉપનિષદો જગતને બ્રહ્મની અભિવ્યક્તિ મને છે. જગત બ્રહ્મથી જ ઉત્પન્ન થાય છે, તેમાં જ સ્થિર રહે છે અને તેમાં જ તેનો લય થાય છે. જલમાં લવણની જેમ બ્રહ્મ જગતમાં અનુસ્યૂત છે. ગીતાના મતે સૃષ્ટિ 'ઈશ્વર'નું સર્જન છે.

પુરાકથામાં કોઈ મૂળ માનવીય અનુભય હોય છે. મૂળ આર્યોએ પ્રાકૃતિક પદાર્થના આદિમ અનુભવે વિવિધ પ્રકારના ઊર્જાઓના રૂપનાં કલ્પનો બાંધ્યાં અને તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિની કથા જન્મી. પછી આ પુરાકથાનું જ્યારે સંક્રમણ અને રૂપાંતરણ થયું ત્યારે મૂળ અનુભવના કલ્પન કરતાં પણ વિશેષ સંકુલ વર્ઝન અસ્તિત્વમાં આવ્યું. વૈદિકયજ્ઞ-અનુષ્ઠાનમાં પુરુષ-સૂક્તનો જ સાર્વત્રિક રૂપમાં ઉપયોગ થાય છે. એમાં કેન્દ્રભૂત છે સૃષ્ટિની ઉત્પત્તિ, જીવોત્પત્તિ અને તેનું ભવ્ય કલ્પન. એણે હજારો મસ્તક, આંખ, હાથ, પગના કલ્પને પ્રસ્તુત કર્યું. એના દ્વારા થતા વિવિધ જીવોની ઉત્પત્તિ દર્શાવી. આરંભે ગાઢ કાળા પાણી સિવાય પ્રકાશ, સૂર્ય, ચંદ્ર, તારા સિવાય કશું જ ન હતું અને પુરુષમહાને તે સર્જ્યું અને બ્રહ્મ અન્નરૂપે ઊગ્યું. પરબ્રહ્મનો ચોથો ભાગ જ વ્યક્ત આ સૃષ્ટિરૂપે છે. શેષ ત્રણ ભાગ અવ્યક્ત છે. આ વ્યક્ત ભાગમાંથી ત્રણ ભૂત જન્મે અને લય પામે. શેષ અવ્યક્ત ત્રણ ભાગ તો અંતરિક્ષમાં અમૃતત્ત્વરૂપે છે. વ્યક્ત રૂપ ભાગમાંના મનમાંથી ચંદ્ર, આંખમાંથી સૂર્ય, કાનમાંથી વાયુ, મુખમાંથી અગ્નિ, નાભિમાંથી અંતરિક્ષ, મસ્તકમાંથી

દ્યૌલોક, પગમાંથી ભૂમિ, દિશાઓ વગેરેનો પ્રાદુર્ભાવ થયો. અને આ રીતે પાણી સિવાય કશું નથી ત્યાં હવે જે પૃથ્વી અને સમગ્ર સજીવનિર્જીવસૃષ્ટિ જન્મી એ ઘટના સ્વયં આ મૂળતત્ત્વે આરંભેલો યજ્ઞ છે. ડૉ. હસુ યાજ્ઞિકના મતે આ યજ્ઞ એટલે સૃષ્ટિઉત્પત્તિ એ તેનું સંચાલન. એનાં કાર્ય કેવાં છે તે તે સ્થૂલ કે બાહ્ય એવી યજ્ઞક્રિયાના રૂપક દ્વારા સ્પષ્ટ કર્યું છે.

ડૉ. આર. જે. જોશીના મતે 'સર્ગ' શબ્દ 'સૃજ' ધાતુ પરથી બનેલ છે. સર્ગ એટલે સૃષ્ટિ-જગતની ઉત્પત્તિ. ભાગવતે આ સર્ગના બે વિભાગ પાડ્યા છે : સર્ગ અને વિસર્ગ. પુરાણોમાં સર્ગ એટલે 'અવ્યક્તમાંથી વ્યક્ત' થવું. એકમાંથી અનેક થવું. નિરાકારમાંથી સાકાર થવું. સૂક્ષ્મમાંથી સ્થૂલ થવું. જડનું સર્જન નૈસર્ગિક રીતે જ જડમાંથી અને ચેતનનું સર્જન ચેતન(બ્રહ્મ)ની મદદથી થાય છે. પ્રકૃતિપુરુષના સંયોગનું પ્રથમ પરિણામ તે બુદ્ધિ. પુરુષ અને પ્રકૃતિના સંયોગથી જગતની ઉત્પત્તિ થઈ. બ્રહ્મ એ પુરુષ અને પ્રકૃતિનો અધ્યક્ષ છે. તે બ્રહ્મને વૈષ્ણવો 'વિષ્ણુ', શૈવો 'શિવ' અને શાક્તો 'શક્તિ' કહે છે.

બ્રહ્માએ દેવસૃષ્ટિની રચના કરી. પછી પૃથ્વી ઉપર ભ્રમણ કરનારા માનવોનું સર્જન કર્યું. આ સૃષ્ટિ ત્રણે ગુણોથી યુક્ત છે. જળચર, જળસ્થલચર, ભૂચર અને ખેચર પ્રકારની પશુપક્ષીઓની સૃષ્ટિ સર્જી. મનુષ્યસૃષ્ટિના સ્ત્રી અને પુરુષ એમ બે પ્રકાર છે. પુરાણોમાં અસુર, સુર, પિતૃઓ તથા માનવો એમ ચાર પ્રકારની સૃષ્ટિને વર્ણવી છે. સૃષ્ટિરચનાની ઇચ્છાથી બ્રહ્મા ધ્યાનસ્થ થયા ત્યારે તેમનામાં તમોગુણની અધિકતા થઈ. તે સમે અસુરોની ઉત્પત્તિ થઈ. સાત્ત્વિક ગુણની અધિકતાથી દેવોનું સર્જન થયું. રાજસિક ગુણની અધિકતાથી મનુષ્યોનું સર્જન થયું.

વિષ્ણુની પ્રેરણાથી તેમના નાભિકમળ ઉપર બેઠેલા બ્રહ્મા જળરાશિ અને પ્રબળવાયુને પી ગયા. પછી તે કમળમાં પ્રવેશી ગયા અને 'ભૂ', 'ભવ' અને 'સ્વ' એમ ત્રણ લોક બન્યા. પછી બ્રહ્માએ સ્થાવરથી માંડીને દેવ સુધીની સૃષ્ટિ કરી. નવ માનસપુત્રોનું સર્જન કર્યું. આ નવ માનસપુત્રો પણ બ્રહ્મા કહેવાયા અને આ નવે દ્વારા પછી સૃષ્ટિરચનાની પ્રક્રિયા આગળ વધી. બ્રહ્માની સૃષ્ટિ માનસિક હોય છે. માનસિક સૃષ્ટિ પછી જ મૈથુની સૃષ્ટિ થાય છે. બ્રહ્માએ સનત વગેરે કુમારો દ્વારા માનસીસૃષ્ટિ કરેલી. બ્રહ્માના કપાલમાંથી રુદ્રનો આવિર્ભાવ થયો. રુદ્રનું અર્ધું શરીર નરનું અને અડધું નારીનું હતું. બ્રહ્માના આદેશથી રુદ્રે પોતાના શરીરને પુરુષ અને સ્ત્રી એવા બે વિભાગોમાં વિભક્ત કર્યું અને સૃષ્ટિપ્રક્રિયા આગળ વધી.

પુરાણો પ્રમાણે સૃષ્ટિઉત્પત્તિ કરવામાં ત્રિદેવની સક્રિય ભૂમિકા છે, પણ પ્રધાનતઃ બ્રહ્મા જ સૃષ્ટિનું નિર્માણ કરે છે. બ્રહ્માને સૃષ્ટિનિર્માણમાં વિષ્ણુ જ પ્રેરે છે. બધાં જ ભારતીય દર્શનોની સૃષ્ટિ ઉત્પત્તિની પ્રક્રિયા ઉપર સાંખ્યદર્શનનો ખૂબ જ પ્રભાવ પડેલો છે. સાંખ્ય સૃષ્ટિતત્ત્વોની સંખ્યા ગણાવે છે. સાંખ્યની તત્ત્વમીમાંસાનો પ્રભાવ પુરાણોની સૃષ્ટિઉત્પત્તિ મીમાંસા ઉપર પડેલો છે. સાંખ્ય પ્રકૃતિ અને પુરુષને મૂળતત્ત્વો ગણાવે છે. પુરાણો મુજબ તે બંને સૃષ્ટિઉત્પત્તિ સમયે પરમાત્મામાંથી જ આવિર્ભાવ પામે છે અ પ્રલયાવસ્થામાં તેમાં જ લીન થઈ જાય છે. પ્રકૃતિ અને પુરુષના અદ્વૈતનું પ્રતિપાદન કરે છે. વિષ્ણુની કાલશક્તિ જગતનું સર્જન અને લય કરે છે. કાલને રમત બનાવી પોતાના

સ્વરૂપને વિષ્ણુ સૃષ્ટિરૂપે પ્રગટ કરે છે.

જલ સતત પ્રવાહણશીલ છે. તેનો પ્રવાહ અટકતો નથી. આ જલપ્રવાહમાં સૃષ્ટિ ઉદ્‌ભવ અને લય પામતી રહે છે. સૃષ્ટિ એ વિષ્ણુની ક્રીડા છે. ડાર્વિનનો વિકાસ અંગેનો સિદ્ધાંત વૈજ્ઞાનિક છે, જ્યારે પુરાણોનો સિદ્ધાંત તાત્ત્વિક છે. ડૉ. આર. જે. જોશીના મતે 'ડાર્વિનનો સિદ્ધાંત પ્રાણીઓની ઉત્પત્તિ અને તેના વિકાસને વર્ણવે છે તેથી તે જૈવિક વિકાસનો સિદ્ધાંત છે, જ્યારે પૌરાણિક સિદ્ધાંત ભૌતિક પદાર્થો તથા સજીવ પ્રાણીઓની જગતમાં થતી વિકાસપ્રક્રિયાનો વિચાર કરતો હોવાથી તે જગત-વિકાસનો સિદ્ધાંત ગણાય છે.' ડાર્વિન સૃષ્ટિને માત્ર ભૌતિક પદાર્થોથી જ ઉત્પન્ન થતી દર્શાવે છે. પૌરાણિક સિદ્ધાંત પરમતત્ત્વ અને પ્રકૃતિની પારસ્પરિક પ્રક્રિયાના પરિણામસ્વરૂપ જગતને વર્ણવે છે અને તે બન્ને ઉપર ઈશ્વરને સ્થાપે છે. ડાર્વિનના સિદ્ધાંતમાં આત્મા, ઈશ્વર કે કોઈ સચેતનનું કોઈ સ્થાન જ નથી તે ઊણપ આપણો પૌરાણિક સૃષ્ટિઉત્પત્તિનો સિદ્ધાંત પૂરી કરે છે. ડાર્વિનનો વિકાસવાદી સિદ્ધાંત જડ તથા યાંત્રિક, પ્રયોજનરહિત, કાર્યકારણના નિયમથી નિયંત્રિત છે., જ્યારે પૌરાણિક સિદ્ધાંત વિકાસપ્રક્રિયાને હેતુલક્ષી માને છે.

જીવોની ઉત્પત્તિ તથા વિકાસ માટે ડાર્વિને કેટલાંક પરિબળો ગણાવ્યાં છે. આકસ્મિક પરિવર્તન દ્વારા નવી નવી જીવસૃષ્ટિ ઉત્પન્ન થાય છે. જે ટકી રહેવા માટે સૌથી વધુ યોગ્ય હોય તે ટકી રહે છે. જીવકોષોનો વિકાસ પેઢી દર પેઢીના પરિવર્તનથી થાય છે તેમ ડાર્વિનનો સિદ્ધાંત ગણાવે છે. પૌરાણિક સિદ્ધાંત પ્રમાણે જીવોનાં કર્મો અનુસાર પ્રકૃતિનો વિકાસ અને વિલય થાય છે. પૌરાણિક સિદ્ધાંત તાત્ત્વિક અથવા તો દાર્શનિક છે. તેથી તે જીવોમાં થતા પેઢી દર પેઢીનાં પરિવર્તનોની વિચારણામાં પડતો નથી. પુરાણો પ્રમાણે વિશ્વ-બ્રહ્માંડ-સૃષ્ટિ પરમાત્માનું વિરાટ સ્વરૂપ છે. બ્રહ્માંડ પરમાત્માના શરીરના અંશરૂપ છે.

સૃષ્ટિની ઉત્પત્તિ શામાંથી થઈ ? તેના કર્તા કોણ છે ? જેવા તત્ત્વજ્ઞાનને લગતા પ્રશ્નોની છેક વેદકાળથી ચર્ચા થતી રહી છે. વેદોથી સૃષ્ટિઉત્પત્તિની ચર્ચાનો પ્રારંભ થયેલો છે પણ તેનું આખરી સ્વરૂપ સ્મૃતિઓ અને વિવિધ પુરાણોમાં ઘડાયું છે. ભારતીય સાહિત્યના 'નાસદીય સૂક્ત'ના સાત મંત્રોમાં મળતી સૃષ્ટિસંબંધી વિચારણા પરથી ખ્યાલ આવે છે કે 'લોક'ના મનમાં આ રહસ્યમયી સૃષ્ટિ કેમ બની હશે તેની જિજ્ઞાસા બહુ પ્રાચીન સમયથી છે. અનેક શીર્ષાદિયુક્ત પુરુષ અમૃત અને અન્નથી પોષણ પામતો ઈશ છે. આ પુરુષને દેવોએ હવિષ તરીકે લઈ તેનાથી યજ્ઞ કર્યો. યજ્ઞમાંથી ઋતુઓ, અંતરિક્ષ, વન, પશુઓ ઉત્પન્ન થયાં. તેમાંથી વેદ અને છંદો નિર્માણ પામ્યા. બ્રાહ્મણ તે પુરુષનું મુખ, ક્ષત્રિયો તેની ભુજાઓ, વૈશ્યો તેની જાંઘ છે. ક્ષુદ્રો તેના ચરણોમાંથી પેદા થયા છે. તે પુરુષના મનમાંથી ચંદ્ર, નેત્રમાંથી સૂર્ય, મુખમાંથી અગ્નિ પ્રાણમાંથી વાયુ ઉત્પન્ન થયો. તેની નાભિમાંથી અંતરિક્ષ, મસ્તકમાંથી આકાશ, કર્ણમાંથી દિશાઓ અને પગમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. આ રીતે, પુરુષસૂક્તમાં સૃષ્ટિસર્જનના તાત્ત્વિક નિરૂપણ ઉપરાંત યજ્ઞસંસ્થાનો મહિમા પણ ગવાયો છે. આ પરમપુરુષને યજુર્વેદના રુદ્રાધ્યાયમાં રુદ્ર કે શિવ કહીને સર્વશક્તિમાન પ્રભુ ગણાવેલ છે.

સ્મૃતિસાહિત્યમાં અને ખાસ કરીને 'મનુસ્મૃતિ'માં સૃષ્ટિઉત્પત્તિ સંબંધી જે વિચારણા થયેલ છે તે ખાસ મહત્ત્વની છે. અવ્યક્ત એવું બ્રહ્મરૂપે પ્રગટ થાય છે. પછીએ બ્રહ્મ

પ્રજાસર્જનનો સંકલ્પ કરી પોતાના શરીરમાંથી પહેલાં જળને ઉત્પન્ન કરે છે અને જળમાં પોતાની શક્તિરૂપ બીજને સ્થાપે છે. તે બીજ સુવર્ણઅંડ બને છે. બ્રહ્મા જ એ હિરણ્યગર્ભ રૂપે થાય છે. 'નર' એટલે પરમાત્મા. નરનું સંતાન તે નારા. નારા એટલે જળ. જળ પરમાત્મ બ્રહ્મનું નિવાસસ્થાન છે. પરબ્રહ્મે સર્જેલ હોવાથી તે 'બ્રહ્મા' કહેવાય છે. આમ, અવ્યક્ત અવિનાશી બ્રહ્મમાંથી વ્યક્ત વિનાશી જગતની ઉત્પત્તિ થાય છે. બ્રહ્મા પંચ મહાભૂતોની સાથે જગતને સર્જે છે. બ્રહ્મા શરીરમાંથી ચાર વર્ણો ઉત્પન્ન કરે છે. પોતાના શરીરના બે ભાગ કરી એકમાંથી પુરુષ અને બીજામાંથી સ્ત્રીનું સર્જન કરે છે. આ સ્ત્રીમાં તેઓ 'વિરાજ' સર્જે છે. 'વિરાજ' પોતે તપ કરીને જે પુરુષને સર્જે છે તે 'મનુ' છે. મનુ દશ પ્રજાપતિઓને સર્જે છે.

હું કોણ ? સૃષ્ટિની ઉત્પત્તિ કોણે કરી ? જીવની ઉત્પત્તિ કેમ થઈ ? પહેલાં વૃક્ષ કે બીજ ? પહેલાં મરઘી કે ઈંડું ? આવાં પ્રશ્નો વિશે ધર્મ અને અધ્યાત્મક્ષેત્રે અને વિજ્ઞાનક્ષેત્રે વિચારાયું છે. દરેક સભ્યતા અને સંસ્કૃતિએ આ પ્રશ્નોનો વિચાર કર્યો છે. એમાંથી જ સૃષ્ટિઉત્પત્તિની કથાઓ જન્મી. ગીતો જન્મ્યાં. પુરાકથા રચાઈ. 'રમૈણી'નો અર્થ થાય છે સૃષ્ટિઉત્પત્તિ વિશેની વાણી. દરેક પ્રજાની આધ્યાત્મિક ચેતનાનું આરંભબિંદુ સૃષ્ટિની ઉત્પત્તિ છે. દરેક પ્રજા અને તેના ધર્મમાં પૃથ્વીની ઉત્પત્તિ અને જીવસૃષ્ટિના ઉદ્‌ભવ તેમજ વિકાસની પુરાકથાઓ છે. દરેક ધર્મ સૃષ્ટિની ઉત્પત્તિની કથામાં ક્રિયા સાથે વિશિષ્ટ પાત્ર જોડે છે. ઈસાઈ 'નોહ'ને પાત્ર રૂપે જોડે છે. આર્યો મનુને જોડે છે. વિવિધ પંથ-પરંપરાઓમાં પ્રાપ્ત 'રમૈણી' કે 'રવેણી' રચનાઓમાં સમગ્રવિશ્વના કંઠસ્થ પરંપરાના સહિત્યમાં મળતી સૃષ્ટિઉત્પત્તિની કથા એના આગવા રૂપે મળે છે.

કેટલીક જ્ઞાતિઓના મોટા જૂથનું ઇસ્લામ ધર્મમાં ધર્માન્તરણ થયું અને એને કારણે અસ્તિત્વમાં આવેલાં ધર્માન્તરિત જ્ઞાતિઓના સંતસાહિત્યમાં પણ સૃષ્ટિઉત્પત્તિની કથા મળે છે. લોહાણામાંથી ખોજા અને બ્રાહ્મણમાંથી વહોરા જ્ઞાતિ અસ્તિત્વમાં આવી. તેના ભક્તિસાહિત્યમાં સૃષ્ટિઉત્પત્તિની કથા મળે છે. સૂફી પરંપરા, સીધી ભગતપરંપરા વગેરેની વાણીમાં પણ એ કથા મળે છે. રવેણી રચનાઓમાં ધર્મરાજા અને માર્કન્ડ ઋષિના ઉલ્લેખો મળે છે. ડૉ. બળવંત જાની નોંધે છે કે : 'માર્કન્ડઋષિના માર્ગદર્શનથી ધર્મરાજા યુધિષ્ઠિરે, કુંતામાતાના કહેવાથી દ્રૌપદી પાસેથી મહાપંથની દીક્ષા લીધી. પછી એમણે રચેલી 'રવેણી'માં સૃષ્ટિની ઉત્પત્તિની કથા કહી છે.' રવેણી સૃષ્ટિઉત્પત્તિના કથાનકને સમવતો ભજનપ્રકાર છે.

સૃષ્ટિઉત્પત્તિની પુરાણોની કથાઓનો, લોકકથાઓનો, રવેણી રચનાઓનો પ્રભાવ ધર્માન્તરિત પ્રજાની કંઠસ્થ પરંપરાની વાણીમાં પણ જોવા મળે છે. લોહાણામાંથી મુસ્લિમ તરીકે ધર્માન્તરણ કરનારા ખોજાઓના પીર દ્વારા રચાયેલી ગિનાન રચનાઓમાં સૃષ્ટિઉત્પત્તિની કથા પ્રાપ્ત થાય છે. પીર શમ્સની ગિનાન રચનામાં સૃષ્ટિઉત્પત્તિની કથા આ રીતે મળે છે : 'વેદની વાણીનું પ્રાકટ્ય થયું નહોતું ત્યારે ખુદાવંદમાલિકે નાદ કર્યો. પછી ઈંડું ધારણ કરીને ફોડ્યું. જેમાંથી જમીન, આસમાન, પવન ને પાણી નીપજ્યાં. એક પલકારામાં ચોરાશી લાખ યોનિના જીવનું સર્જન કર્યું. અઢારવર્ણની રચના કરી.' સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. ડૉ. બળવંત જાની દ્વારા, પીર સદરૂદ્દીનરચિત 'ગિર્ભાવલીશાસ્ત્ર'માં

સૃષ્ટિઉત્પત્તિનો સંવાદ શિવ-દેવીના સંવાદરૂપે નિરૂપાયેલ છે તેનું સંશોધન થયું છે. અલહસન કબરૂદ્દીને રચેલી 'બ્રહ્મગાવંત્રી', અખાકૃત 'અખેગીતા' જેવી કૃતિઓમાં પણ સૃષ્ટિઉત્પત્તિનું કથાનક મળે છે. ડૉ. બળવંત જાનીના મતે શાસ્ત્રો-પુરાણોના સૃષ્ટિઉત્પત્તિના કથાનકને લૌકિક રૂપે પ્રસરાવવાની સાથે સાથે સંપ્રદાયની ઉત્પત્તિકથાનું આલેખન પણ સંતસાહિત્યમાં છે. 'જુગેશરનાગિનાન' પ્રકારની નિજારી ઇસ્માઇલી પંથની ગિનાન રચનાઓ સૃષ્ટિઉત્પત્તિની કથા સંદર્ભે ધ્યાનપાત્ર છે. વહીવંચા બારોટના ચોપડાઓમાં ગદ્ય તથા પદ્યમાં સૃષ્ટિઉત્પત્તિની કથાનું આલેખન મળે છે.

સૃષ્ટિની ઉત્પત્તિના સમયથી આદિધર્મ ચાલ્યો આવે છે. તેને મૂળધર્મ, મહાધર્મ, સનાતનધર્મ કહે છે. સમગ્ર બ્રહ્માનાં સર્જનનું આધારભૂત તત્ત્વ છે, જેણે સર્વ જડ-ચેતનમય સૃષ્ટિને ધારણ કરેલ છે, સૃષ્ટિનાં બધા જ ચેતન તથા અચેતનમય પદાર્થો જેમાંથી પ્રાદુર્ભાવ પામી જેની શક્તિ ટકી રહે છે એ મૂળતત્ત્વ. તેનાથી પ્રગટેલ ધર્મ તે મૂળધર્મ. શ્રી મુકુન્દચંદ્ર નાગર 'પીર પરંપરા'માં પ્રચલિત સૃષ્ટિઉત્પત્તિની કથા આ પ્રમાણે નોંધે છે : જ્યારે સ્વયંભૂને સૃષ્ટિની રચના કરવાની ઇચ્છા થઈ ત્યારે, તેમના શ્વાસોચ્છ્‌વાસરૂપી બે વચન પ્રગટ થયાં. તેમાંથી એક તેજ પંજરની રચના થઈ. જેમાં સ્વયંભૂએ પોતાનું રતી તેજ મૂકી 'શક્તિ' ઉત્પન્ન કરી. સ્વયંભૂએ ટચલી આંગળીના નખ વડે શક્તિના શરીરમાં ચીરો કરી તેમાંથી રુદ્રકળશ ભર્યો. તે કળશમાં નિર્મળ જળ હતું. તે પ્રથમ જળ થયું. તે જળે આ સૃષ્ટિને ધારણ કરી.

મહાપંથની પુરાકથા પ્રમાણે સૃષ્ટિના સર્જનના મૂળમાં શક્તિ છે. આદ્યશક્તિ સાત કલ્પ સુધી કમળમાં રહ્યાં ને આકાશે ચડી બાર વરસની આરાધના કરી. નકળંગના પાટની સાથે જ જ્યાં દેવીપૂજન સંકળાયું છે ત્યાં પણ સૃષ્ટિની ઉત્પત્તિની આવી જ કથા મળે છે. પૃથ્વી અને ત્રિદેવના પ્રાકટ્યનું મૂળ પ્રકૃતિ છે, પુરુષ નથી તેવું આ શક્તિધારા માને છે. આ ધારા જ આર્યો ભારતમાં આવ્યા એ પહેલાંની આદિ પરંપરાની છે. આર્યધર્મમાં સૃષ્ટિઉત્પત્તિની કથા આ મહાપંથના આદિસ્રોતમાંથી આવી હોવાનું ડૉ. હસુ યાજ્ઞિક માને છે. આ દેવીના જ સ્તોત્રનું માર્કન્ડઋષિએ પ્રશિષ્ટ ધારામાં રૂપ બાંધ્યું. ભારતીય આર્યોએ સૃષ્ટિઉત્પત્તિનો વિચાર સ્વીકાર્યો, પરંતુ એનું પુરુષસૂક્ત રચાયું અને એને અગાઉ રચાઈ ચૂકેલા ઋગ્વેદમાં સાંકળ્યું. પરંતુ ત્યાં કેન્દ્રમાં પુરુષ છે. મધ્યપૂર્વનું માનસ પુરુષપ્રધાન છે. સ્ત્રી એને મન પોતાના અધિકારની વસ્તુ છે. વેદ જેવા પ્રાચીનતમ સાહિત્યમાં જે કથાઓ છે તે મૂળે તો લોકકથાઓ જ છે. સૂક્તનાં રૂપમાં લોકકથાઓ જ છે. પુરાણસાહિત્ય તો એક અનેરું લોકસાહિત્ય છે.

મહાપંથમાં અલખપુરુષનો મહિમા અને સૃષ્ટિની ઉત્પત્તિ વિષે માર્કન્ડઋષિનાં ભજનો છે. એને મળતાં જ ભજનો ઓરિસાના 'અલેખ સંપ્રદાય'માં મળતાં હોવાનું શ્રી મકરન્દ દવેએ નોંધ્યું છે. સૃષ્ટિની ઉત્પત્તિ અને મહાપંથની સ્થાપનાનાં સંબંધમાં માર્કન્ડઋષિનું ભજન મળે છે એવું જ પદ ઓરિસામાં અલેખ સંપ્રદાયનું છે. ત્યાં દેવીને બદલે બ્રહ્મા જ કમળનાળમાં ફર્યા કરે છે, પછી કમળ પર બેસી તપસ્યા કરે છે અને અલેખ પુરુષ પાસેથી સૃષ્ટિઉત્પત્તિનો આદેશ મેળવે છે. અલેખ પુરુષે પ્રથમ વિષ્ણુરૂપ ધર્યું, એમાંથી નિરાકાર રૂપ પ્રગટ થયું. નિરાકાર જલશય્યામાં શયન કરતાં યોગનિદ્રામાં પડ્યા.

એની ધ્યાનકલાથી જ્યોત પ્રસરી અને એના ઉચ્છ્વાસથી જળ-પવન ખળભળ્યાં. તેમાંથી કાલ-પુરુષનો જન્મ થયો, જેણે કમળનું રૂપ ધારણ કર્યું. કમળના કેસરમાં બ્રહ્મા જન્મીને ઊભા થયા. બ્રહ્માએ શાંત મને તપસ્યા કરી. તપસ્યાને કારણે અલેકપુરુષે બ્રહ્માને જળમાં સૃષ્ટિની ઉત્પત્તિ કરવાનો આદેશ આપ્યો. મારગી સંતવાણીમાં અલખ પુરુષ સગુણસાકાર બની રામદેવપીરનો અવતાર લે છે. યોગસાધનાની સંતવાણીમાં આદ્ય અને આદ્યાએ પ્રથમ દેવતાઓની સૃષ્ટિ રચી. પછી ચાર સિદ્ધોની ઉત્પત્તિ થઈ. પાછળથી કન્યા પણ ઉત્પન્ન થઈ. નામ રાખવામાં આવ્યું ગૌરી. આદ્યના આદેશથી શિવે ગૌરી સાથે લગ્ન કર્યાં, અને પૃથ્વી પર અવતર્યા.

સૃષ્ટિના સર્જનની જે પ્રક્રિયા છે એ પ્રક્રિયામાં સદાકાળ જેણે શોધ કરી છે તેમણે જોયું કે એ પ્રક્રિયા ત્રણ ચીજો પર નિર્ભર છે. આચાર્ય રજનીશ સૃષ્ટિઉત્પત્તિ સંદર્ભે કહે છે કે., અત્યારે જ્યારે વિજ્ઞાને પણ અણુની શોધ કરી, તો તેને દેખાયું કે અણુ પણ બહુ ઊંડાણમાં તોડીએ તો ત્રણ ચીજોમાં તૂટી જાય છે. ઇલેક્ટ્રૉન, પૉઝિટ્રૉન અને ન્યૂટ્રૉનમાં અણુનું વિભાજન થાય છે. જે લોકોએ ધર્મના જગતમાં ભારે ગહન અંતર્દૃષ્ટિ પ્રાપ્ત કરી છે તેમણે પણ જગતને ત્રણ વિભાગમાં વિભાજિત કરીને જોયું છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ ત્રણ શબ્દ ધર્મ દ્વારા સૃષ્ટિની સર્જનપ્રક્રિયાના ત્રણ વિભાગનાં નામ છે. બ્રહ્મા જન્મદાતા, સ્રષ્ટા બનાવનાર, ક્રિએટિવ ફૉર્સ છે. એમાં શંકર-શિવ-મહેશ વિધ્વંસ, પ્રલય, વિનાશ, અંતની શક્તિ છે. વિષ્ણુ આ બન્નેની વચમાં છે. સંસ્થાપક, ચલાવનારા. આ ત્રણે શક્તિઓનાં નામ છે. સર્જન અને વિધ્વંસની વચમાં જીવનની જરૂર છે. જીવનની જે ઊર્જા છે, એલાનવાઇટલ છે, એ વિષ્ણુ છે. એટલા માટે બધા અવતાર વિષ્ણુના અવતાર છે. જીવનનું નામ વિષ્ણુ છે. જે ઊર્જા, જે ઍનર્જી, જે એલાનવાઇટલ રામ-કૃષ્ણમાં પ્રગટ છે એ જ આપણાં સૌમાં પણ પ્રગટ થઈ રહેલ છે. વિષ્ણુ કેવળ શક્તિનું નામ છે. કાવ્યાત્મક ભાષા પ્રત્યેક શક્તિને વ્યક્તિવાચી બનાવી દે છે. પ્રાચીનકથાઓ એ રીતે કાવ્ય છે. વિધાયક શક્તિનું નામ છે. પૉઝિટ્રૉન. પૉઝિટિવ ઇલેક્ટ્રિક. વિધાયક વિદ્યુત. બ્રહ્મા. શબ્દ બ્રહ્મની શક્તિ છે. સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રારંભ શબ્દથી થયો છે.

સંતવાણીમાં સૃષ્ટિની ઉત્પત્તિની કથા મળે છે તેમ ભીલ આદિવાસીની ભજનકથા ‘ધૂળાના પાટ’માં પણ આ કથા મળે છે. મહાપંથી જીવનદર્શન સાથે ધૂળના પાટને સંબંધ છે. ભીલ આદિવાસી ભજનકથા પ્રમાણે, જળુકાર ભગવાન અને ઉમિયાદેવીએ સાથે મળી શનિવારે ધરતીની રચના કરી હતી. સૃષ્ટિના સર્જનની સાથે જ નિજારપંથ જન્મ્યો હોવાનું મનાય છે. નિજારપંથ પ્રમાણે જ્યારે પિંડ ને બ્રહ્માંડમાં વાણી ન હતી, આકાશમાં સૂર્ય, ચંદ્ર ને તારા ન હતા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ન હતા ત્યારે સ્વયંભૂ નિરંજનનિરાકાર પ્રભુ હતા. અને તેમણે આ બ્રહ્માંડનું સર્જન કર્યું. બ્રહ્માંડની ઉત્પત્તિ શબ્દ વડે થઈ છે. શબ્દમાંથી જમીન-આસમાન પેદા થયાં. નૂરીજન, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, કુંવારીકન્યા પેદા થયાં. સ્વયં નિરંજનદેવને લીલા કરવાની ઇચ્છા થઈ અને તેમણે નાભિમાંથી શક્તિ(સ્ત્રી)નું સર્જન કર્યું. આ શક્તિએ માનવ ઉત્પન્ન કરી, ધરતી ઉપર ધર્મની સ્થાપના કરી. ડૉ. નાથાલાલ ગોહિલ દ્વારા ‘માતંગ પુરાણ’ની બારમતી સંપ્રદાયની સૃષ્ટિઉત્પત્તિની કથા આપવામાં આવી છે. નિરંજન નિરાકાર અલખધણીએ એક પવનરૂપી ગોટો બનાવ્યો, તેમાં રતીભાર

તેજ મૂક્યું, આ તેજ રતીમાંથી એક પારારૂપી જીવ સર્જાયો, અલખદેવે પોતાની નાભિમાંથી કમળ ઉત્પન્ન કર્યું તેમાંથી આદ્યશક્તિ પ્રગટ થયાં. આદ્યશક્તિએ બ્રહ્માને ઉત્પન્ન કર્યા. પછી વિષ્ણુને ઉત્પન્ન કર્યા. પછી મહેશદેવને ઉત્પન્ન કર્યા. મહાશક્તિનો દેહ બળી જાય છે. બીજો દેહ ઉમૈયાદેવીનો ધરે છે. પચી શિવ સાથે જોડાય છે. શિવ-શક્તિએ મળી બારમતી ધર્મ ચલાવ્યો. શિવ મોર પક્ષી બને છે. આદ્યશક્તિ ઢેલ સ્વરૂપ ધારણ કરે છે. મહાદેવ મોરસ્વરૂપે આંખોમાંથી બિંદુ ઝેરે છે તેમાંથી આદ્યશક્તિ ઢેલ સ્વરૂપે પંદર બિંદુઓ મુખમાં લે છે. તેનાં ઈંડાં બને છે. એક ઈંડામાંથી અસંખ્ય જીવસૃષ્ટિ, સમુદ્ર, પૃથ્વી, મેરુ પર્વત, શેષનાગ, દેવ-દાનવ એ રીતે સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે.

શંખાબોલ મંત્રોનું શાસ્ત્ર ગુપ્ત છે. તેથી તેની પોથીપરંપરા નહિ પણ કંઠસ્થ પરંપરા છે. પાટઉપાસના તથા શંખઢોળવિધિ સમયે કંઠસ્થ પરંપરાની સૃષ્ટિઉત્પત્તિની કથા કહેવાય છે. એ પંરપરા ગુપ્ત હોવાથી અમુક લોકો જ તે જાણે છે. ડૉ. નિરંજન રાજ્યગુરુએ કેટલાક મંત્રો નોંધ્યા છે તે પરથી ખ્યાલ આવે છે કે તેમાં પણ સૃષ્ટિઉત્પત્તિની કથા છે. શંખાઢોળ વિધિ પછી પાટની ગાદીના આચાર્ય દ્વારા ગર્ભગાયત્રી અને અઘોરગાયત્રી બોલાય છે. ધરતીગાયત્રી પછી મરણોત્તર વિધિ પૂરી થાય અને પારવિધિ ચાલુ રહે છે. પાટની જ્યોત વહેલી સવાર સુધી જાગ્રત રહે ત્યાં સુધી ભજનગાન થાય. મરણની વિધિ સમયે ગવાતી ગર્ભગાયત્રી સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ અને સર્જનની વાત વર્ણવે છે. મૂળ આત્માની ઉત્પત્તિ નાદમાંથી થઈ છે. શંખાઢોળમાં બોલાતી ‘શંખગાયત્રી’માં સુન્નમંડળથી સૃષ્ટિસર્જનમાં પ્રવર્તતા પાંચ મહત્ત્વના નાદોનો ઉલ્લેખ આવે છે. શંખાબોલ મંત્રો સાથે સાંખ્યશાસ્ત્રનો, સૃષ્ટિની ઉત્પત્તિનો તથા માનવપિંડના ઉદ્‌ભવનો સંબંધ છે.

પ્રાચીન ભારતનો ઇતિહાસ સ્વાયંભુવ મનુથી પ્રારંભાય છે. જેણે સરસ્વતીને કિનારે પ્રથમ સુસંસ્કૃત માનવોની વસાહતનું નિર્માણ કર્યું. સ્વાયંભુવ મનુને બે પુત્રો હતા : ઉત્તાનપાદ અને પ્રિયવ્રત. સ્વાયંભુવ મનુની પિસ્તાળીસ પેઢીઓએ રાજ્ય કર્યું તે પછી પ્રલય થયો. પ્રલય પછી વૈવસ્વતમનુએ નવી સૃષ્ટિનું સર્જન કર્યું. પ્રજાપતિઓમાં દક્ષ અને કશ્યપ મુખ્ય હતા. અદિતિ અને કશ્યપનાં સંતાનો આદિત્ય કહેવાયા. અદિતિને બાર પુત્ર થયા તેમાં સૌથી નાનો સૂર્ય હતો. સૂર્યનું નામ વિવસ્વાન હતું. તેમનો પુત્ર વૈવસ્વત મનુ કહેવાયો.

આ સૃષ્ટિ અને જળસૃષ્ટિના ઉદ્‌ભવવિકાસનો પહેલો તબક્કો છે. પૂરનું પાણી પ્રલયકાળે અનેક ખંડો પર ફરી વળ્યું હતું એથી જ પ્રલયની કથાઓ સમાન છે. તેથી પાછળનો આદિમ અનુભવ સમાન છે. સૃષ્ટિઉત્પત્તિની કથાનો બીજો તબક્કો જળપ્રલય પછી બચેલી અને પુનઃઉત્પન્ન થયેલી સૃષ્ટિનો છે. નર-માદાનાં જોડાં, જીવસૃષ્ટિનાં બીજ વગેરે બચાવી ફરી નવી સૃષ્ટિનો આરંભ થયાની કથા છે. બાર બીજોને બચાવીને નવસર્જન થાય છે. છોકરા-છોકરીને બચાવીને માનવસૃષ્ટિનો ફરી વિકાસ થાય છે. કનસરીકથામાં સૃષ્ટિનાં સર્જન, જળપ્રલય અને સૃષ્ટિનાં પુનઃસર્જનની કથા છે. શાક્તપરંપરાએ સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર આદ્યશક્તિમાની છે.

મનુષ્ય અને અન્ય જીવજંતુઓની આદિસૃષ્ટિની ઉત્પત્તિ હિમાલય આસપાસની ભૂમિ પર થઈ હતી. દુનિયાનો સૌથી ઊંચો પઠાર હિમાલયનો તિબેટ પ્રદેશ છે.

'અજનાભખંડ' તરીકે ઓળખાતો પ્રદેશ તે આ હિમાલય અને 'નો પ્રદેશ. 'અજનાભ'નો અર્થ 'નાભિમાંથી ઉત્પન્ન થયેલું, 'એવો થાય. બીજો અર્થ 'બ્રહ્માની નાભિ' એવો છે. મહાભારત સમયે આ પ્રદેશ નંદનકાનન નામક દેવરાજ ઇન્દ્રનો દેશ હતો. જે પ્રદેશ 'સ્વર્ગ' તરીકે ઓળખાતો. આ જ પ્રદેશમાં શિવજી તથા અન્ય દેવો પણ નિવાસ કરતા. સેંકડો વર્ષો પહેલાં એ ધરતી જળપ્રલયને કારણે જળથી ઢંકાઈ ગઈ હતી. કૈલાશ, ગૌરીશંકરના શિખર સુધી પાણી ચડી ગયું હતું. ઓમકારેશ્વરસ્થિત માર્કન્ડેયઋષિના આશ્રમ જેવા થોડા વિસ્તારોમાં જ પાણી ભરાયું નહોતું. ઘણા મહિનોઓ સુધી વૈવસ્વત મનુએ હોડીમાં જ દિવસો ગુજાર્યા. ત્યારબાદ તેમની હોડી ગૌરીશંકરના શિખરથી થઈને નીચે ઊતરી હતી. ધીમે ધીમે જનસંખ્યાની વૃદ્ધિ અને વાતાવરણ- પરિવર્તનને કારણે વૈવસ્વત મનુનાં સંતાનો જુદી જુદી ભૂમિ પર જઈને વસ્યાં. પહેલાં બધાં દ્વિપ પર એકઠાં હતાં. આ જોડાયેલી ધરતી પર જ હિમાલયની નીચેની શ્રેણીઓ પાર કરી, મનુનાં સંતાનો ઓછી ઊંચાઈવાળા પહાડી વિસ્તારોમાં વસતાં હતાં. પછી જેમ જેમ જળસ્તર ઘટતું ગયું તેમ તેમ વધુ મધ્યભાગમાં આવતાં ગયાં. મનુનાં કુળ ફેલાયાં તે બધાં માનવો. મનુથી માનવજાતનું સાતત્ય જળવાયેલું રહ્યું. પુનઃ સૃષ્ટિઉત્પત્તિ કરનાર યુગપુરુષ મનુ.

કણાભસૂત્રીય 'ડી.એન.એ.'ની એક ખાસિયત એ હોય છે કે તે ફક્ત સ્ત્રીમાં જ હોય છે. એટલે કે તે માતાથી તેની પુત્રીમાં જ વારસાગત રીતે આવે છે, પુત્રમાં નહિ. 1990ના દશકથી માનવને જન્મ આપનારી માતાનું મૂળ જાણવાનું કામ શરૂ થયું. બ્રિટિશ વૈજ્ઞાનિક સ્ટીફન ઓપનહોરે વિશ્વના અલગ અલગ દેશો અને ખંડોમાં જઈ દરેક પ્રકારની પ્રજાતિઓનાં ડી.એન.એ. સૅમ્પલ લીધાં અને વર્ષો પછી તેમનાં સંશોધન પરથી તારણ કાઢી 1998માં પુસ્તક બહાર પાડ્યું, તેનું નામ છે 'ઇડન ઇન ધ ઈસ્ટ' મતલબ કે આદમ અને ઈવનું નિવાસસ્થાન પૂર્વમાં છે. શ્રી કૌશિક ચૌધરી નોંધે છે કે; આધુનિક માનવોના પૂર્વજ લુપ્ત પામ્યા હતા. આફ્રિકાની બહાર વસતા તમામ લોકોનાં મૂળ એક છે. બધાં એક જ માનવસમૂહના વંશજ છે.

કણાભસૂત્રમાં એક સ્ત્રીનું ડી.એન.એ. તેના આગળના વંશમાં થોડું થોડું ઉત્ક્રાન્ત થતું જાય છે. અને અમુક પેઢીઓ પછી તે નવી ઉત્ક્રાન્તિ પામ્યા હોય તેવા જીન્સની એક આખી ડાળી બનાવી દે છે. અમુક પેઢીઓ પછી તે નવી ઉત્ક્રાન્તિ પામીને બીજી ડાળી બને છે અને એમાંથી ત્રીજી. કણાભસૂત્રીય ડી.એન.એ. એક વૃક્ષની માફક ફેલાતું જાય છે. તેથી તેની એક ડાળીને પકડીને તે ડાળી ક્યાંથી આવે છે તે શોધતાં શોધતાં તમે થડ સુધી પહોંચી શકો છો. આ થડસ્થાનને L3 નામ આપવામાં આવ્યું છે. આ L3 તમામ મહિલાઓમાં જોવા મળે છે.

આ L3 પ્રકારનું કણાભસૂત્રીય ડી.એન.એ. ધરાવતી મહિલાઓ આફ્રિકામાં છે. L3 ધરાવતી નવી ડી.એન.એ. ડાળીવાળી મહિલાઓ આજના અફઘાનિસ્તાન અને ઈરાનનાં પ્રદેશમાં એટલે કે પ્રાચીન સિંધુખીણની સંસ્કૃતિના પ્રદેશમાં મળી છે. આ ઉપરાંત મધ્ય-દક્ષિણ ભારત, દક્ષિણપૂર્વ એશિયાના પ્રદેશ અને ઑસ્ટ્રેલિયાના મૂળ રહેવાસીઓમાં તેમજ મધ્યપૂર્વ એશિયા (આરબદેશો)માં, દક્ષિણ અને મધ્ય યુરોપમાં અને એ રીતે સમગ્ર વિશ્વની મહિલાઓની ડી.એન.એ. લાઇન અને તેમનો સમય મળે છે. દક્ષિણ યુરોપના લીવેન્ટ

પ્રદેશમાં આજે ક્રીટ ટાપુ આવેલો છે, ત્યાં 90 હજાર વર્ષ પહેલાં અતિશય વરસાદ અને શીતયુગના પ્રદેશમાં તે ફેરવાઈ જવાથી એક જાતિ નાશ પામી. તેના ડી.એન.એ.ની કોઈ ડાળીઓ વિશ્વમાં ક્યાંય મળતી નથી.

ડૉ. કૌશિક ચૌધરીના મતે 'ભારતીય ઉપખંડની માનવજાતિના ડી.એન.એ. પ્રમાણે, અત્યારે દુનિયાની મોટાભાગની માનવજાતિ તેની જ શાખાઓ છે.' કણાભસૂત્રીય ડી. એન.એ. પ્રમાણે આફ્રિકા સિવાયની સમગ્ર માનવજાતિ આ ભારતીય ઉપખંડના માનવસમૂહની વંશજ છે. આ માનવસમૂહે આજના ઈરાન અને અફઘાનિસ્તાનના પ્રદેશમાં સભ્યતા ઊભી કરી છે. આ જ સભ્યતાનો એક માનવસમૂહ આજના મધ્ય અને દક્ષિણ ભારત તથા દક્ષિણ એશિયા અને ઑસ્ટ્રેલિયા તરફ જાય છે. આ જ ભારતીય ઉપખંડની મૂળ માનવ-વસાહતમાંથી કેટલોક સમૂહ આજના મધ્ય-પૂર્વ દેશો અને યુરોપ તરફ પ્રયાણ કરે છે. એ જ રીતે ત્રીજો એક સમૂહ મૂળ ભારતીય વસાહતમાંથી ચીન, જાપાન અને ઉત્તર એશિયા તરફ પહોંચે છે. અને ત્યાંથી પણ આગળ વધતો વધતો તે આજના ઉત્તર અને દક્ષિણ અમેરિકાખંડોમાં પહોંચે છે. આમ, ડી.એન.એ.ની આ વૈજ્ઞાનિક શોધખોળ આપણને જવાબ આપે છે કે સિંધુખીણની વૈદિક સંસ્કૃતિ ઊભી કરનાર માનવસમૂહમાંથી જ વિશ્વના મોટા ભાગના લોકો અલગ પડ્યા છે. આફ્રિકા સિવાયની સમગ્ર દુનિયામાં સિંધુખીણની વૈદિક સંસ્કૃતિ ઊભી કરનારી પ્રજાના વંશજો જ વસે છે.

લાખો વર્ષ પહેલાં ગોન્ડવાના નામથી ઓળખાતો ખંડ હતો. કોઈ કાળે ભયંકર વિસ્ફોટ થયો અને આજના ખંડો જુદા પડ્યા. ત્યારથી પૃથ્વીનો આજનો નકશો બન્યો. એશિયાની કેટલીક પ્રજાઓ તિબેટ, ચાઇના, મંગોલિયા, સાઇબીરિયા અને અલાસ્કા થઈને ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકાના થોડા ભાગ સુધી કટકે કટકે ફેલાય. અમેરિકામાં આજે તે 'રેડ ઇન્ડિયન' કહેવાય છે. લોકમાન્ય બાળગંગાધર ટિળક વૈદિક સાધનો અને ઝન્દ-અવેસ્તાના 'વેન્દિદાદ' વગેરે સાધનોની મદદથી, પ્રલયપુરના સિદ્ધાંતને અગ્રતા આપી આર્યો કેવી રીતે ખસ્યા તેનો ખ્યાલ આપે છે. વૈદિક ઋષિઓના સ્મરણમાં છેલ્લા પ્રલયપૂર પૂર્વેના જે કોઈ બનાવ ઊતરી આવેલા હતા તે સૂક્તોમાં ગાવામાં આવ્યા એ એમણે બતાવ્યું છે. માછલીએ દ્રમિલ રાજાને કહ્યું કે સાત દિવસ પછી જળપ્રલયમાં પૃથ્વી ડૂબી જશે માટે એક નૌકામાં પૃથ્વીવાસીઓને બેસાડી બચાવી લો. જૈનોના મતે લોકસૃષ્ટિનો કોઈ કર્તા કે ઈશ્વર નથી પણ પ્રલય થવાનાં સમયે વૈતાઢ્ય પર્વતમાં બધા પ્રકારના જીવોનાં જોડાં (પેર) રહી જાય છે, તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે.

વૈશ્વિક પ્રલયમાં પૃથ્વીની મધ્યમાં જોડાયેલ ભૂમિનો સ્તર ફાટ્યો. તેમાંથી ભૂખંડો અલગ થયાં. સમુદ્રોનાં પાણી ભરાયાં. વર્તમાન છ ખંમડની પૃથ્વી એક સમયે અખંડ હતી. જેને 'ગોન્ડવાના લૅન્ડ' તરીકે ઓળખવામાં આવે છે. હિમાલયના જન્મ પહેલાં 'ગોન્ડવાના લૅન્ડ' અસ્તિત્વમાં હતો. ભૂગર્ભમાં ફેરફાર અને જળપ્રલયના લીધે અખંડ પૃથ્વી અલગ અલગ ખંડોમાં વહેંચાઈ ગઈ. ડૉ. ભગવાનદાસ પટેલના મતે., સાંપ્રત ભારતનો ઇતિહાસ મહાજળપ્રલયના અંત પછી આરંભાય છે. ભારતની એક પૂર્વકાલીન જાતિ–ભીલ આદિવાસીઓની કંઠસ્થ પરંપરાની કથાઓમાં સૃષ્ટિની ઉત્પત્તિની કથા કહેવાય છે. ઋતુચક્ર પ્રમાણે આવતા ભીલોના ધાર્મિક-સામાજિક પર્વ-પ્રસંગે ગવાતી અને કહેવાતી

સૃષ્ટિઉત્પત્તિની કથાનાં દસ પાઠાંતરો તો સહેજે પ્રાપ્ત થાય છે. દુનિયાના બધા ધર્મો આ મોટા પૂરની વાત કરે છે. ભારતીય, યુનાની, મિસર વગેરેની કથાઓ ધ્રુવપ્રદેશમાં બરફ પીગળવાથી આવેલા પ્રલયપૂરની સ્મૃતિ છે.

ભારતીય શાસ્ત્રોમાં શરૂઆતના સમયનું વર્ણન 'સતયુગ' કે 'ક્રીતયુગ' તરીકે આવે છે. ડૉ. કૌશિક ચૌધરી નોંધે છે કે., આદમ અને ઈવનાં પેલાં ફળ આરોગ્ય પહેલાં આવા જ એક સુવર્ણયુગની વાત બાઇબલના જૂના કરારમાં પણ છે. બંને શાસ્ત્રોમાં આ સતયુગના અંતિમ સમયમાં માનવજાતિના એક રક્ષકની વાત આવે છે. ભારતીય શાસ્ત્રમાં તેને 'મનુ' અને બાઇબલમાં તેને 'નોહ' તરીકે ઓળખાવાયો છે. સતયુગના અંતિમ સમયે મત્સ્ય રૂપે સ્વયં ઈશ્વર આ મનુ પાસે આવ્યા અને કહ્યું કે આજથી અમુક સમય પછી એવું ભયંકર પૂર આવશે અને માનવવસવાટના આ પ્રદેશને પાણીથી ઢાંકી દેશે. આથી મનુએ એક મોટું જહાજ બનાવ્યું અને મનુષ્યસહિત બાકીના તમામ સજીવોના અમુક પ્રતિનિધિઓને તેમના બીજ તરીકે તે જહાજમાં બેસાડી અહીંથી દૂર લઈ ગયા. બાઇબલમાં બિલકુલ આ જ રીતે ઈશ્વરના દૂતો નોહ પાસે આવ્યા અને તેને પણ તમામ સજીવોનાં બીજને એક મોટા જહાજમાં લઈ ત્યાંથી દૂર લઈ જવા આદેશ આપ્યો.

મનુ અને નોહ ઈશ્વરના કહેવા અનુસાર પૂર સમયે તમામ પ્રાણીઓ અને વનસ્પતિઓનાં બીજ લઈને જહાજમાં આગળ નીકળી ગયા. એ પર્વતની ચોટી પર જઈને જહાજને પાર્ક કર્યું. મનુની વાતમાં એ પર્વતને મલય પર્વત કહે છે અને નોહની વાતમાં એને હરમેની પર્વત કહે છે. પાણી જ્યારે ઓસરી ગયું ત્યારે તે તમામ સજીવ બીજોમાંથી સજીવસૃષ્ટિ આગળ વિકસી, મનુના વંશજો મનુષ્ય કહેવાયા. જેના પરથી માનવ, મેન, હુમન વગેરે નામો થયાં, બેબિલોનિયોન સંસ્કૃતિનાં શાસ્ત્રોમાં 'ઉત્તનાપીશ્તીમ' નામના રક્ષક સાથે સૃષ્ટિઉત્પત્તિની કથા કહેવામાં આવી છે. ઑસ્ટ્રેલિયાના મૂળ રહેવાસીઓમાં પણ માનવજાતિના રક્ષકની બિલકુલ મનુ જેવી જ કથા છે.

દુનિયાની દરેક સભ્યતામાં પૂર આવ્યું અને તે દરેક જગ્યાએ વસતા લોકોમાંથી કોઈ એક પાસે ઈશ્વર કોઈ ને કોઈ સ્વરૂપે આવ્યા અને તે દરેકને બોટ બનાવવાનું જ કહ્યું અને સજીવોનાં બીજ લઈને એક પર્વતની ટોચે પહોંચવા કહ્યું. ડૉ. કૌશિક ચૌધરીના મતે 'અસલમાં આવી એક જ ઘટના બની, જેનું નિરૂપણ માનવજાતિના કોઈ એક શરૂઆતી સમૂહે પોતાનાં શાસ્ત્રોમાં કર્યું અને જ્યારે તે સમૂહમાંથી માનવોનાં ટોળાંઓએ અલગ અલગ સ્થાને સ્થળાંતર કરી નવી સભ્યાતાઓને જન્મ આપ્યો ત્યારે તે દરેક સભ્યતામાં માનવજાતિના મૂળ રક્ષક એવા મનુ, નોહ કે ઉત્તનાપીશ્તીમની વાત ચાલુ રાખવામાં આવી.' સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર એવા મનુ, નોહ કે ઉત્તનાપિશ્તીમનાં અલગ અલગ નામો પાછળ પણ સામ્યતા મળી આવે છે. મનુને સંસ્કૃતમાં 'મનુઃ' (મનુહ) તરીકે ઉચ્ચારવામાં આવે છે. આ મનુહમાંથી મનોહ અને મનોહમાંથી ધીરે ધીરે 'નોહ' થયું. મહાભારતમાં ઉત્તાનપાદ નામના મનુના પુત્રની કથા આવે છે, જેનું રાજ્ય પશ્ચિમમાં હતું. મનુની વાત બેબિલોનિયનોમાં મનુના પુત્ર ઉત્તાનપાદના નામે ચઢી. ટૂંકમાં, બાઇબલ અને બેબિલોનિયન સંસ્કૃતિ શરૂ કરવાવાળા લોકો ક્યારેક મનુની કથા લખવાવાળી એ શરૂઆતી વૈદિક સભ્યતાના અંગ રહ્યા હતા.

મહાભારતમાં, બૌદ્ધ અને જૈનધર્મનાં શાસ્ત્રોમાં અને સંતવાણીમાં મળતાં 'મેરુપર્વત'ની વાત આફ્રિકામાં પણ મળે છે. તાન્ઝાનીઆ દેશના આરુશપ્રદેશની ઉષાનદીને કિનારે 'માઉન્ત મેરુ' હોવાનો ઉલ્લેખ છે. મહાભારતમાં આરુશપ્રદેશની મનુની પુત્રી આરુશીની કથા છે. ભારતીય શાસ્ત્રોમાં અને આફ્રિકાની કથાઓમાં 'મેરુ પર્વત' મળે છે. પશ્ચિમના કેટલાક વિદ્વાનો મેરુપર્વતને જ 'હર-મેની' પર્વત માને છે જ્યાં નોહે પોતાનું જહાજ પાર્ક કર્યું હતું. આફ્રિકામાં 'મેરુ'ને 'મેનીપર્વત' પણ કહે છે. સતયુગ કે ક્રીતયુગમાં જ્યારે પૂરથી સૃષ્ટિ નાશ પામવાની હતી ત્યારે જ મનુ જેવો રક્ષક સજીવોના એક સમૂહને લઈ તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે. આ જે સૃષ્ટિ ઉત્પન્ન થઈ તેણે મનુની કથાના વર્ણન સાથે જ પોતાનાં શાસ્ત્રો શરૂ કર્યાં.

ભારતના મુખ્ય બે રાજવંશો–સૂર્યવંશ અને ચંદ્રવંશ–જ સમગ્ર વિશ્વમાં પ્રસર્યા હોવાનું શ્રી કે. કા. શાસ્ત્રી માને છે. સમગ્ર પૌરાણિક પ્રણાલીમાં બે મુખ્ય રાજવંશો છે : આર્યપ્રજાના ગૌર વર્ણના ચંદ્રવંશીઓ અને પીળા વર્ણના સૂર્યવંશીઓ છે. ચંદ્રવંશીઓમાં ઐલ અને પુરુરવાના વંશજો અને ઇક્ષ્વાકુઓને વગેરે છે. અને પીળા વર્ણના સૂર્યવંશીઓ તિબેટ આસપાસના આર્યો છે. આ બધા આર્યોમાંથી ગૌર વર્ણના ઐલવંશીઓ ઉત્તર અને પશ્ચિમમાં જઈ વસ્યા. પણિઓ ભારતવર્ષમાંથી જ એશિયા અને યુરોપમાં ફેલાયેલા હતા. ફિનલૅન્ડ એમની જ એક વસાહત મનાય છે. દ્રુહ્યુઓ પશ્ચિમના દેશોમાં વસ્યા તે ઔલવંશી આર્યો છે. મધ્ય હિમાલય પ્રદેશમાંથી., 'ઇલાવૃત્ત'માંથી આ આર્યો યુરોપના દેશોમાં પ્રસર્યા.

પુરાણકારોએ સમગ્ર વિશ્વને કુશદ્વીપ વગેરે સાત દ્વીપમાં વહેંચી તેનું વર્ણન કર્યા પછી જેમાં 'ભારત' આવેલ છે તે જંબુદ્વીપનું વિસ્તારથી વર્ણન કરેલ છે. જંબુદ્વીપના નવ વર્ષમાંથી 'ભારતવર્ષ'નું વર્ણન વિસ્તારથી અપાયેલું છે. ભારતવર્ષની ભૂગોળનું વર્ણન વાસ્તવિક જણાય છે. રાજા પ્રિયવતે પોતાના રથમાં બેસીને મેરુપર્વતની આસાપાસ સાત પ્રદક્ષિણા કરી. તેથી તેમના રથનાં ચક્રોના જે સાત ઊંડા ચાસ પડ્યા તે સાત મહાસાગરો બન્યા. કુશદ્વીપ, શાકદ્વીપ, જંબુદ્વીપ, વગેરેનો વિસ્તાર વધતો ઓછો છે. દરેક દ્વીપ સમુદ્રથી ઘેરાયેલ છે. આ સમુદ્ર ખારાજલ, શેરડીના રસ, મદીરા, ઘી, દૂધ, દહીં તથા મીઠા પાણીથી ભરેલા છે. કમળપત્ર સમા આ સાત દ્વીપના કેન્દ્રમાં જંબૂદ્વીપ છે. તેનો વિસ્તાર એક લાખ યોજન છે અને તે ગોળાકાર છે. મેરુપર્વતને ઘેરીને રહેલા જંબુદ્વીપ લવણસમુદ્રથી ઘેરાયેલો છે. જંબુદ્વીપની વચ્ચે 'જંબુ' વૃક્ષ છે.

ડૉ. આર. જે. જોશી પુરાણોમાં વર્ણવાયેલી સપ્તદ્વીપા ભૂગોળને આજના વિશ્વની ભૂગોળ સાથે નીચે પ્રમાણે સરખાવે છે. જંબુદ્વીપ એટલે એશિયાખંડ. એમાં ભારત, અફઘાનિસ્તાન, પૂર્વઈરાન, કાસ્પિયન સમુદ્રથી માંડીને રશિયાનો પૂર્વભાગ, ચીન વગેરે પ્રદેશોનો સમાવેશ છે. તેની આસપાસનો લવણસમુદ્ર એટલે અત્યારે વચ્ચે જમીનો ઊપસી આવવાથી સળંગ નથી રહ્યો તેવો અરબી સમુદ્ર, હિન્દ મહાસાગર, કાસ્પિયન સમુદ્ર. અને આર્કટિક સમુદ્રને જોડનારી ઉરલ પર્વતની પૂર્વમાં આવેલી જમીનની પટ્ટી. દરેક કાળે લોકોએ ભૂતકાળના બનાવોને સ્મૃતિમાં સંઘરવાનો પ્રયાસ કર્યો છે. જેને આપણે લોકસાહિત્ય, કંઠસ્થ સાહિત્ય કે દંતકથાઓ કહીએ છીએ એમાંનું મોટાભાગનું સાહિત્ય ભૂતકાળના બનાવો જ છે. ઇતિહાસ છે. મનુભાઈ પંચોળી 'દર્શક'ના મતે આપણું

પ્રજાજીવન ખૂબ પ્રાચીન છે. આ જીવનની કંઈક ભરોસાપાત્ર નોંધ હોય તો તે પ્રજાજીવનમાં રહેલી દંતકથાઓ જ છે. આ દંતકથાઓ તેના નામ દ્વારા જ બતાવી આપે છે કે તે લખાયેલું સાહિત્ય નથી, પણ કંઠોપકંઠ સચવાયેલી નોંધ છે. પુરાણો ઇતિહાસની સામગ્રી છે. એ સામગ્રીને સાચવવા કથાનું રૂપ અપાયું છે.

આધુનિક વૈજ્ઞાનિકો માને છે કે બ્રહ્માંડના પ્રારંભિક એકમ તરીકે માત્ર પદાર્થ અને ઊર્જા જ નહીં, પરંતુ ઇન્ફર્મેશનનો પણ સમાવેશ થાય છે. જીવનનું રહસ્ય સમજવા માટે, જીવની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે સમજવા માટે જીવવિજ્ઞાનીઓ હવે ઇન્ફર્મેશન થિયરીનો ઉપયોગ કરી રહ્યા છે. 1944માં અમેરિકન બાયોકેમિસ્ટ ઓસવેલ એવરીએ જણાવ્યું કે કોષમાં આવેલ ખૂબ જ સાદા રેણુ, જિનેટિક ઇન્ફર્મેશન ધરાવે છે. જેને ડી.એન.એ. કહે છે. તે માહિતીને ચાર બેઝ પેપરમાં જાળવી રખે છે. શરીમાં રહેલા જંક ડી.એન.એ.માંથી ઉત્ક્રાંતિની માહિતી મળી શકશે. વાસ્તવમાં બનેલી ઘટનાઓ કંઠપરંપરામાં કથા રૂપે જળવાયેલ છે. સૃષ્ટિઉત્પત્તિની કંઠપરંપરાની કથાની મૂળ સત્યઘટનાઓ આ જંક ડી. એન.એ.માંથી મળી શકશે ત્યારે માનવ જાતે કંઠપરંપરામાં સાચવેલી આ કથા રોમાંચક લાગશે. બનાવોને સ્મૃતિમાં સંઘરવા દંતકથાઓ બની. એ બનાવો જંક ડી.એન.એ.માંથી વાંચી શકાશે. કંઠોપકંઠ સચવાયેલી સૃષ્ટિઉત્પત્તિની કથાની ઘટનાઓ-બનાવેલી છાપ આપણા ડી.એન.એ.માં પણ પડી છે.

સમગ્ર પૃથ્વી કમળ રૂપે છે. અને તેની કણિકાને સ્થાને મેરુપર્વત છે. આ મેરુપર્વત બ્રહ્માના નામભિસ્થાને છે. ઇલાવૃત્તવર્ષની કેન્દ્રમાં રહેલ મેરુપર્વત, જે જંબુદ્વીપના કેન્દ્રમાં છે. જંબુદ્વીપ એટલે એશિયા. આધુનિક ભૂગોળ વિશ્વને સાત ખંડોમાં વહેંચે છે તેવી જ રીતે પુરાણો પણ વિશ્વને જંબુદ્વીપ વગેરે સાત દ્વીપોમાં વહેંચે છે. આધુનિક ભૂગોળની જેમ પુરાણોએ પણ સાત ખંડોનું વિભાજન મહાસાગરોને ધ્યાનમાં રાખીને કરેલ છે. શરૂઆતમાં જંબુદ્વીપ દ્વારા ભારતવર્ષ જ સૂચવાતું હતું પરંતુ શક અને કુષાણ લોકોનાં આગમન પછી ભારતીયોની ભૂગોળ વિશેની દૃષ્ટિ વિકસી અને પુરાણકારોએ જંબુદ્વીપનાં નવ વર્ષોની કલ્પના કરી. આજે એશિયાને નામે ઓળખાતા જંબુદ્વીપના જ આ નવ વર્ષ (ખંડ) છે. આ નવ ખંડોમાં ઇલાવૃત્તખંડ બધાની વચ્ચે કેન્દ્રમાં છે. અને તેના કેન્દ્રમાં આજે અલ્તાઈ પર્વતને નામે ઓળખાતો મેરુપર્વત આવેલો છે. જે સિક્કયાંગ અને મોંગોલિયાના કેટલાક પ્રદેશોથી વીંટળાયેલ છે. ઇલવૃત્તની દક્ષિણે આવેલ હિમવાન પર્વત તે અત્યારનો ભારતનો હિમાલય છે. બાલગંગાધર ટિળકના મતે પ્રાચીન સમયમાં છેક ઉત્તર ધ્રુવના પ્રદેશો સુધી માનવવસ્તી હતી. પછી સમય જતાં લોકો ત્યાંથી નીચેની તરફના પ્રદેશોમાં સ્થળાંતર કરીને આવ્યા.

પુરાણોનો અભ્યાસ એ વાતનો ખ્યાલ આપે છે કે વિશ્વની બધી જ જાતિઓ મૂળે એક જ છે. જુદા જુદા ખંડોમાં વસવા છતાં કંઠપરંપરાની કથાઓ, પુરાણકથાઓ સરખી જ છે. વિશ્વની બધી જ જાતિઓની સૃષ્ટિસર્જનની પુરાકથાઓમાં સામ્ય હોવાનું મહત્ત્વનું કારણ પૂર્વકાલીન જાતિઓના મહાવિનાશકરી પ્રલયનાં દર્શન અને આદિમ માનવીય અનુભવ છે. વિવિધ જાતિપ્રજાતિઓની મૌખિક પરંપરાની આ કથાઓ પાછળથી રચાયેલા તેમનાં મહાકાવ્યો અને ધર્મગ્રંથોમાં સચવાઈ છે. સૃષ્ટિઉત્પત્તિની કથાઓ ભારતીય પુરાણો

સિવાય પણ હિબ્રૂ, બેબિલોનિયા, સુમેર, ગ્રીક, દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા વગેરેનાં લોકસાહિત્ય અને લિખિત સાહિત્યમાં પ્રચલિત છે. જીવનના આરંભે માનવસમાજ માતૃસત્તાક હતો તેથી ભીલોની સૃષ્ટિઉત્પત્તિની પુરાકથામાં (ધરણ નં મનખા અવતારમાં) ઉમિયા, અંબાવ, કુંવારિકા દેવીઓની પ્રધાનતા છે.

આદિવાસી મૌખિક મહાકાવ્યોમાં સૃષ્ટિઉત્પત્તિની પુરાકથા મળે છે. ભીલોમાં સૃષ્ટિની ઉત્પત્તિકથા પર્વ-પ્રસંગે મૌખિક મહાકાવ્યોના આરંભે મંત્રરૂપે ગવાય છે અને કથાય છે. ડૉ. ભગવાનદાસ પટેલના મતે 'સૃષ્ટિઉત્પત્તિની કથા નિષાદ-ભીલ જેવી આર્યેતર સભ્યતામાંથી વેદોમાં પ્રવેશી છે.' સોનાના ઈંડામાંથી આવિર્ભાવ પામેલા ઝળુકાર ભગવાને અને તેમના મુખમાંથી છૂટેલા અમૃતમાંથી પ્રાદુર્ભૂત ઉમિયાએ સૃષ્ટિ અને દેવ-દેવી તથા માનવનું સર્જન કર્યું છે. સૃષ્ટિરચના અને જળપ્રલય પછી પુનઃસર્જનની પુરાકથાઓ અને ગીતો અનેક આદિવાસી જાતિઓમાં છે. આદિવાસી લોકની વહીનું ગદ્ય 'મિથ'ને મળતું આવે છે. અરવલ્લી લોકની વહીવાતોમાં સૃષ્ટિઉત્પત્તિની કથાઓ નિરૂપાઈ છે. ભીલોના મંત્રોમાં આવતા શબ્દો સ્વયં વસ્તુ અથવા ક્રિયા બની જાય છે. શ્રી શિરીષ પંચાલે નોંધ્યું છે કે., ઈંડારૂપી પરમેશ્વરે મનમાં બહાર આવવાની ઇચ્છા પ્રગટ કરી અને જળ ઉપર કમળ પ્રગટ્યું. ભગવાનના મુખમાંથી અમી છૂટીને ઉમિયા બની ગઈ. શબ્દવસ્તુ બની જાય એ આદિમ સંસ્કૃતિમાં જોવા મળતા મંત્રોની વિશિષ્ટતા છે. અરવલ્લી લોકની વાતોમાં પહેલી વહી બ્રહ્માંડમાં ધરતીની તથા માનવની ઉત્પત્તિ કેવી રીતે થઈ એની કથા છે.

પ્રાચીનગ્રંથો મોટેભાગે મૂળે તો મૌખિક પરંપરામાં રચાયેલી અને ગવાયેલી કૃતિઓ હતી. ભારતની આદિવાસી ભાષાઓમાં સાહિત્યકૃતિઓનો વિપુલ ભંડાર છે. આદિવાસીમાં પ્રચલિત દંતકથાઓ માનવસંસ્કૃતિનો મહત્ત્વનો વારસો છે. કંઠસ્થ ગામીત આદિવાસી પરંપરા પ્રમાણે સારામાં સારા સાગના ઝાડને કાપીને પેટીઓ બનાવવામાં આવે છે. જળપ્રલયમાં બચેલા લોકોમાંથી ફરી સૃષ્ટિ ચાલે છે એવી કથા છે. કૂંકણા આદિવાસીઓની કંઠસ્થ પરંપરાની કનસરીની કથામાં પણ સૃષ્ટિઉત્પત્તિની કથા મળે છે. સર્જન, પ્રલય, પુનઃસર્જન, મનુઓના વંશજો અને વંશની વિશિષ્ટતાઓનો પરિચય પુરાણોના વિષયો છે. શ્રી ડાહ્યાભાઈ વાઢુના મતે 'મૂળ પુરાણોના પાંચ વિષયોને આવરી લેતી કનસરીની કથા કુંકણાઓનું પુરાણ જ છે. પૃથ્વીનું સર્જન અને જળપ્રલય પછી પુનઃસર્જન સાથે કનસરીનો જન્મ અને તેના કાર્યને વણી લેતી આ કથા આદિવાસીઓની પુરાણકથા છે. કનસરી કથામાં મળતી સૃષ્ટિઉત્પત્તિની કથા પ્રમાણે ભીમાબળી અને જુગાનંદે પૃથ્વીને સમથળ કરતાં કરતાં ગામમાં ગામદેવ, સીમમાં સીમદેવ, ડુંગર ઉપર માવલી અને ડુંગરદેવ ઉત્પન્ન કર્યા હતા. જળપ્રલય પહેલાં પૃથ્વી ઉપરના તમામ પ્રકારનાં ઝાડપાનનાં બી અને જે તદ્દન નિર્દોષ હોય તેવી પ્રજામાંથી એક છોકરો અને છોકરી લઈ તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કરવાનું બધા દેવોએ નક્કી કર્યું. બધાં બી એક મોટા તૂંબડામાં ભરી બચાવી લેવાયેલાં.

પૃથ્વીના સર્જન માટે સૌપ્રથમ તો માટી જોઈએ. કાચબો સાત તાડ પાણીમાં ડૂબ્યો. મોટા મેદાન જેવડી પીઠ ઉપર માટીનો ડુંગર બનાવીને સપાટી ઉપર આવ્યો. ભમરીએ માટીનો લોંદો બનાવીને પૃથ્વી બનાવવાની શરૂઆત કરી. પૃથ્વી બની પણ તેમાં ખાડા

વધારે હતા. તેમાં પાણી ભરાયાં. પૃથ્વીને સમથળ કરવાનું કામ જુગાનંદે અને ભીમાબળીએ સંભાળ્યું. પાર્વતીજીએ તૂંબડામાં સાચવેલ બી કાઢ્યાં. જાતજાતનાં બી પૃથ્વી ઉપર વાવી દીધાં. પશુ, પક્ષી, જીવજંતુ, માણસની ઉત્પત્તિ થઈ. પૃથ્વી હરીભરી બની. ભગવાને માણસને ખેતીનો અધિકાર આપ્યો. કનસરી કન્યાને કારણે સારો પાક થવા માંડ્યો. કનસરીને ખેતીમાં કામ કરવું ગમતું. નદી પર બેઠેલી કનસરી આ સૃષ્ટિનું રક્ષણ અને પરિપાલન કરે છે. ભારતમાં સૃષ્ટિઉત્પત્તિની પુરાકથાનું પ્રશિષ્ટ રૂપ પુરુષસૂક્તમાં છે. પરંતુ સૃષ્ટિની ઉત્પત્તિ, પ્રલય અને પુનઃજીવસૃષ્ટિના ઉદ્ભવવિકાસની જે સળંગસૂત્ર અને અખંડ પુરાકથા આદિવાસી સાહિત્યમાં જળવાઈ, તે અન્ય કોઈ સ્રોતમાં અખંડ, અક્ષતરૂપમાં નથી. માત્ર આદિવાસી સ્રોતમાં કનસરી કથામાં આ પુરાકથા પૂર્ણરૂપમાં જળવાઈ છે.

ડૉ. શાંતિભાઈ આચાર્યે કનસરી કથામાંથી સૃષ્ટિઉત્પત્તિની કથાનું મૂળભૂત એવું કથામાળખું પૃથક્કરણ કરીને તારવી આવ્યું છે. ડૉ. હસુ યાજ્ઞિકના મતે શાંતિભાઈનું આ કાર્ય કેવળ ગુજરાત કે ભારત જ નહીં પરંતુ વિશ્વ ક્ષેત્રના અભ્યાસ માટે પણ ખૂબ જ ઉપયોગી બને એવું ઉત્તમ કાર્ય છે. પ્રલય પછીના જીવનના પુનઃસ્થાપન માટે કનસરી કથામાં બારબીજનો નિર્દેશ છે તે વિશેષ મહત્ત્વનો છે. અહીં જે 'બીજ' છે તે જીવસૃષ્ટિના મુખ્ય બાર જાતિપ્રકારોનું નિષ્પાદક બીજ છે. સૃષ્ટિને આકાશ, પાતાળ, પૃથ્વી – એવા ત્રણ ભાગમાં વહેંચી એ ક્ષેત્રોના ત્રિદેવની કલ્પના કેટલીક જાતિઓમાં છે. તો, ઉદ્ભવ-નિભાવ કે સ્થિતિ અને લય સાથે પણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ત્રિદેવની વિભાવના છે. પ્રલય પછીની જીવસૃષ્ટિના ઉદ્ભવનો બ્રહ્મા બારબીજનો ધણી છે. બારબીજમાંથી પ્રલય પછીની જીવસૃષ્ટિનો જન્મ થયો. પ્રલય પછીનું પૃથ્વી અને જીવસૃષ્ટિનું સર્જન થયું તેનો બ્રહ્મા તે બારબીજનો ધણી. આથી પાટપૂજાની બધી જ પરંપરામાં પૃથ્વી અને જીવસૃષ્ટિનાં પુનર્જીવનની વાત છે. માનવી, પશુ, પક્ષી, જીવજંતુ, વનસ્પતિ વગેરે બાર પ્રકારનાં જીવો–બારવર્ગની જીવસૃષ્ટિનું પુનર્જીવન બાર પ્રકારનાં–વર્ગના બીજથી થયું.

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓના જીવનમાં દેવકનસરીનું એક મૂર્ધન્ય દેવ તરીકે સ્થાન છે. આ દેવી મૂળ કૂંકણામાં પૂજાતી હતી. પછીથી ધોડિયા અને વારલી આદિવાસીઓમાં પણ તેની પૂજા ફેલાઈ. અત્યારે આ ત્રણે જાતિનાં આદિવાસીઓમાં કનસરીની કથા મળે છે. આ કંઠસ્થ પરંપરાની આદિવાસી સાહિત્યની કથામાં સૃષ્ટિઉત્પત્તિની કથા બે ભાગમાં મળે છે. પ્રથમ કથા મનુષ્યની જિજ્ઞાસામાંથી જન્મી છે. સૃષ્ટિ કઈ રીતે જન્મી હશે તેની કલ્પનાકથા છે. બીજી કથા લોકની સ્મૃતિમાંથી આવી છે. મનુષ્યના સામૂહિક મનમાં સચવાયેલ ઇતિહાસકથા છે. જળપ્રલય પછી પણ જીવન તો સળંગ છે. સૃષ્ટિ ટકી છે. પ્રલય પછીના સૃષ્ટિસર્જનની કથા એ બીજો ભાગ છે. આદિવાસી સમાજમાં કંઠોપકંઠ સૃષ્ટિના આરંભે શું હતું અને પછી કઈ રીતે સૃષ્ટિ બની તેની કથા છે. અને જળપ્રલય પછી કઈ રીતે સૃષ્ટિ બની તેની પણ કથા છે. મહાદેવે સૃષ્ટિના બધાં બીજ તૂંબડામાં ભર્યાં. જળપ્રલય પછી પાણી પર તૂંબડું તરે છે. આ તૂંબડામાં રાખેલાં બીજમાંથી પ્રલય બાદ ફરીથી સૃષ્ટિ રચાય છે. પ્રજાપતિએ ઉત્પન્ન કરેલી સૃષ્ટિ હતી તેનો જળપ્રલયથી નાશ થયો. કરતુકી દેવ પ્રલયજળમાં ડૂબી ગયેલી પૃથ્વીને બહાર કાઢી, હતી તેવી બનાવી

દે છે. સૃષ્ટિના પુનઃનિર્માણ વખતે તેનું શૂન્યમાંથી સર્જન કરવું પડ્યું નથી કેમ કે તૂંબડામાં અનેક બીજો સંઘરાયેલાં છે. મહારનાં સંતાનો મનુષ્યનાં બીજ છે. સૃષ્ટિની પુનઃઉત્પત્તિ બાદ જીવોનાં ભરણ-પોષણ માટે દેવકનસરીને જવાબદારી સોંપાય છે. પ્રલય પછી નવનિર્માણ પામેલી સૃષ્ટિ પર લોકોએ પ્રથમ રાજા પસંદ કર્યો તેની પુત્રી કનસરી.

સૃષ્ટિઉત્પત્તિના રહસ્યને પામવા માટે સામાન્ય લોકસમાજે કેવી કેવી કલ્નપાઓ કરી તે ભીલી પૌરાણિક લોકાખ્યાનોમાંથી જાણી શકાય છે. ભીલી કંઠસ્થ પરંપરાના સાહિત્યમાં જે પુરાકથાઓ છે તેનો પરિવેશ આદિવાસી સ્રોતનો છે પરંતુ તેનો પાયો ભારતીય આર્યધર્મ છે. સૃષ્ટીની ઉત્પત્તિ, જીવોત્પત્તિ, દેવ-દેવીની ઉત્પત્તિકથાનું માળખું પૌરાણિક કથાનું છે. ભીલ આદિવાસી કંઠસ્થ પરંપરાનાં સાહિત્યમાં સૃષ્ટિઉત્પત્તિની કથા બે તબક્કે વર્ણવાઈ છે. પ્રથમ જળપ્રલય વખતે ભગવાન જન્મ્યા અને તેમણે સૃષ્ટિ ઉત્પન્ન કરી તેમાં દેવ-દેવીઓની ઉત્પત્તિની ઘટનાઓ છે. બીજા જળપ્રલય વખતે જળમાંથી બચી ગયેલા કરમીરો અને તેની બહેનની કથા છે. કાળની દૃષ્ટિએ ભીલોમાં દેવિયાવાળા (સતઝુગવાળા) અને મનખીવાળા (કળજુગવાળા) સર્જનની કથા છે. પ્રથમ દેવદેવીઓની ઉત્પત્તિ અને પછી માનવીઓની ઉત્પત્તિ. ભગવાન જળમાં કીડા રૂપે હતા તેમાંથી અવતર્યા અને સૃષ્ટિની રચના કરી. જળનું મોજું આકાશમાં ગયું અને ઈંડું બની ગયું. તે ફૂટ્યું તેમાંથી જળુકાર ભગવાન પેદા થયા. ઊમિયા અને ભગવાને સૃષ્ટિની રચના કરી. ઉમિયા જળચર માછલીનું રૂપ લઈ સાત પાતાળ ઊંડા જળમાં પોઢેલા વાસુકિનાગની ફણામાંથી ધરતીનાં બીજ લઈ આવે છે. તેમાંથી જળુકાર ભગવાન ધરતીની રચના કરે છે. દેવો અને મનુષ્યઅવતારના ભોપાઓની ઉત્પત્તિ થઈ. ભગવાને પોતાનાં લોહીમાંસમાંથી નવ લાખ દેવી પેદા કરી. માટી અને અંગના મેલમાંથી સસલાં, માછલાં વગેરેનું સર્જન કર્યું.

મનખા અવતારની વહી પુરાકથામાં બ્રહ્માંડમાંથી મનુષ્યની ઉત્પત્તિની કથા આલેખાઈ છે. દેવરાની વારતામાં મનખીવાળાના દેવ ઉત્પન્ન થયાની કથા છે. જળુકાર ભગવાન ભીલ આદિવાસી સૃષ્ટિના રચયિતા દેવ છે. આ ભગવાનની ઉત્પત્તિ પ્રકૃતિનાં તત્ત્વોમાંથી સ્વયંભૂ થઈ. મોતીચરાદેવની ભીલીકથામાં શિવ-પાર્વતી સર્જનહાર તરીકે છે. ભીલકથામાં પ્રકૃતિ, દેવ, માનવની ઉત્પત્તિકથા સાથે ડાકણ, ભોપા વગેરેની ઉત્પત્તિકથા પણ આવે છે. મધ્યભારતનાં બૈગા આદિવાસીઓની કથા પ્રમાણે જળમાં તરતી કમળની પાંદડી પર ઈશ્વરે પોતાનું આસન જમાવ્યું હતું. તેણે એક દિવસે પોતાના હાથ ઘસ્યા. તેના મેલમાંથી તેણે કાગડીનું સર્જન કર્યું. કાગડી માટીની શોધ કરી લાવે છે તેમાંથી ઈશ્વર સૃષ્ટિનું સર્જન કરે છે.

સૃષ્ટિની ઉત્પત્તિ અને લય તથા પુનઃસર્જનની પુરાકથાઓ અને ગીતો વિશ્વની બધી જ જાતિઓમાં છે, આ તો સ્ટિથ થૉમ્પ્સનના મોટિફ ઇન્ડેક્ષના સંદર્ભો જોતાં સ્પષ્ટ થાય છે. આથી પુરાકથાકીય લોકકવિતામાં અને કેટલાંક સ્વતંત્ર કથાગીતોમાં પૃથ્વીનું સર્જન કેવી રીતે થયું, શા ઉપાયો યોજીને બધી જીવસૃષ્ટિના એક એક નમૂના કે નર-માદાને બચાવી લેવાયાં અને પૃથ્વી પર ફરી જીવન ધબકતું થયું, તેનું આલેખન છે. એની પાછળ આદિમ માનવીય અનુભવ છે, તેથી વિશ્વની બધી જ જાતિઓની આ વર્ગની કથાઓ અને કવિતાઓમાં અદ્‌ભુત સામ્ય છે. જે વાત વિવિધ જાતિઓ અને જનજાતિઓની

કંઠપરંપરામાં છે. ડૉ. હસુ યાજ્ઞિકે નોંધ્યું છે કે : ‘ભારત, ઈરાન અને યુરોપમાં વસેલા આર્યોની માઇથૉલોજી સમાન હોય, કેમ કે, મૂળ સમાન છે, પરંતુ અહીં તો આફ્રિકાની જનજાતિમાં પણ મહાસર્પે પોતાના કૂંડાળામાં માટીને એકઠી કરી, જકડી રાખી પૃથ્વીનું સર્જન કરી પોતાના દેહ વડે ટકાવી રાખી એવી કથા છે. આ રીતે સર્જાયેલી પૃથ્વી પર જીવન ધબકતું થયું ત્યારે માછલી કે દેડકા જેવાં જળચરે મનુ જેવાં મહાપરાક્રમીને વાત કરી અને એણે મહાનાવ બનાવી સર્વપ્રાણીનાં નરમાદાનાં જોડકાંને ઉગારી જીવનની પુનર્સ્થાપના કરી, તેવું અનેક કથાઓમાં છે. ગુજરાતી પાટપૂજામાં તથા ભીલી ગરાસિયા અને કૂંકણામાં પણ આ કથા છે.’

લોકપ્રવાહની જ આ રચનાઓનું પ્રશિષ્ટ સ્વરૂપ વેદના પુરુષસૂક્ત અને અન્ય અનેક પુરાણોમાં બંધાયેલું જોવા મળે છે. લોકપ્રચલિતનું જ લિખિત રૂપમાં પ્રશિષ્ટીકરણ થયું છે. આમાંથી જ પ્રત્યેક ધર્મમાં, એના વિવિધ પંથોમાં અને લોકમાન્યતામાં સૃષ્ટિ એટલે ધરતી અને એમાં રહેલી વનસ્પતિ, જીવજંતુ, પશુપક્ષી અને માનવસમેતની જીવસૃષ્ટિનાં સર્જનની કથા આવી. કોઈ પણ કથાનો, લોકકથા દંતકથા કે પુરાકથાનો સંબંધ જીવનના વાસ્તવ સાથે હોય જ છે. માનવજીવનના અનુભવની સાથે જ હોય છે. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં કથાનકો પણ જન્મ્યાં હોય છે કોઈ વાસ્તવિક એવા અનુભવમાંથી. કંઠસ્થ પરંપરાની સૃષ્ટિઉત્પત્તિની કથા પણ આવા કોઈ વાસ્તવિક અનુભવમાંથી જન્મેલી છે.

❑

નવલકથા

ગિરનારનું ગૌરવ : વિપુલવાળા, 2021, બાલવિનોદ પ્રકાશન, અમદાવાદ, 12 + 232, રૂ. 300. તસવીર નહીં બનતી : અનિલ ભટ્ટ, 2020, જીવરાજ પાર્ક, અમદાવાદ-51, પૃ. 262, રૂ. 120. કોરાં નયન ભીનાં સપનાં : અમિતાભ મૅકવાન, 2020, રિદ્ધિ સિદ્ધિ ક્વીન્સ બંગલો, રઘુવીર ચૅમ્બર પાછળ, વલ્લભવિદ્યાનગર, પૃ. 216, રૂ. 325. અક્ષરા : અમિતાભ મૅકવાન, 2020, 48/1, રિદ્ધિસિદ્ધિ ક્વીન્સ બંગલો, રઘુવીર ચૅમ્બર પાછળ, વલ્લભવિદ્યાનગર, પૃ. 128, રૂ. 225.

ગ્રંથાવલોકન

‘રાજા રવિ વર્મા’: જીવનચરિત્રનો ઉત્તમ શોધગ્રંથ

પ્રો. નવીનચંદ્ર એન. ત્રિવેદી

[‘રાજા રવિ વર્મા’ (જીવનચરિત્ર) – લે. ભરત ખેની. પ્ર. આ. ૨૦૨૧. પ્રકા. પોતે, બસ સ્ટૅન્ડ સામે, પરવડી, તા. ગારિયાધાર, જિ. ભાવનગર, પૃ. ૨૩૬, કિં. રૂ. ૫૦૦]

આ દેશની ચિત્રકલાને વિશ્વકક્ષાએ પ્રસિદ્ધિ અપાવનાર તથા અંગ્રેજ સરકાર તરફથી વિવિધ ઇલ્કાબો મેળવીને સન્માનિત થયેલા ચિત્રકાર રાજા રવિ વર્મા વિશે અંગ્રેજી અને હિંદીમાં ઘણા ગ્રંથો લખાયા છે. ગુજરાતમાં તેમના વિશે પ્રચ્છન્ન લખાણો મળી આવે છે. પરંતુ રવિ વર્માનાં જીવન અને ચિત્રકલા વિશેની ગુજરાતીમાં સર્વાંગી માહિતી આપતો સૌપ્રથમ ગ્રંથ પ્રા. ભરત ખેની પાસેથી મળે છે. તેઓ ગુજરાતી ભાષામાં કવિ તરીકે સુખ્યાત છે. સાથે ગુજરાતીના પ્રાધ્યાપક છે, ચિત્રકાર તો નથી પણ ચિત્રકલાના રસિક તો ખરા જ. ચિત્રકલાની ઊંડી જાણકારી કે તાલીમ વિના જ તેમણે આ મહાન ચિત્રકાર વિશે આવો ગ્રંથ લખવાનો સંકલ્પ કર્યો તે નવાઈની વાત છે. બાળપણમાં માતા સાથે મામાને ઘેર જવાનું થતાં, મોસાળની ભીંતો ઉપર રવિ વર્માના લિથોપ્રેસની નકલો છબીમાં જોયેલી. તેમાંના દેવોની પૂજા-આરતી નિહાળી ત્યારે બાળસહજ વિસ્મયથી ને આનંદથી તે જોતા રહેતા. આ બીજરૂપ ઘટના યુવાવયે તેમને વડોદરા મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ અને લક્ષ્મીવિલાસ પૅલેસનાં ચિત્રો તરફ દોરી જાય છે. જેમાં ઘૂંટાયેલો ચિત્રકલા પ્રત્યેનો રસ એમને આ ચિત્રકાર વિશે લખવાનું પ્રેરકબળ બની રહે છે.

અન્ય કોઈ સામાન્ય લેખક એમનું જીવનચરિત્ર મેળવીને, મુદ્દાસર ગોઠવી સો-સવાસો પાનામાં એમનું જીવનચરિત્ર લખી કાઢત – ભરત ખેનીનું કામ આવું સામાન્ય ચરિત્રલેખનનું નથી રહ્યું. કાળજીપૂર્વકના અભ્યાસથી ચિત્રકારના જીવનની રજેરજ માહિતી મેળવીને તેને ચકાસે છે, તેના સમર્થનમાં પુરાવાઓ ભેગા કરે છે અને અંતે એક સાધાર દસ્તાવેજી સંપૂર્ણ જીવનચરિત્ર આલેખે છે. ગ્રંથના આરંભથી અંત સુધીનું લખાણ તેના/ લેખકના પરિશ્રમ, ઉત્સાહ અને નિષ્ઠાનો પુરાવો આપે છે. પરિણામે આ એક સામાન્ય ચરિત્રલેખન ન બનતાં એક ઉત્તમ શોધગ્રંથ બન્યો છે.

પુસ્તકના આરંભમાં ડૉ. નરેશ વેદની પ્રસ્તાવના એમાંના ઉત્તમ અંશોના નિર્દેશ સાથે તત્કાલીન પૃષ્ઠભૂમિમાં ચિત્રકારની ચિત્રકલાને બિરદાવી આપે છે. અંતમાં સામેલ ડૉ. હસુ યાજ્ઞિકના ‘ભારતીય ચિત્રકલાને વિશ્વક્ષેત્રે પ્રતિષ્ઠિત કરતું ઉન્નતશૃંગઃ રાજા રવિ વર્મા’ લેખમાં આ ચરિત્રલેખનને ઉમળકાભર્યો આવકાર સાંપડ્યો છે. ‘દિવ્ય ભાસ્કર’ની ‘સાહિત્યવિશેષ’ – કૉલમમાં (તા. ૨૯-૮-૨૧) શ્રી રઘુવીર ચૌધરીએ આ ગ્રંથને ‘રાજા

રવિ વર્માની મહાનતા આલેખતો ગ્રંથ' ગણાવ્યો છે. આ વિવિધ મંતવ્યો ગ્રંથની બહારી મહત્તા સાથે આંતરિક ગુણસમૃદ્ધિનો પણ અંગુલિનિર્દેશ કરી, વાચકને ગ્રંથના અભ્યાસ તરફ દોરી જાય છે.

લેખક ગ્રંથનાં ૧૯ પ્રકરણોમાં રાજા રવિ વર્માનું જન્મથી નિર્વાણપર્યંતનું જીવનચરિત્ર આપે છે. અંતે સંદર્ભગ્રંથોની યાદી સાથે બે પરિશિષ્ટમાં ડૉ. હસુ યાજ્ઞિકનો લેખ અને રવિ વર્માની ચિત્રોની આંશિક માહિતી સામેલ કરી છે. ઉપરાંત ગ્રંથમાં ૧૬ ગ્લોસી પેપરની આર્ટ પ્લેટ્સમાં રવિ વર્માકૃત રંગીન, ઉત્તમ અને પ્રતિષ્ઠિત ચિત્રો મૂક્યાં છે. એ સાથે લગભગ દરેક પાને લખાણને અનુરૂપ નાનાંમોટાં ૧૫૦ શ્વેતશ્યામ ચિત્રોથી ગ્રંથને સચિત્ર બનાવ્યો છે. આથી ચિત્રકાર રવિ વર્માના ચિત્રજગતનો ચાક્ષુસ પરિચય રસપૂર્ણ બને છે.

કેરળના ત્રાવણકોરથી ચાલીસેક કિ.મી. દૂર કિલિમાનુર ગામે તા. ૨૯ એપ્રિલ ૧૮૪૮ના રોજ રાજા રવિ વર્માનો જન્મ રજવાડી કુટુંબમાં થયો હતો. તેમના મામા રાજા રાજ વર્મા દરબારી ચિત્રકાર હતા. રવિ વર્માના નાના ભાઈ રાજા વર્મા તેમની પ્રવૃત્તિઓમાં સહાયક બનેલા... તેઓ પણ એક કુશળ ચિત્રકાર હતા. ભારતમાં તૈલરંગી ચિત્રકલાનો ઉદય નહોતો થયો તે સમયે થિયોડોર જોન્સનની ચિત્રકલાનાં તૈલચિત્રોથી પ્રભાવિત થઈને રવિ વર્મા એવી ચિત્રકલાનો અભ્યાસ કરવા પ્રેરાય છે, આ દિશામાં યુરોપનાં ચિત્રસામયિકોનો અભ્યાસ કરીને તૈલચિત્રની કલા વિશે સજ્ઞતા કેળવે છે. આ સમય દરમ્યાન ચિત્રકાર મામાના માર્ગદર્શન સાથે પ્રકૃતિનું નિરીક્ષણ-દર્શન તેમને આકર્ષે છે ને આનંદથી ભરી દે છે. પિતા ઈઝુમાવીલ નીલકંઠન ભટ્ટાત્રિપડ નાબુદ્રીની ઇચ્છા બાળ રવિ વેદ-વેદાંગોમાં નિપુણ બને તેવી હતી. સામા પક્ષે માતા મકયિરં તિરુનાલ ઉમા અમ્બાબાઈ તપુંરાટ્ટી બાળક દેવી-દેવતાઓ પર પૂરો વિશ્વાસ અને શ્રદ્ધા રાખે તેમ માનતાં હતાં. 'માતાપિતા બંનેની કલ્પના અને પ્રતીક્ષાનું શુભ પરિણામ બાળકની ચિત્રકલામાં ટૂંક સમયમાં જ પ્રગટ થવા માંડ્યું.' (પૃ. ૧૩). આમ, રવિ વર્માની ચિત્રકલાનો આરંભ એમના ઘરથી જ થવા લાગ્યો. વતનના રાજમહેલના કલાસમૃદ્ધ વાતાવરણમાં મામા સાથે ભાણેજ રવિ વર્મા ઘણું શીખ્યા. મામાએ ભાણેજને કહેલું કે, 'મનુષ્યને શીખવી દેવાથી કશું જ આવડી જતું નથી. અમુક મનુષ્યમાં કળાના ગુણો જન્મજાત હોય છે. હકીકતે તો કલાકાર કુદરતનું જ ફરજંદ હોય છે, પરંતુ કુદરતને સાધવામાં કલાકારને વર્ષો સુધી સખત મહેનત કરવી પડે છે.' (પૃ. ૧૪).

તિરુવન્તપુરમ્‌માં મહારાજા આયિલ્યમ તિરુનાલ રામા વર્મા શાસન સંભાળતા હતા તેમણે રવિ વર્માને આવકાર્યા અને રવિ વર્માની ચિત્રકલાનું મૂલ્ય પારખ્યું. તેમને સાથસહકાર આપ્યો. રાજમહેલમાં રહીને ચિત્રો બનાવવા માટે ઉપયોગી રંગાદિ સામગ્રી મદ્રાસથી મંગાવવાની વ્યવસ્થા કરી આપી. 'બધાંથી કંઈક અલગ કરવું અને જીવવું' રવિ વર્માએ આ જીવનમંત્ર સાથે પોતાના પ્રતિસ્પર્ધી રામાસ્વામી નાયકરને પરાસ્ત કર્યા. અહીં ઘણાં કુટુંબો ચિત્રકલાના જાણકાર અને રસિક હતા. મહારાજાએ ચિત્રકલાના સંદર્ભગ્રંથો લાવી આપ્યા અને વિદેશી નવી ચિત્રકલાનો પરિચય કરાવ્યો. આમાંથી તેમણે ચિત્રકલાને વ્યાવસાયિક રૂપ આપવાનો વિચાર કર્યો, જે ભવિષ્યમાં અમલી બન્યો. ૧૮મા વર્ષે ઈ. સ. ૧૮૬૬માં રવિ વર્માના લગ્ન ત્રાવણકોરના રજવાડી કુટુંબની કન્યા ભાગીરથીબાઈ તંપુરાટ્ટી

સાથે થયાં. હવે ઘરસંસાર પણ શરૂ થયો. પણ પોતાની ચિત્રકલામાં લગ્નજીવન બાધક બનતું લાગ્યું. પ્રેમાળ પત્ની કરતાં એમને ચિત્રકામ વધુ પસંદ હતું. આવી પ્રેય અને શ્રેયની પસંદગીનું મનોમંથન લેખકે સૂક્ષ્મતાથી (પૃ. ૨૫ ૫૨) ૨જૂ કર્યું છે. છેવટે શ્રેય પર કળશ ઢોળાયો. પત્નીની વિદાય લીધા વિના જ માવેલિક્કરા છોડી કિલિમાનુરના વગડાને ચિત્રધામ બનાવીને ત્યાં જ રહી ગયા. મહારાજા આયિલ્યમ તિરુનાલ રામા વર્માને આ વાતની જાણ થતાં મહારાજાએ રવિ વર્માને પોતાના મહેલમાં પરત તેડાવી લીધા. અહીં રવિ વર્માએ રાજમહેલના પુસ્તકાલયમાં જઈ ચિત્રકલાના ગ્રંથો સાથે મલયાલમ અને સંસ્કૃત સાહિત્યનાં નાટકો તથા ધર્મગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો. ત્યાર પછીની તેમની ચિત્રકલામાં આ અભ્યાસ સહાયક અને ઉપયોગી નીવડ્યો. આનાથી તેમનો આત્મવિશ્વાસ દૃઢ થયો. ‘કેટલાં વર્ષોથી હું મારા જીવનનો અર્થ અને ઉદ્દેશ શોધ્યા કરતો હતો... (આ) સાધના પછી હું મારી જાતને પામી શક્યો છું! હું કળાકાર બનવાનો છું, બેશક બનવાનો છું!’ (પૃ. ૨૮).

રાજા રવિ વર્માની ચિત્રકારની કલાના ઘડતરમાં સૌથી વધુ પ્રભાવક તત્ત્વ બે જોવા મળે છે. દેશમાં તેમને જુદા જુદા રાજ્યના રાજાઓનો સહકાર અને પ્રોત્સાહન મળતાં રહ્યાં. એ સાથે વિદેશ પ્રવાસથી ચિત્રકલાની આધુનિક શૈલીના થતા રહેલા પ્રયોગો જોવા-જાણવા મળ્યા. ગુજરાતમાં તેમને વડોદારાના રાજવી અને ભાવનગરના રાજાએ ઉત્સાહથી આવકાર્યા અને તેમની ચિત્રકલાનો લાભ લીધો. ગુજરાતમાં આ ચિત્રકારના નિવાસ દરમ્યાન ગુજરાતના કેટલાક ચિત્રકારોને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યું. ભાવનગર આવ્યા ત્યારે ‘તેમની સેવામાં રહેતા છગન ખવાસ ચિત્રકલા શીખેલા... શ્રી વાસુદેવ મહારાજ, રવિશંકર રાવળ, ત્રિભુવન પટેલ અને માવજીભાઈ રાઠોડ વગેરેએ રવિ વર્માની ચિત્રકલાના પ્રભાવમાં આવીને તૈલરંગોમાં ચિત્રકામ શરૂ કર્યું હતું.’ (પૃ. ૬૧). વડોદરાથી વિદાય થતાં રાજવી સયાજીરાવે એક પત્રમાં લખ્યું : ‘પ્રિય રાજાજી, તમે ચિત્રકારોમાં રાજકુમાર છો અને રાજકુમારોમાં ચિત્રકાર!’ (પૃ. ૭૭). ગુજરાતની જેમ જ મૈસૂર, પટિયાલા, જયપુર, આલ્વાર, ગ્યાલિયર, ઇન્દોર, મદ્રાસ અને ઉદયપુરના રાજમહેલોમાં રવિ વર્માનાં ચિત્રોને માનભર્યું સ્થાન મળ્યું. આ રાજાઓએ રવિ વર્માને વિવિધ ઇલ્કાબ આપવા સાથે કીમતી ભેટસોગાદોથી સન્માન્યા હતા.

ચિત્રકારની ઉત્તરાવસ્થામાં તેમને મામા અને પત્નીના ખૂબ આઘાતજનક વિયોગનું દુઃખ આવી પડ્યું. તેથી વતનમાં એકાન્તવાસ સેવ્યો. આ સમયગાળામાં વિવિધ વાચન અને જાતઅનુભવથી રવિ વર્મા એટલા નિષ્કર્ષ પર આવ્યા હતા કે, ‘ભારતીય ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય અને પરંપરાને જાણીને અને તેને આત્મસાત્ કરીને જ કલાકાર આખા ભારતીય સ્તર પર પ્રસિદ્ધ થઈ શકે છે. ફક્ત ચિત્રો જ ચીતરવાં અને નકલ કરવાથી જ કોઈ પ્રસિદ્ધ ચિત્રકાર બન્યો નથી. આની ભારતીય ચિત્રસર્જક કલાકાર પાસે ખોટ છે. આ ખોટને પૂરી કરવી એ એક પ્રાથમિક જરૂરિયાત છે. દેશમાં ચિત્રકલાનું એક સંગ્રહાલય હોવું જોઈએ. ચિત્રકલા દ્વારા લોકોમાં કલાબોધ પ્રત્યે રસ કેળવવો જોઈએ, તો જ શ્રેષ્ઠ ચિત્રકારોનું નિર્માણ થઈ શકે છે.’ (પૃ. ૬૫-૬૬). એક જાગ્રત કલાકાર તરીકે આમ વિચારી તેને અમલમાં મૂકીને તેઓ ચિત્રકલામાં તો અગ્રેસર રહ્યા સાથે ચિત્રકલાને આગળ

લાવવાની યોજનાઓ કરવામાં પણ આગળ રહ્યા.

કલકત્તા અને લંડનમાં યોજાયેલા કલાપ્રદર્શનોમાં રવિ વર્માએ ઘણી કીર્તિમુદ્રા અને સન્માનપત્ર પ્રાપ્ત કર્યાં હતાં. એ જ રીતે સ્વામી વિવેકાનંદ અમેરિકા પહોંચ્યા તે અગાઉ રવિ વર્મા પોતાનાં ચિત્રો રજૂ કરીને ત્યાંની પ્રજાને મોહિત કરી ચૂક્યા હતા. પછી વિવેકાનંદે તેમના ભાષણથી અમેરિકાને મુગ્ધ કર્યું. આ બેઉ ભારતીય પ્રતિનિધિઓની નોંધ લેતાં ભરત ખેનીએ યોગ્ય લખ્યું છે : 'રવિ વર્મા અને વિવેકાનંદ – બન્નેએ ભારતની મહાનતાને જ એમની સમક્ષ રજૂ કરી હતી. આ બંનેનો સંદેશ એક જ હતો. તેઓએ અમેરિકાવાસીઓને પોત-પોતાના માધ્યમથી ભારતીય સંસ્કૃતિ-સભ્યતાનાં દર્શન કરાવ્યાં... બંનેનું માનસ ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મચેતનાથી પ્રકાશિત હતું. રવિ વર્મા રંગો-રેખાઓની ભાષાનું પ્રયોજન કરનાર હતા અને સ્વામી વિવેકાનંદ પ્રેમ અને વિશ્વમાનવતાના ચિત્રકાર હતા... રવિ વર્માનાં ચિત્રો અને સ્વામી વિવેકાનંદના ભાષણથી આખું જગત સમજી શક્યું કે ભારત એક અસુધારાવાદી દેશ નથી... ભારત નિરાશાવાદી જગતને આશા આપી શકે છે અને જગતના અંધકારમય અંતરિક્ષને પ્રકાશમય કરી શકે છે.' (પૃ. ૮૪). શિકાગો પ્રદર્શનમાં રવિ વર્માને મળેલી સફળતા અને ઇનામોની નોંધ લેતાં મલયાલમ પત્રિકા 'મનોરમા'એ લખ્યું : 'આ ઇનામ કેરળને નહીં પણ આખા ભારતને મળેલું સન્માન છે.' (પૃ.૮૫)'

ચિત્રકલાના વિકાસમાં ઐતિહાસિક પ્રસ્થાન લેખે રવિ વર્માએ મુંબઈમાં ઈ. સ. ૧૯૮૪માં લિથોગ્રાફિક પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કરી. આ પ્રેસ દ્વારા સૌપ્રથમ રામાયણ, મહાભારત અને પુરાણોના આધારે હિંદુ દેવી-દેવતાઓનાં ચિત્રોની હજારો નકલ પ્રસિદ્ધ કરી. લક્ષ્મી, સરસ્વતી, શકુંતલા, સૈરન્ધ્રી વગેરે... ચિત્રોથી આખા દેશને ધાર્મિક ભાવનાથી જોડી દીધો. રવિ વર્મા અને તેમના ભાગીદાર ગોવર્ધનદાસ ખટાઉ બંને જાણતા હતા કે 'કોઈ પણ વેપારને ધર્મ સાથે જોડી દેવામાં આવે તો તેનાથી વધારે અને ઝડપથી દુનિયામાં કશું જ વેચાતું નથી અને ચાલતું નથી.' (પૃ. ૯૩). યુરોપ અને દક્ષિણપૂર્વ એશિયાઈ દેશોમાં આ લિથોગ્રાફિક ચિત્રોનો ખૂબ પ્રચાર થયો. આફ્રિકાના લોકોએ રવિ વર્માનાં ચિત્રોને પોતાના ઘરોમાં રાખ્યા હોવાનો પ્રત્યક્ષ પુરાવો ડૉ. એન. એસ. પિલ્લાઈએ સ્વાનુભાવે નોંધ્યો છે. આફ્રિકાના ૨૦ વર્ષના નિવાસ દરમ્યાન તેમણે જોયું કે ત્યાંના લોકો 'રવિ વર્માને એક દેવદૂત માની તેમના ગુણ ગાય છે... આધુનિક ભારતના વંદનીય વિદ્વાનોમાં રવિ વર્માને પ્રથમ હરોળના માને છે.' (પૃ. ૧૦૧).

કલકત્તાના પ્રવાસ દરમ્યાન રવિ વર્મા રવીન્દ્રનાથ ટાગોર અને અન્ય વિદ્વાનોને મળ્યા હતા. ટાગોરે ચિત્રકાર રવિ વર્માની ચિત્રકલા પૂરા દિલથી વખાણતાં લખ્યું છે કે 'મેં રવિ વર્માનાં ચિત્રોની ચકાસણી કરવા માટે આખી સવાર વિતાવી છે... આ ચિત્રો એવું દર્શાવે છે કે આપણા દેશની માનવકૃતિઓ, વિષયવસ્તુઓ અને અભિવ્યક્તિ આપણને કેટલી પ્રિય છે.... સમગ્ર રીતે તે ચિત્રોએ મન પર ખૂબ મહત્ત્વની છાપ ઊભી કરી છે.' (પૃ. ૧૩૮). આ ચિત્રકારને 'કૈસર-એ-હિન્દ' ઇલ્કાબ અપાયો ત્યારે સન્માનના પ્રતિભાવમાં રવિ વર્માએ નમ્રતાથી કહેલુંઃ 'આ મારું નહીં, પરંતુ મારી ચિત્રકલાનું સન્માન છે. હું તો એક સાધારણ વ્યક્તિ છું. ચિત્રકલાએ જ મને આ કીર્તિના શિખર સુધી પહોંચાડ્યો છે.'

(પૃ. ૧૪૦). રવિ વર્માને બ્રિટિશ સરકાર તરફથી મળેલું આ સર્વોચ્ચ સન્માન હતું.

જીવનના અંતકાળે પત્ની અને ચિત્રકાર ભાઈ રાજા વર્માના અવસાન બાદ રવિ વર્મા ઊંડા શોકમાં સરી પડ્યા. તેમના સ્વજનોના વિયોગની સાથોસાથ ડાયાબિટીસના રોગે તેની પરાકાષ્ઠા ભેળવી. પરિણામે તેમનો અશક્ત દેહ વધુ દુર્બળ બન્યો. મુંબઈનો પ્રેસ તેમના ભાગીદારને સોંપી દીધો. સર્વસ્વ ત્યાગી એકાન્તવાસમાં તા. ૨ ઑક્ટોબર ૧૯૦૬ના રોજ તેમનું નિર્વાણ થયું.

જીવનના છ દાયકા પણ પૂરા ન કરનાર રવિ વર્મા માત્ર ૫૮ વર્ષના આયુષ્યમાં અનેક વર્ષોનું કામ પૂરું કરી ગયા. આ દેશમાં કવિ-ચિત્રકાર ટાગોરની જેમ એમની પ્રસિદ્ધિ પામવા સાથે દુનિયાના અનેક દેશોમાં ભારતીય સંસ્કૃતિ પર આધારિત સર્વોચ્ચ ચિત્રકલાના અગણિત દૃષ્ટાંત (નમૂનાઓ) મૂકી ગયા. રવિ વર્મા વિશે ભરત ખેની સિવાયના અગાઉના લેખકોએ કલમ ચલાવી હતી. પરંતુ તે લેખોમાં વિસ્તાર અને ઊંડાણ જોવા મળતું નથી. આ બધાની તુલનામાં વિશેષતાઓને કારણે આ જીવનચરિત્ર શ્રેષ્ઠ ગણાશે.

પોતાના અધ્યયન-અધ્યાપનના ક્ષેત્રથી અલગ એક ચિત્રકારનું જીવનચરિત્ર આલેખવાના સ્વેચ્છાએ સ્વીકારેલા કામમાં કોઈ કચાશ કે ત્રુટિ ન રહે તે પ્રત્યે લેખક પૂરી સભાનતાથી કલમ ચલાવે છે. આ કામને પૂરા સમર્પિત થઈને લેખન માટે તેમણે લીધેલો શ્રમ સાર્થક થયો છે. એન. એસ પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદની નોકરી સાથે વડોદારાના વારંવાર પ્રવાસો કરી મૂળ ચિત્રોનાં અવલોકન અને નિરીક્ષણ કરતાં જવું એ સહેલું કામ નથી. ગુજરાતમાં મળતાં ચિત્રો સાથે બહારનાં રાજ્યો અને શહેરોમાં સચવાયેલાં ચિત્રો માટે પણ લેખક સતત દોડધામ કરતા રહ્યા છે. આ બધા શ્રમ પાછળ વર્ણ્ય વિષય માટેની તેમની કાળજી અને ચીવટપૂર્વકનો અભ્યાસ તેમની વફાદારી અને નિષ્ઠાનો પુરાવો આપે છે. વળી આ પાયાના કામની સાથે અંગ્રેજી, હિંદી તથા સંસ્કૃત ગ્રંથોના અભ્યાસ અને આધારથી લેખનને દસ્તાવેજી રૂપ આપી શક્યા છે. સંદર્ભગ્રંથોના અભ્યાસ અને યાદી જ દર્શાવે છે કે આ કેટલી મહેનતનું પરિણામ છે. ચરિત્રનાયકના જીવનની તવારીખ પૂરાં ચાર પાનાંમાં બારીકાઈથી રજૂ કરી છે. ઉપરાંત રવિ વર્માનાં વધુ પ્રસિદ્ધ અને ઉત્તમ ચિત્રોને ૧૬ કલર પ્લેટ ગ્લોસી પેજમાં મૂકી આપ્યાં છે. એ સાથે આવાં અન્ય ચિત્રો જોવા મળી શકે એવાં અગત્યનાં સ્થળોની ૧૬ પાનાંની યાદી ઉમેરી આપી છે. લગભગ દરેક પાને લખાણને અનુરૂપ શ્વેત-શ્યામ ચિત્રો મુકાયાં છે, જે ચિત્રકારની ચિત્રકલાને ચાક્ષુષ કરી આપે છે. પરિણામે સમગ્ર ચરિત્ર વધુ રસપ્રદને આકર્ષક બન્યું છે.

આટલી બધી સામગ્રીનો સરવાળો કરી દેવાથી જ ગ્રંથ ઉત્તમ નથી બન્યો. સંગ્રહિત સામગ્રીની રજૂઆત સામાન્ય વાચક સાથે રસિક અને અભ્યાસી વાચકવર્ગને સંતર્પક નીવડે એવી સરળ છતાં આકર્ષક રીતે થઈ છે. દરેક પ્રકરણના આરંભે મૂકેલ સંસ્કૃત અવતરણ એમાં આવતા વિષયને યોગ્ય હોય અને સામાન્ય જણ સમજી શકે તેવા પાદટીપમાં સરળ ભાવાનુવાદ પણ મુકાયો છે. 'ચિત્રસૂત્રમ'ના ૧૧ શ્લોક, 'સમરાંગણસૂત્રધાર'ના બે સાથે બીજા છ ભિન્ન સંસ્કૃતગ્રંથોનાં અવતરણો મુકાયાં છે. જેમાં 'શ્રીમદ્ દેવીભાગવત', 'અપરાજિતપૃચ્છા', 'શિલ્પરત્ન', 'મત્સ્યપુરાણ' તથા 'બૃહદારણ્યકોપનિષદ'નો સમાવેશ થાય છે. આવાં સુયોગ્ય ને સપ્રમાણ અવતરણો

લેખકની બહુશ્રુતતા દર્શાવે છે. ગુજરાતી ભાષામાં આટલી સજ્ઞતા, ચીવટ, ઊંડાણ અને વિસ્તારથી રાજા રવિ વર્માનું જીવનચરિત્ર પ્રથમ વાર પ્રગટ થયું છે, જે એક ઐતિહાસિક ઘટના છે.

બધા ઉત્તમ ગ્રંથો આમજનતાને સરળતાથી સમજાય અને આસ્વાદાય તે શક્ય ન હોય એ સ્પષ્ટ છે. આવા ગ્રંથો માટે ભાવક પાસે પણ થોડી યોગ્તા અને સજ્ઞતાની અપેક્ષા સહજ રહે છે. આ દૃષ્ટિએ આ ગ્રંથના પાંચમા પ્રકરણના આરંભનું અવતરણ રાજા રવિ વર્માના ચરિત્રના રસાસ્વાદ માટે નોંધનીય છે :

'अधिकारीचात्र विमलप्रतिभाशालीहृदयः''

-अभिनवगुप्त

અર્થાત્ વિમલ પ્રતિભા જેના હૃદયમાં છે, એ જ રસાસ્વાદનનો અધિકારી છે. માત્ર ચિત્રકલા માટે જ નહિ આવા ઉત્તમ ગ્રંથના આસ્વાદન માટે અધિકારી બનશે, તેને વધુ આનંદ મળશે! પીએચ.ડી. પદવી પામ્યા પછીનું આવું માતબર સંશોધન મહત્ત્વનું અને મૂલ્યવાન બન્યું છે. લેખકની અભ્યાસનિષ્ઠાને સલામ સાથે અભિનંદન!

કળાકારની છબીને ઉજાગર કરવાનો ઉપક્રમ
| ડૉ. જયકર છો. જોશી

['આચાર્યના આલોકમાં' : સંપાદન પ્રફુલ્લ રાવલ, 'કુમાર' પ્રકાશન, પહેલી આવૃત્તિ મે 2015, કિં. રૂ. 300.]

પ્રસિદ્ધ વ્યંગ્યચિત્રસર્જક ડૉ. ઇન્દ્રદેવ આચાર્યથી ગુજરાત સુપરિચિત છે. અહીં 'આચાર્યના આલોકનું ખૂબ સુંદર દર્શન કરાવ્યું છે. વ્યંગ્યચિત્રસર્જન અને તેમનાં ગદ્યલખાણો અહીં ગ્રંથસ્થ થયાં છે. આચાર્ય વિશે પણ લખાયેલાં પરિચયાત્મક લખાણો સમાવિષ્ટ છે. આ રીતે આચાર્યની સમગ્ર છબી આપણી સામે પ્રગટ થાય છે.

સંપાદક પોતાના વિચારો પ્રગટ કરતાં –

'લોકભાવનાના મશાલચી'માં જણાવે છે કે, 'કળાકારની છબીને ઉજાગર કરવાનો ઉપક્રમ છે.' (પૃ. 5). તેમનો આ ઉપક્રમ સો ટકા સિદ્ધ થયો છે, જે પાને પાને દૃષ્ટિગોચર થાય છે.

સંપાદક આગળ જણાવે છે, 'જીવનની સંધ્યાએ પહોંચેલા ઇન્દ્રદેવ આચાર્યનો સર્જન-આલોક મારી જેમ સહુને પ્રસન્ન કરશે એવી મને શ્રદ્ધા છે.' (પૃ. 7). એક અતિ ઊર્જાવાન વ્યંગ્યકારની સમગ્ર છબી ઉપસાવીને તમે વાચકને પણ પ્રસન્ન કર્યા છે, એ બાબત પણ પ્રશંસાપાત્ર છે. કળાકારને જીવનસંધ્યા હોય છે પરંતુ તેની કલા ચિરકાલીન હોય છે.

આચાર્યની શૈલી કઈ રીતે ઘડાતી ગઈ તેની વાત કરવામાં આવી છે. એ જમાનામાં

રૂપિયા પંદરના દર માસે વ્યંગ્ય વિષયનાં પુસ્તકો ખરીદે છે. તેમાંથી નાનકડો પણ સમૃદ્ધ ગ્રંથસંગ્રહ બને છે. આવાં પુસ્તકોનાં પરિશીલનથી તેમની પોતાની આગવી શૈલી ઘડાઈ ગઈ હતી. આચાર્યના જીવનમાં કોનું કોનું પ્રદાન છે એ વાત પણ અહીં કહી છે.

વ્યંગ્યચિત્રોને જોતાં એમ લાગે છે કે તેમની પોતાની આગવી શૈલી છે. સાવ ઓછી રેખા, પાત્રની પકડ અને જરૂર જણાય ત્યાં મર્યાદિત ભાષા-પ્રયોગ એ ઇન્દ્રદેવની આગવી વિશેષતા છે. વ્યક્તિ-સમાજને તાગતાં એમનાં કાર્ટૂન્સ ઘણોબધો ઉપદેશ આપે છે. તીવ્ર બુદ્ધિશક્તિ, મૂળગામી સમજ અને સહજ રીતે ઉત્પન્ન થતું હાસ્ય એમના ગુણવિશેષો છે. ફિગર પરની સહજ પકડ તેમને ચિત્રકારની હરોળમાં આદરભેર બેસાડે છે.

તેમનાં વ્યંગ્યચિત્રો શબ્દો દ્વારા જોવાનો પ્રયત્ન કરીએ...

પૃષ્ઠ 194 ઉપર એક રેખાચિત્ર ખૂબ અસરકારક છે. આલમારીમાં વિવિધ પુસ્તકો છે. તેમાં ભૂતવિષયક બધાંથી અલગ ઢંગથી દેખાય છે. યોગનું પુસ્તક યોગમુદ્રામાં, લવસ્ટોરી પર ઊગી ગયેલું ફૂલ, લાઇફ પુસ્તક પર ચકલીનો માળો, ધ ફોલ નામના પુસ્તકને નીચે પડતું દર્શાવ્યું છે. આ કેટલું બધું સૂચિત કરે છે! આ જ છે વ્યંગ્યકારની બુદ્ધિમત્તા, જે આચાર્યનાં ચિત્રોમાં સહજ છે. પૃષ્ઠ 83 પર મૂકેલું વ્યંગ્યચિત્ર જોરદાર કટાક્ષ કરે છેઃ તપસ્વી જેવી દેખાતી એક વ્યક્તિ સ્ટ્રો દ્વારા ચાનો આસ્વાદ લઈ રહી છે. કપાળમાં તિલક, લાંબી દાઢી અને મૂછ, પાછળ બાંધેલી શિખા એવાં લક્ષણોથી તેની જ્ઞાતિ ઇંગિત થાય છે. બીજો પણ એક ઇશારો મળે છે કે આ મહાશય વ્યસનથી દૂર રહેવાનો ઉપદેશ આપતા હશે. થોડાક રેખાઓમાં ઘણુંબધું સૂચવી દેવાની કળા અહીં સુપેરે પ્રગટ થઈ છે.

આ ઉપરાંત કનૈયાલાલ મુનશી, ચાંપશીભાઈ ઉદેશી, હાજી મહમ્મદ અલારખિયા અને જે. કૃષ્ણમૂર્તિ વગેરેના કૅરિકેચર જોવા મળે છે. જેમાં તેમના વ્યક્તિત્વની ખાસિયતો અને લાક્ષણિકતાઓ ઉપસાવી આપી છે. આચાર્યે પોતાની 'સેલ્ફી' રૂપ છબીને કાર્ટૂનઆકાર આપ્યો છે.

આ પુસ્તકમાં આચાર્યે લખેલા લેખો પણ સમાવિષ્ટ છે. જેમાં જીવનઘડતરની વાતો આવી જાય છે. વ્યંગ્યચિત્રકારો જેવા કે 'ચંદ્ર' ત્રિવેદી અને બંસીલાલ વર્મા 'ચકોર' વિશેના સમીક્ષાત્મક લેખો મળે છે. પ્રસ્તુત લેખોમાં તે તે ચિત્રકારોની વિશેષતા ઉપસાવી આપી છે. "બંસીલાલ વર્માનાં વાર્તાચિત્રો" નામના લેખમાં જણાવે છે કે વર્મા વાર્તાચિત્રો કલાત્મક ઢબે બનાવી આપતા. લેખક કે પ્રકાશક ચિત્રકાર પ્રત્યે અવગણના કરે છે એ તારસ્વરે ફરિયાદ કરે છે, જુઓઃ "વધુ ગમગીન સત્ય તો એ છે કે આપણે ત્યાં કલા અને સંસ્કારના ધુરંધરો ગણાતા કેટલાક ખ્યાતનામ લેખકો પોતાની નવલકથાનાં આવાં સૌંદર્યસભર ચિત્રો વિશે બે શબ્દો લખવા જેટલી ખેવના પણ નથી બતાવી શકતા." (પૃ. 186) હજી આ પરિસ્થિતિમાં કોઈ ફેર પડ્યો નથી.

હાસ્યપ્રધાન વાર્તાઓ પણ સારું હાસ્ય પીરસે છે. જેમ કે 'હીરો ઘોઘે જઈ આવ્યો', '1 હતો ચકો', 'એક હતો કૂકડો' વગેરે. 'હીરો ઘોઘે જઈ આવ્યો'માં હાસ્યનિષ્પત્તિ બરાબર થઈ છે. નાનકડા ગામનું નામ 'કામચોરનગર' કહીને કટાક્ષસભર હાસ્યના

ચમકારા શરૂ થાય છે. મગન ખેડૂતને હીરો મળે છે, ને પછી તેના જીવનમાં ઉથલપાથલ શરૂ થઈ જાય છે. વિવિધ પછી તે પુનઃ ખેતર તરફ વળી જાય છે. વાર્તાનાં ચિત્રો પણ એટલાં જ અર્થસભર છે. મગન પાત્રની લાક્ષણિકતા તેમણે છેક સુધી જાળવી રાખી છે. તેમાં ચિત્રકારની કુશળતા દેખાય છે.

વાર્તાઓ અને લેખોમાં ચાટૂક્તિઓથી પણ નર્મમર્મ જન્માવ્યું છે. ઉ.ત. ‘શેખચલ્લીત્વ’માં ‘બહુ વિચાર કરી કાંઈ કાંદો કાઢી શકતો નથી’ (પૃ. 93). એક અન્ય ઉપમામાં ઊભરાતા હાસ્યને માણોઃ “તમે માણસ નથી પણ ફાનસ છો, ને તે પણ બુઝાએલું.” (પૃ. 94). “હું વિમાનની ઝડપે ફંગોળાઈ બીજા એક ખાડામાં પટકાઈ પડ્યો.” (પૃ. 98). “શ્રાવણનો મહિમા” લેખમાં પૂજારી પર તો જોરદાર કટાક્ષ કર્યો છે. સમગ્ર લેખમાં લેખકની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને મર્મહાસ્ય દેખાય છે.

પુસ્તકની સજાવટ ઉત્તમ પ્રકારની છે. 198 પાનાં છે, અને તેમાં 330 ચિત્રો આપેલાં છે. એટલે કે દરેક પાને સરેરાશ બેથી વધુ ચિત્રો છે. તેનું કવરચિત્ર આકર્ષક છે. સુઘડ મુદ્રણ, વ્યવસ્થિત ગોઠવેલાં (‘કુમાર’ની છાપણીની પરંપરા મુજબ) મોહક વ્યંગ્યચિત્રો પુસ્તકને રૂપકડું અને આકર્ષક બનાવે છે. પ્રફુલ્લ રાવલે આ પુસ્તકનું સંપાદન કરીને એક યજ્ઞકાર્ય કર્યું છે. ચિત્રકળા અને ચિત્રકારો ઉપરનાં આવાં ગણ્યાગાંઠ્યાં પુસ્તકો છે, તેમાં “આચાર્યના આલોકમાં” એક સુંદર ઉમરો કરે છે.

બાળનાટિકાનાલેખનનો આવકાર્ય પ્રયાસ | ઈશ્વર પરમાર

[**ઝાડવાં ફળ નથી ખાતાં રે** (બાળનાટકો) : કનુ આચાર્ય, પ્ર. લેખક સ્વયં, કિશોર પાર્ક સોસાયટી, ડીસા, જિ. બનાસકાંઠા, પ્રથમ આવૃત્તિ-2019, પૃ. 52, કિં. રૂ. 60]

ગુજરાતી બાળસાહિત્યક્ષેત્રના ‘બ્રહ્મા’ તરીકે સર્વસ્વીકૃત ગિજુભાઈ બધેકા(1885-1939)એ તેમના સમયમાં બાળનાટકો વિશે કહેલું : ‘ગુજરાતી બાળરંગભૂમિ બાળનાટકો વિહોણી હતી. એકબે રડ્યાંખડ્યાં સારાં બાળનાટકોથી ઊલટી તે વધારે ખાલી લાગતી હતી અને કેટલાંક અપક્વ બાળનાટકોથી તે વરવી લાગતી હતી...’ – અને તે પછી આજે વરિષ્ઠ બાળનાટ્યવિદ અમુલખ ભટ્ટના સમયમાંય આ સ્વરૂપ અંગેની ઉક્ત સ્થિતિમાં ખાસ ફરક પડ્યો જણાતો નથી. ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રોમાં રજૂ થતાં સાહિત્યિક સરવૈયાનું અવલોકન કરવાથી બાળનાટકની ઇયત્તા અંગે ખાતરી થશે.

આ પરિસ્થિતિ વચ્ચે વાર્તા-નવલ, સંપાદન, ચરિત્ર, ધર્મ, સંશોધન જેવાં વિવિધ ક્ષેત્રે પચાસેક પુસ્તકોનું પ્રદાન કરી ચૂકેલા લેખક કનુભાઈ આચાર્ય બાળસાહિત્યક્ષેત્રે પોતાનું પ્રથમ પુસ્તક રજૂ કરી રહ્યા છે ત્યારે તેમનું સ્વાગત કરતાં આનંદ થાય છે.

એમનું સાત બાળનાટિકાઓનું આ પુસ્તક તેના વસ્તુની દૃષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે છે. તેમાં તેમણે આધુનિક ગુજરાતના ‘સામાજિક તપસ્વી’ રવિશંકર મહારાજના પસંદિત

જીવનપ્રસંગો અને કાર્યોની ઝાંખી કરાવી છે. કાર્યોમાં ભૂમિદાન, શ્રમ, સેવા, સર્વધર્મસમભાવ, સાક્ષરતા, સારવાર, સ્વચ્છતા અને ખાસ તો પ્રજાને પીડતા બહારવટિયાનું હૃદયપરિવર્તન જેવી ઘટનાઓ સામેલ છે. સવિશેષ તો રવિશંકર મહારાજ ઉપરાંત ગણેશ માવળંકર જેવી વિશિષ્ટ પ્રતિભાની ભલેને પાત્ર રૂપે, પણ પ્રાસંગિક હાજરીથી બાળનાટિકાઓ તેટલા પૂરતી સમૃદ્ધ થવા પામી છે.

બાળનાટિકાઓમાં મોટેભાગે મહારાજના મુખેથી સ-વિસ્તર કહેવાયેલી વાર્તાઓ બાળકોને રસ પડે તેવી અને શિક્ષણક્ષમ છે; જોકે વાર્તાઓના પ્રમાણ અને વિસ્તારની દૃષ્ટિએ એ નાટિકાની ગતિને અવરોધતી જણાય છે.

એ જ રીતે પ્રત્યેક બાળનાટિકાઓમાં બાળકોએ કંઠસ્થ કરવા જેવી તેમજ શાળાઓની સમૂહપ્રાર્થનાઓમાં સ્થાન આપવા જેવી કવિતાઓ, પ્રાર્થનાઓ, શ્લોકો જેવી સામગ્રી ગુંથાયેલ છે. જોકે આ સામગ્રી પણ નાટિકાના વસ્તુને ખાસ પૂરક હોય એવું નથી; પણ સમૂહગાન થકી વાતાવરણમાં સંસ્કાર-સૌરભ અવશ્ય અનુભવાશે.

આ નાટિકાઓનાં વાચન કે પ્રેક્ષણ થકી બાળકોને સદ્‌વર્તન માટે પ્રેરે તેવી કેડીઓ અવશ્ય લાધે તેમ છે, ઉપરાંત આઝાદી પૂર્વે મહાત્મા ગાંધીજીના પ્રભાવે થયેલાં લોકઆંદોલનો, તે પછી ચિંતક વિનોબાજીના પ્રભાવે થયેલી વૈચારિક ક્રાંતિની બાળકોને જિજ્ઞાસા અને ઝાંખી થઈ શકે છે.

બાળનાટિકાના આ અ-ચિત્ર સંગ્રહની કેટલીક કૃતિઓમાં મહેસાણા-બનાસકાંઠા વિસ્તારનાં પાત્રો તેમના ગ્રામવિસ્તારની બોલીમાં સંવાદો બોલે છે; આથી જે તે વિસ્તારનાં ગ્રામવિસ્તારનાં બાળકો તે કદાચ માણી શકે પણ કૃતિને સમગ્ર ગુજરાતનાં બાળકો તે પૂરું સમજી કે માણી શકે નહીં; આથી સળંગ બોલી નહીં, તેની છાંટની છટાવાળી ઉક્તિ મુકાય તે ઇચ્છનીય લાગે છે. બોલીમાં પાદવાની પોંચ જેવા શબ્દપ્રયોગો બાળકો માટેની કૃતિમાં અનુચિત ગણાય.

શ્રદ્ધેય વિભૂતિઓના જીવનપ્રસંગોનું થીમ અપનાવીને બાળનાટ્યક્ષેત્રે, સૂચિત મર્યાદાઓ નિવારીને થતા આવા લેખન-પ્રયોગો અવશ્ય આવકારને પાત્ર છે.

❑

નવલકથા

માયાવનના મોર : અમિતાભ મૅકવાન, 2021, 48/1, રિદ્ધિસિદ્ધિ ક્વીન્સ બંગલો, રઘુવીર ચૅમ્બર પાચળ, વલ્લભવિદ્યાનગર, પૃ. 232. રૂ. 350. અજવાળિયું : ઉત્તમ મેવલાડા, 2020, Zenopus નવરંગપુરા, અમદાવાદ, 14 + 128, રૂ. 200. ખાલીપો : સ્નેહલ પટેલ, 2021, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. 120, રૂ. 125. ક્ષમસ્વ : હરેશ ધોળકિયા, 2021, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, 6 + 146, રૂ. 170.

અને છેલ્લે...

અરે ! આઝાદીનો અમૃતમહોત્સવ પૂરો ?

ભરત મહેતા

‘આઝાદી’ના ત્રણ ગુરુ કહો કે છ માત્રા શબ્દમાં એવો રોમાંચ ભર્યો હતો કે એ શબ્દો ગળામાંથી નહીં, છાતીમાંથી નીકળતા ! આઝાદીના લાખો શહીદો અને સેંકડો નેતાઓમાંથી કોઈનેય મન આઝાદી કેવળ અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ એવો સેંકડો અર્થ અભિપ્રેત ન હતો. ધર્મ, જ્ઞાતિ, ભાષા, પ્રદેશ આ વાડાબંધી આપણને ભારતીય બનતાં આંતરી નહીં શકે એવો ભરોસો હતો. નેહરુએ ’પૂર્ણ સ્વરાજ્ય’ની ઘોષણા કરેલી ત્યારે કેવળ સ્વરાજ્ય નહીં એ જ વાત હતી. ગાંધીજીનો ’સર્વોદય’ શબ્દ જ ગોવર્ધનરામનું આદર્શ કલ્યાણગ્રામ (Welfare state) હતું. ૧૪મી ઑગસ્ટની મધરાતે દુનિયા સૂતી હતી ત્યારે બ્રિટનનો યુનિયન જૅક ધ્વજની દાંડીએથી સડસડાટ નીચે ઊતરી રહ્યો હતો અને અશોકચક્ર સમેત ત્રિરંગો આકાશે લહેરાતો હતો. સહુને હતું કે હવે સોનાનો સૂરજ ઊગશે. આઝાદીની રોશની અને ફૂટતા ફટાકડાંઓના ટાણે રાષ્ટ્રપિતા મહાત્માનો આત્મા ટૂંટિયું વાળીને ભારતવિભાજનથી કણસતો હતો.

આઝાદી તો મળી, પણ પાકિસ્તાન અને અઢી દાયકા કેડે બાંગ્લાદેશ સર્જાતાં ઉપખંડ જેવા ભારતના બેઉ હાથ કપાઈ ગયા! ’૫૦ સુધીમાં ગાંધી-સરદારે વિદાય લીધી પછી નેહરુની દશાય બેઉ હાથ કપાઈ જવા જેવી જ થઈ. તાજું જન્મેલું બાળક મરણ સામે ઝૂઝતું હોય અને કાચની પેટીમાં રાખ્યું હોય એવા દેશના હાલહવાલ હતા. છતાં રાખમાંય નવજીવન પરોવવાનો પ્રયત્ન સ્વપ્નદ્રષ્ટા નેહરુએ કર્યો. આઝાદી પછી માત્ર વીસ વર્ષમાં ભારતે જે અનાજ ઉત્પાદન કર્યું એ આઝાદી પૂર્વેનાં બસો વર્ષમાં થયું ન હતું. હમણાં જ નેહરુની સાર્ધ જન્મશતાબ્દી ગઈ. પણ એમનાં કાર્યોને સારી પેઠે રેખાંકિત ન કરી. શક્યાં. બાકી, આઝાદીનો જ નહીં, દેશનો અને દુનિયાનો ઇતિહાસ નેહરુ લખીને ગયા છે. ઇતિહાસ ઘડતાં ઘડતાં ઇતિહાસ લખાઈ રહ્યો હતો. અત્યારે જે સંસ્થાઓ ટપોટપ બંધ પડી રહી છે કે વેચાઈ રહી છે પૂરેપૂરી કે અડધીપડધી એનું નિર્માણ થયેલું! LIC, ભારતીય સાહિત્ય અકાદમી, સંગીત નાટક અકાદમી, ONGC, IPCL વગેરે. એમણે આત્મકથા, ભારતનો ઇતિહાસ અને વિશ્વનો ઇતિહાસ લખ્યો અને એમ હું, મારો દેશ અને દુનિયા સુધી ત્રિજ્યાઓ લંબાવી.સાહિત્યકારો , કળાકારો માટે અપાર આદર. ટીકાકાર નિરાલાજી રાજ્યસભામાં ન હોય તો એમને ન ગમે! આર. કે. લક્ષ્મણ એમની ઠેકડી ઉડાવે એવું કાર્ટૂન કરે ત્યારે ફોન કરી અભિનંદન આપે! આઝાદીનો અમૃત મહોત્સવ ઠેર ઠેર રંગે-ચંગે ઊજવવાની ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ જાહેરાત કરી હતી, કેન્દ્ર સરકારે પણ એવી બુલંદ જાહેરાત કરેલી. સરકાર બીજાં કામોમાં સરકી ગઈ અને બે દાયકાઓ ઊજવવા તરફ વળી ગઈ ! વિશ્વવિદ્યાલયોમાં પ્રારંભે આઝાદીનો અમૃત મહોત્સવ રાષ્ટ્રીય

શાયરની સવાસોમી શતાબ્દી હોઈ મેઘાણી સંગે સંગે મનાવાયો પણ એ સરકારી જ રહેલો. મેઘાણી હાંસિયામાં અને રાજ્ય કેન્દ્રની સિદ્ધિઓ જ કેન્દ્રમાં રહી હતી. મને થયું કે સવાસો કાર્યક્રમ થવાના છે તેથી ધીરે ધીરે ઠીક થઈ જશે. પણ આરંભે શૂરાની જેમ આવી સરસ જાહેરાત 'વાંચે ગુજરાત' જેવી બની ગઈ. સાતત્ય ન રહ્યું. બાકી અમૃત મહોત્સવ નિમિત્તે નવી પેઢીને આઝાદીની વાતો પહોંચાડવાનો મોટો અવસર હતો. જોકે સાહિત્ય તો આ કામ કરતું જ રહ્યું. ગુજરાતીમાં મળેલી 'ક્રોસરોડ' જેવી રચનાએ ઈ. ૧૯૧૫ થી '૭૫ સુધીની યાત્રા સફળ રીતે કરાવી છે. યુવાનો આ રચનામાંથી પસાર થાય તોય આઝાદીના અમૃત મહોત્સવની ઝાંખી પામશે.

'આઝાદી કા અમૃત મહોત્સવ' જેવું સૂત્ર અને ચિહ્ન (logo) સરકારે વહેતું મૂક્યું ત્યારે મને હતું કે આ દેશમાં થયેલ પ્રચંડ આંદોલનની સરખી નોંધ લેવાશે પણ આઝાદી સિવાયનાં રાબેતા મુજબનાં કામોમાં ચિહ્ન અને સૂત્ર વાપરીને સરકારે ઇતિશ્રી કરી. ખુરશીની ખેંચતાણનો છેલ્લે એવો વરવો ખેલ થયો કે સહુ કોઈ રાષ્ટ્ર ભૂલીને મહારાષ્ટ્રમાં લાગી ગયા.

એક જમાનો હતો કે જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમીય આઝાદ કહો કે સ્વાગત હતી. લાલા હરદયાળ, ખુદીરામ બોઝ, ભગતસિંહ, સરદારસિંહ રાણા , તાત્યા ટોપે જેવા કંઈ કેટલાય ક્રાંતિકારીઓના લઘુગ્રંથ, સો-સવાસો પૃષ્ઠના કરોડોના ખર્ચે તૈયાર કરેલા અને ઠેર ઠેર લગભગ મફત વિતરણ કરેલું. આજે ત્યાં સશસ્ત્રક્રાંતિના, ૧૮૫૭ના અભ્યાસી શ્રી વિષ્ણુ પંડ્યા છે છતાં આખું વરસ કંઈ ન થયું. માત્ર ચિહ્ન તરતું રહ્યું ! મને હતું કે પંચોતેરમે કોઈક આઝાદીનાં પંચોતર કાવ્યો, વાર્તાઓ એવું ચયન કરશે પણ એ પણ ન દેખાયું. પરિષદે આગામી જ્ઞાનસત્રમાં એક બેઠક ફાળવી છે. ગુજરાતી અધ્યાપક સંઘે રતનપુર અધિવેશનમાં એક સ્વતંત્ર બેઠક આઝાદીની ચળવળ અને ગુજરાતી સાહિત્યને ફાળવી હતી.

પ્રજામાં કંઈ જ ઉત્સાહ નથી. હમણાં જ એક રાજકીય પક્ષની યુવા મંચની બેઠકમાં પ્રત્યેકને એક કાગળ આપ્યો અને કહેવામાં આવ્યું કે પાંચ મિનિટમાં દસ ભારતીય ક્રાંતિકારીનાં નામ લખી આપો. વિશાળ સભામાંથી કોઈ પાંચ નામ ના આપી શક્યા! જલિયાંવાલા બાગની શતાબ્દી, ૨૦૧૯માં ગઈ પણ સેલ્ફી કલ્ચરથી આગળ ના ગઈ.

આવા વાતાવરણમાં એક સંસ્થા 'જનજાગૃતિ અભિયાન - વડોદરા'એ આખું વરસ મેઘાણીની સવાસોમી જયંતી અને આઝાદીનો અમૃત મહોત્સવ મનાવ્યાં. જેનું પુસ્તક અઠાવીસ ઑગસ્ટે પ્રગટ થવા જઈ રહ્યું છે. આખા વરસમાં પચાસ ઉપરાંત વ્યાખ્યાનો થયાં હતાં. રન્નાદે પ્રકાશને પણ આઝાદીનાં પંચોતેર કાવ્યોનું 'પંચોતેરમે' સંપાદન પ્રગટ કર્યું છે.

આઝાદીની નોળવેલ જ દૂરિત સામેના સંઘર્ષમાં લેખે લાગશે. ભલે, પૂર્ણ સ્વરાજ્ય તો બાકી છે પરન્તુ આઝાદીની ચળવળમાં જે સર્વાંગી સમન્વય હતો એ આજે જરૂરી છે. આદિવાસી પ્રજાએ કરેલો મુકાબલો હવે ધીરે ધીરે બહાર આવી રહ્યો છે. ગુજરાત સંદર્ભે અરુણ વાઘેલાએ નોંધપાત્ર કામ કર્યું છે. ગાંધીજીની અહિંસક લડતથી માંડી સશસ્ત્ર ક્રાંતિકારીઓના કાર્યક્રમોમાં મોટાપાયે બહેનો હતી. 'પથેરદાબી' વાંચીને માસ્ટર સૂર્યાસેને

ચિટગોંગમાં જે વિદ્રોહ કર્યો એની નવલકથા લખાઈ છે જેમાં બહેનો હતી. એ નવલકથા પર 'ખેલેંગે જી જાન સે' સરસ ફિલ્મ બની છે. જેને રસ હોય એ ખાલી 'આનંદમઠ' જ વાંચી લે, એ દૂર પડતી હોય તો ગુજરાતીમાં લખાયેલી વર્ષા અડાલજાની ક્રૉસ રોડ.

આજે આપણેય ઊભા છીએ ક્રોસ રોડ પર જ. ક્યાં જવું? શિક્ષિત લેખે, સર્જક લેખે, સાંસ્કૃતિક કર્મશીલ લેખે અંગત દુઃખની, સુખની જ વાત કર્યા કરવાની કે પછી એ ઘૂંટડાને પી જઈને વ્યાપક જનતાનાં સુખદુઃખ સાથે માલમિલાવવો? નાગાર્જુને તો કહી દીધેલું – "મૈં જન કવિ હૂં, મૈં ક્યૂં હકલાઉ? સાફ સાફ બતલાઉ!' તોતડી સર્જકવાણી સ્વની કે સર્વની વાત માંડી શકતી નથી.

મન આઝાદી આઝાદી કરતું હોય એવામાં જ ઉદયપુરમાં કનૈયાલાલ દરજીની નિર્મમ હત્યાના સમાચારે હચમચાવી મૂક્યો. ક્યાંક અખલાક, ક્યાંક ઓરિસામાં બે બાળકો સમેત પિતા (ફાધર) સ્ટેઈન, ક્યાંક કવિ અહેસાન જાફરી, ગોવિંદ પાનસરે, નરેન્દ્ર દાભોલકર, કુલબર્ગી ચાલ્યા જ કરે છે...

સુલતાન મહેમદની એક કવિતાથી પૂરું કરું...

'સૂરજ હિન્દુ, ચંદા મુસ્લિમ
તારોં કી ક્યા જાત ?
કિસકી હૈ યે સાઝિશ
કિ તૂટતે રહે સારી રાત?'

❑

'પરબ'ના લેખકોને નમ્ર વિનંતી

- ☐ પોતાની રચનાઓ કેવળ 'પરબ'ના ઇ-મેલ પર જ મોકલવી.
- ☐ એક રચના મોકલી હોય એનો સ્વીકૃત/અસ્વીકૃતનો જવાબ મળે પછી જ બીજી રચનાઓ મોકલવી.
- ☐ ઇ-મેલમાં હાંસિયો છોડવો કારણ કે ફાઇલિંગ વખતે શબ્દો કપાઈ જાય છે.
- ☐ થોકબંધ કવિતાઓ એકસાથે ન મોકલવી.
- ☐ સ્વીકૃત/અસ્વીકૃતનો જવાબ મેળવવા પોસ્ટકાર્ડ મોકલવું.
- ☐ ઇ-મેલમાં રચનાઓ નામ સાથે મળે છે પરન્તુ સરનામું હોતું નથી. તેથી નામ-સરનામું-ફોનનંબર પણ મોકલવાં.
- ☐ શક્ય હોય તો ઇ-મેલની વર્ડફાઇલ પણ પીડીએફ સાથે મોકલવી.

પરિષદવૃત્ત

ઉમાશંકર જોશી જન્મજયંતી નિમિત્તે

વૃક્ષારોપણ-વ્યાખ્યાનો

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તા. 21 જુલાઈ 2022ના રોજ સાંજે 4 કલાકે પરિષદપ્રમુખ શ્રી પ્રકાશ ન. શાહની અધ્યક્ષતામાં ઉમાશંકર જોષી જયંતી નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ સાથે ગુજરાત રાજ્યની 21 કૉલેજોએ પણ ઉમાશંકર જન્મજયંતીનિમિત્તે કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં પરિષદપ્રમુખ શ્રી પ્રકાશ ન. શાહ, ઉપપ્રમુખ શ્રી માધવ રામાનુજ અને શ્રી પ્રફુલ્લ રાવલ, મહામંત્રીશ્રી સમીરભાઈ ભટ્ટ, ગ્રંથાલયમંત્રીશ્રી મનીષ પાઠક, સ્વાધ્યાયપીઠમંત્રીશ્રી છાયાબેન ત્રિવેદી પરિષદના ટ્રસ્ટી શ્રી રઘુવીર ચૌધરી, ક. લા. સ્વાધ્યાયમંદિરના પૂર્વનિયામક શ્રી રમેશ ર. દવે, સર્વશ્રી અનિલા દલાલ, રૂપા શેઠ, લત્તા હીરાણી, હેમંત દવે, યોગેશ જોશી તથા પરિષદના કર્મચારીઓ ઇતુભાઈ કુરકુટિયા, ચંદ્રકાન્ત ભાવસાર, રશ્મિકાન્ત દવે, દીપ્તિ શાહ, સ્નેહલ ચૌધરી, નિહાર દેસાઈ, જયંતિ વાઘેલા અને સાહિત્યરસિકો અને વૃક્ષપ્રેમીઓની હાજરીમાં પરિષદપ્રાંગણમાં વૃક્ષારોપણ થયું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રાંગણમાં વૃક્ષારોપણ 21મી જુલાઈએ કર્યું હતું તેના જ અનુસંધાને તા. 24-7-2022ના રોજ અમદાવાદ વેસ્ટ પ્લાન્ટેશન ટીમના 42 સભ્યોએ પરિષદના મહામંત્રી શ્રી સમીરભાઈ ભટ્ટ તથા ગ્રંથાલય મંત્રી શ્રી મનીષ પાઠકની તેમજ પરિષદના કર્મચારી ઇતુભાઈ કુરકુટિયા અને ચંદ્રકાન્ત ભાવસારની ઉપસ્થિતિમાં પરિષદપ્રાંગણમાં સવારે 7-00 થી 10-00 દરમિયાન વૃક્ષારોપણ કર્યું હતું. અમદાવાદ વેસ્ટ પ્લાન્ટેશન ટીમનો આભાર.

ઉમાશંકર જોશી જન્મ જયંતી નિમિત્તે પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટના સફળ પ્રયત્નથી ગુજરાતની 21 કૉલેજોએ ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે જોડાઈને પોતાની કૉલેજોમાં ઉમાશંકર જોશી જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમો કર્યા. આ કૉલેજોના નામો આ પ્રમાણે છે! 1. ડી.સી.એમ. કૉલેજ, વીરમગામ, 2. પી.આર.બી. આર્ટ્ સ ઍન્ડ પી.જી.આર. કોમર્સ કૉલેજ, બારડોલી, 3. પૂ. એલ. એમ. વોરા કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કોમર્સ, સાયલા, 4. શ્રીમતી હંસાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ, 5. સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ, 6. એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સૂરત, 7. મહિલા વિશ્વવિદ્યાલય, વડોદરા, 8. શ્રી બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કૉલેજ, સાવલી, 9. માણેકચોક બૅંક આર્ટ્સ ઍન્ડ મહેમદાવાદ અર્બન બૅંક કોમર્સ કૉલેજ, મહેમદાવાદ, 10. એસ. ડી. આર્ટ્સ ઍન્ડ શાહ બી. આર. કોમર્સ કૉલેજ, મહેમદાવાદ, 11. ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કોમર્સ કૉલેજ,

ગાંધીનગર, 12. શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર, 13. હિંમતનગર આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, હિંમતનગર, 14. શેઠ બી. સી. શાહ આર્ટ્સ કૉલેજ, વડાલી, 15. શ્રી ટી. એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, ઈડર, 16. ગુજરાત કેન્દ્રિય વિશ્વવિદ્યાલય, ગાંધીનગર, 17. શ્રી જી. કે. ઍન્ડ સી. કે. બોસમિયા કૉલેજ, જેતપુર, 18. લોકભારતી, સણોસરા, 19. શ્રી એસ. ડી. પટેલ આર્ટ્સ ઍન્ડ સી. એમ. પટેલ કોમર્સ કૉલેજ, આંકલાવ, 20. શ્રી ઉમિયા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ, 21. શ્રી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડનો સમાવેશ થાય છે. પરિષદ મંત્રી સમીર ભટ્ટે આ 21 કૉલેજો પરિષદ સાથે જોડાઈ તેનો આનંદ વ્યક્ત કર્યો હતો અને પરિષદ સાથે જોડાયેલી બધી જ કૉલેજોનો પરિષદ વતી આભાર માને છે.

વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાધ્યાયપીઠ વિભાગ દ્વારા ઉમાશંકર જોશી જન્મ જયંતીનો કાર્યક્રમ સાંજે 5-00 કલાકે પરિષદના ગૌવર્ધન સ્મૃતિ મંદિરમાં યોજાયો હતો. સ્વાધ્યાયપીઠ મંત્રી શ્રી છાયાબેન ત્રિવેદીએ કાર્યક્રમમાં પધારેલા સૌ સાહિત્યરસિકોને આવકાર્યા હતા. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. પરિષદપ્રમુખ શ્રી પ્રકાશ ન. શાહે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં કહ્યું હતું કે ગૌવર્ધનરામે રમણીય શબ્દ ઉપર ભાર મૂક્યો હતો અને ઉમાશંકર જોશીએ સુ-રેખ ગતિના સાહિત્યકાર રહ્યા છે. એનો નિર્દેશ કર્યો હતો. ઉમાશંકર જોશીના કાવ્યોનું પઠન અને આસ્વાદ નિરંજન ભગત દ્વારા કરવામાં આવેલું તેની દશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ કરવામાં આવી. ‘સંશોધક ઉમાશંકર જોશી’ વિશે શ્રી હેમન્ત દવેએ વિદ્વતાસભર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે ‘અખો એક અધ્યયન’ અને ‘પુરાણોમાં ગુજરાત’ વિશે વિગતે ચર્ચા કરી હતી. ઉમાશંકર જોશઈ એક મોટા ગજાના કવિની સાથે સાથે મોટા ગજાના સંશોધક પણ છે. તેની વકતવ્યમાં ચર્ચા કરી હતી. પરિષદના ઉપપ્રમુખ શ્રી પ્રફુલ્લ રાવલે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન સ્વાધ્યાયપીઠ મંત્રી છાયાબેન ત્રિવેદીએ કર્યું હતું.

પુસ્તક પ્રદર્શન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મ. ગ્રંથાલય દ્વારા સ્થાપના દિન નિમિત્તે દર મહિનાની 17મી તારીખથી એક સપ્તાહ સુધી યોજાતા પુસ્તક પ્રદર્શનમાં ઉમાશંકર જોશીના જન્મદિન નિમિત્તે તા. 18 થી 23 જુલાઈ દરમિયાન ગુજરાતી કવિતાનાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં દર વખતની જેમ ગ્રંથાલયમંત્રી મનીષ પાઠક, પરીક્ષિત જોશી, પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટ, મણિભાઈ પ્રજાપતિ, ચેતન શુક્લ, જયંત ડાંગોદરા, વર્ષા પ્રજાપતિ, ભારતી દેસાઈ, મેહુલ ત્રિવેદી ઉપરાંત વાચકો વિદ્યાર્થી ભાઈ-બહેનો અને સાહિત્યપ્રેમીઓએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો. હંમેશની જેમ પ્રિવ્યૂ આપી ન્યૂઝ પ્રકાશિત કરતાં મીડિયાએ પણ આ પુસ્તક-પ્રદર્શનની નોંધ લીધી હતી.

પાક્ષિકી

તા. 23-7-2022 ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે 5.00 કલાકે કોરોના પછીના લાંબા અંતરાલ બાદ પુનઃ 'પાક્ષિકી' કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્તા, નિબંધ, એકાંકી, વિવેચન વગેરે સ્વરૂપોનું પાક્ષિકીમાં સર્જન દ્વારા વાંચન થાય અને ઉપસ્થિત સર્જકો અને ભાવકો જે તે સ્વરૂપ પર પોતાનો અભિપ્રાય રજૂ કરે અને એ રીતે કોઈ એક સ્વરૂપની વિશદ ચર્ચા કરવામાં આવે એવો ઉદ્દેશ આ કાર્યશાળા પાછળ રહેલો છે. આજની પુનઃ શરૂ થયેલી આ કાર્યશાળાની ભૂમિકા પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે બાંધી આપી હતી. તેમજ ઉપપ્રમુખ કવિશ્રી માધવ રામાનુજ અને પ્રફુલ્લભાઈ રાવલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આ નવપ્રયાણને સમયસરની ઉત્તમ પ્રવૃત્તિ તરીકે મૂકી આપી હતી. તો વાર્તાકાર બીપિન પટેલે વાર્તાના સ્વરૂપ વિશે વિગતે વાત કરી પાક્ષિકીના પૂર્વ સમયને તેના હેતુઓ સાથે યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપ્યો હતો. આજની વિશેષ ઉપસ્થિતિમાં જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીએ પણ પુનઃ શરૂ થયેલી આ પ્રવૃત્તિ માટે આશીર્વચન પાઠવ્યા હતા. આજની આ સભામાં વાર્તાકાર ધર્મેન્દ્ર ત્રિવેદીએ 'ગમવું એટલે' વાર્તાનું વાંચન કર્યું હતું. આ વાર્તા પોતાનું ઘર ગુમાવીને રસ્તા પર આવી ગયેલી સ્ત્રીની વિષમ પરિસ્થિતિ અને એ પરિસ્થિતિમાં પણ વર્ષો પછી પોતાના સૌંદર્યને ચાની કીટલી પર દૂર રહી માણવા આવતા એક પુરૂષની મુલાકાતની વાત કરી અંતે 'ત્યારે પણ તું ગમતો ન હતો અને આજે પણ ગમતો નથી'ના ચોટદાર અંતની વાર્તા રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કવિશ્રી હર્ષદ ત્રિવેદી, ગ્રંથાલયમંત્રી અને કવિ મનીષ પાઠક, પ્રતાપસિંહ ડાભી, ચેતન શુક્લ, સુનિતા ચૌધરી જેવા સર્જકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાક્ષિકીના સંયોજક તરીકે જયંત ડાંગોદરાએ કર્યું હતું.

એનીબેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ

ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત ચાલતી બહેનોની સાહિત્યિક પ્રવૃત્તિનો કાર્યક્રમ એનીબેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ અંતર્ગત કાર્યક્રમ તા. 26-7-2022ના રોજ સાંજે 4.00 કલાકે પરિષદમાં યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રારંભે પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. એની બેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ કરે છે. તેની વિરામ પછી પુનઃ શરૂઆત કરી હતી. આ કાર્યક્રમના સંયોજક શ્રી પ્રજ્ઞા પટેલે એનીબેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિની પ્રવૃત્તિનો પરિચય કરાવ્યો હતો. આજના વક્તા શ્રી અનિલા દલાલે પોતાના લેખન અને અનુવાદપ્રક્રિયાની વાત કરી હતી. જેમાં તેમણે વિવેચનપ્રવૃત્તિ અને અનુવાદ કાર્યપ્રવૃત્તિની વિગતે વાત કરી હતી. પરિષદના ઉપપ્રમુખ પ્રફુલ્લ રાવલે પણ પોતાના સર્જનપ્રક્રિયાની વાત કરી હતી. જેમાં કાન્તના જીવનચરિત્ર વિશે અને પોતે કરેલા અનુવાદ 'જંગલ' વિશેની તેમજ પોતે કરી રહેલા સાહિત્યિક અભ્યાસની વાત કરી હતી. આ પ્રસંગે વરિષ્ઠ સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ધીરુબહેન પટેલને યાદ

કરીને બહેનોની સાહિત્યિક પ્રવૃત્તિ કેવી રીતે સમૃદ્ધ બને તેની ચર્ચા કરી હતી. બીજા સંયોજક લતાબહેન હીરાણીએ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ગિરિમા ઘારેખાન, દૃષ્ટિ પટેલ, સુનિતા ચૌધરી વગેરે બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રંથવિમર્શ

ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત 'ગ્રંથવિમર્શ' કાર્યક્રમ અંતર્ગત માધવ રામાનુજકૃત નવલકથા 'યુગાંતર'નું આસ્વાદલક્ષી વક્તવ્ય શ્રી મનસુખ સલ્લાએ તા. 27-7-2022ના રોજ સાંજે 5.00 કલાકે પરિષદના ગૌવર્ધન સ્મૃતિ મંદિરમાં આપ્યું હતું.

આ કાર્યક્રમમાં પરિષદના મહામંત્રીશ્રી સમીર ભટ્ટે સૌને આવકાર આપ્યો હતો. અને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી મનસુખ સલ્લાએ 'યુગાંતર' નવલકથાનો આસ્વાદ કરાવતાં કહ્યું હતું કે આ ભાલપ્રદેશની કથા છે. જેમાં બે બ્રાહ્મણ કુટુંબની વાત છે. એક બાપજી અને બીજા પ્રભાશંકર. આ નવલકથામાં ત્રણ પેઢીની 150 વર્ષ પૂર્વેની કથા છે. આ નવલકથા ખલ પાત્ર વિનાની છે. જેમાં ત્યાગ અને સમજણ જોવા મળે છે. 'યુગાંતર' નવલકથાના લેખક શ્રી માધવ રામાનુજે સર્જક કેફિયત આપી હતી. જેમાં તેમણે મોસાળના ગામ કોઠને વતન પચ્છમને અને પચ્છમ ગામના તળાવનું સ્મરણ કર્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પરિષદના ઉપપ્રમુખ પ્રફુલ્લ રાવલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મનીષ પાઠકે કર્યું હતું. આ કાર્યક્રમમાં સાહિત્યરસિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ

❑

નવલકથા

કાલપાશ : મોહન પરમાર, 2020, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, 6 + 154, રૂ. 140. કૃતઘ્ન : અનુવાદ પ્રકા. અશ્વિન આણદાણી, 2020, રન્નનાદે પ્રકાશન, અમદાવાદ, 10 + 170, રૂ. 160. કોલાહલથી દૂર : ભાવાનુવાદ : હિતેશ જાજલ, 2020, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પૃ. 368, રૂ. 400. રેન્ડિયર્સ : અનિલ ચાવડા, 2021, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. 152, રૂ. 159.

ગુજરાતીમાં હાસ્ય-કટાક્ષના ઈતિહાસકાર-હાસ્યલેખક મધુસુદન પારેખ 'પ્રિયદર્શી'નો શતાબ્દિપ્રવેશ

મધુસુદન પારેખ 'પ્રિયદર્શી'નો દિ. 14-7-2022ના રોજ શતાબ્દિવર્ષમાં પ્રવેશ થઈ ગયો છે. મધુસુદનભાઈએ વિવેચક, સંપાદક અને અનુવાદક તરીકેની પણ કાર્ય કર્યું છે પણ એ પ્રસિદ્ધ થયાં હાસ્યલેખક તરીકે. ગુજરાત રાજ્યના સ્થાપના વર્ષ 1960થી એમની હાસ્યરસની એક કોલમ 'હું, શાણી અને શકરાભાઈ' શરુ થઈ જે આજપર્યંત હાસ્યરસ પિરસી રહી છે. આ કોલમ નિમિત્તે એમણે લખેલાં હાસ્યલેખો-હાસ્યનિબંધિકાઓમાંથી ચયનિત-સંપાદિત લેખોના પુસ્તકો પણ થયાં છે. જેમાં હું શાણી અને શકરાભાઈ (1965), સૂડી સોપારી (1967), રવિવારની સવાર (1971), હું રાધા અને રાયજી (1974), આપણે બધાં (1975), વિનોદાયન (1982) અને પેથાભાઈ પુરાણ (1985) ઈત્યાદિ પુસ્તકો મુખ્ય છે.

મધુસુદનભાઈનું મૂળ વતન સુરત. 1945માં મુંબઈ યુનિ.માંથી ઈતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે બી.એ., પછી 1952માં ગુજરાત યુનિ.માંથી ગુજરાતી-સંસ્કૃત સાથે એમ.એ., થયા. 1958માં 'ગુજરાતી વાર્તાસાહિત્યમાં પારસી લેખકોનો ફાળો' વિષયે સંશોધન કર્યું અને પીએચ.ડી.ની પદવી મેળવી. શરુઆતમાં 1945-55 દરમિયાન શિક્ષક અને પછી 1955થી 1983માં નિવૃત્તિ લીધી ત્યાં સુધી હ.કા. આર્ટસ્ કૉલેજમાં અધ્યાપક તરીકે સતત કાર્યરત રહ્યા. 1961માં 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રીની જવાબદારી સ્વીકારી તે છેક હમણાં સુધી નિભાવી. છેવટે નાદુરસ્ત તબિયતને લીધે સ્વૈચ્છિક રીતે એમણે તંત્રીપદની જવાબદારીમાંથી મુક્તિ લીધી. 1974થી ગુજરાત સાહિત્ય સભાના મંત્રીપદે કાર્યરત થયા. અંગ્રેજી સાહિત્યના ઉદયકાળથી મિલ્ટન સુધીના સાહિત્યના ઈતિહાસનો સરળ ગુજરાતી ભાષામાં પરિચય કરાવતું તેમનું પુસ્તક 'અંગ્રેજી સાહિત્યનું આચમન' (1979) છે, જે ઉપક્રમે થયેલી ગ્રંથમાળાને 1972નો કુમારચંદ્રક એનાયત થયો હતો. એમના પુસ્તક 'વિનોદાયન' માટે એમને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 1982-83નું જ્યોતીન્દ્ર પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

હાસ્યલેખ કે હાસ્યનિબંધિકાના લેખનક્ષેત્રે તેઓ 1960માં પ્રવૃત્ત થયા ત્યારથી શરુ કરીને આજે વર્ષ 2022માં જ્યારે તેઓ પોતાના આયુષ્યના શતાબ્દિવર્ષમાં પ્રવેશ કરે છે ત્યાં સુધી, છેલ્લાં 62 વર્ષથી સતત સક્રિય છે. હાસ્યકતારો ઉપરાંત 1988માં મધુભાઈએ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (યુજીસી)ની સહાયથી 'ગુજરાતીમાં હાસ્ય અને કટાક્ષ-ગુજરાતી સાહિત્યના ઉદયકાળથી આજ સુધી' વિષયે યુનિવર્સિટી કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક આપ્યું છે એ ગુજરાતી ભાષા-સાહિત્ય અને એમાંય ખાસ કરીને હાસ્યસાહિત્ય ક્ષેત્રે એમનું મૌલિક અને વિશિષ્ટ પ્રદાન છે. મધુસુદનભાઈ નિરામય દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત

કરે અને પોતાની અવિરત સાહિત્યયાત્રાના પરિપાકરુપે ઉત્તમ ચયનોના માધ્યમથી સૌને ઉત્તમ હાસ્યસાહિત્યનું આચમન કરાવતા રહે એવી અભ્યર્થના.

નર્મદ સાહિત્ય સભા દ્વારા નંદશંકર ચંદ્રકની જાહેરાત

સાહિત્યસ્વરુપને ધ્યાનમાં રાખીને જાહેર કરવામાં આવતા નંદશંકર ચંદ્રક વર્ષ 2019-20 માટે કુમારપાળ દેસાઈ લિખિત નવલકથા અનાહતાને તથા વર્ષ 2020-21 માટે નીતા જોશીના નવલિકાસંગ્રહ ખુલ્લી હવાને એનાયત થશે. બંને વિજેતાઓને અભિનંદન.

ઓમ કમ્યુનિકેશન દ્વારા સાહિત્ય-સંગીતના કાર્યક્રમો યોજાયા

75મા જન્મદિન પ્રસંગે શબ્દજ્યોતિ અંતર્ગત કવિ લેખક સંપાદક સરુપ ધ્રુવે પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરુપે ગુજરાત રાજ્યસંગીત નાટક અકાદમીના સહયોગથી વિશ્વ સંગીત દિન નિમિત્તે શાસ્ત્રીય અને ભક્તિ સંગીતના કાર્યક્રમમાં વરુણ દેશપાંડે, રુષભ ચાવડા અને બિલ્વા રાવલે ગીતસંગીત પ્રસ્તુત કર્યું હતું. કાજલ પરમારના સંચાલનમાં થયેલા આ કાર્યક્રમની પરિકલ્પના રાજન શુક્લ અને નયન પંચાલની હતી. આષાઢસ્ય પ્રથમ દિને યોજાયેલા મેઘદૂતમ્ કાર્યક્રમ અંતર્ગત ચંદન ઠાકોરના નિર્દેશનમાં નિરાલી ઠાકોરે નૃત્યનાટિકા પ્રસ્તુત કરી હતી. દિગીશ મહેતાના 89મા જન્મદિન પ્રસંગે દૂરના એ સૂર અંતર્ગત જતીન લાખીઆએ એમના જીવન વિશે, ઋચા બ્રહ્મભટ્ટે એમના નિબંધ વિશે, પરેશ નાયકે એમના નાટકો વિશે સાહિત્યિક વ્યાખ્યાન આપ્યા હતા. બુકર પ્રાઈઝ વિજેતા ગીતાંજલિશ્રીની નવલકથા રેત સમાધિનો પરેશ નાયકે પરિચય કરાવ્યો હતો.

વિનોદ ભટ્ટને વજુ કોટક સુવર્ણચંદ્રક સન્માન

ચિત્રલેખા સામયિક દ્વારા એની સાથે સંકળાયેલા વ્યક્તિત્વને સ્વ. વજુ કોટક સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરવાની પરંપરા 1975થી ચાલી આવી છે. એ અનુસંધાને 2018માં હાસ્ય લેખક વિનોદ ભટ્ટને આ સન્માન આપવાનું હતું પરંતુ કાર્યક્રમ યોજાય તે પહેલાં જ એમણે વિશ્વમાંથી વિદાય લીધી. ત્યારબાદના આકસ્મિક કોરોનાકાળ પછી તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં વિનોદ ભટ્ટને મરણોત્તર આ ચંદ્રક અર્પણ કરાયો. ત્યારે ઉપસ્થિત સર્વેશ્રી રતિલાલ બોરીસાગર, સાંઈરામ દવે, ચિત્રલેખા જૂથના મૌલિકભાઈ કોટક, મનન કોટક, સુભાષ લાખાણીની પ્રેરક ઉપસ્થિતિમાં વિનોદભાઈના પુત્ર સ્નેહલ ભટ્ટે આ ચંદ્રક સ્વીકાર્યો. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રીઓ સહિતના રાજકીય અગ્રણીઓ ઉપરાંત ગુજરાતી સાહિત્ય, પત્રકારત્વના નામાંકીત વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

સાહિત્ય અકાદમી દ્વારા મધ્યકાલીન સાહિત્ય વિષયક સંગોષ્ઠિ

તાજેતરમાં સાહિત્ય અકાદમી, દિલ્હી અને ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે "મધ્યકાલીન ગુજરાતી સાહિત્યિક સંશોધન અને સંપાદન" વિષય પર બે દિવસીય સંગોષ્ઠિ યોજાઈ ગઈ. આ પ્રસંગે ડો. વિનોદ જોશીએ આપણી મધ્યકાલીન પરંપરાને સંશોધન દ્વારા હજુ વધારે ઉજાગર કરવા પર ભાર મૂક્યો હતો. બીજ ભાષણમાં પ્રો. ડો. બળવંત જાનીએ મધ્યકાલીન સાહિત્યિક સંશોધનમાં સંશોધકો અને સંપાદકોના યોગદાનનો ગ્રાફ રચી આપ્યો હતો. જુદા જુદા પાંચ સત્રોમાં વિદ્વાન અને તજજ્ઞ વક્તાઓએ જુદા જુદા સંશોધકો અને સંપાદકો વિશે અભ્યાસપૂર્ણ પેપર રજૂ કર્યાં હતા.

જેમાં સુધારકયુગના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સંશોધકો અને સંપાદકો વિશે પ્રસાદ બ્રહ્મભટ્ટ; સાક્ષરયુગના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સંશોધકો અને સંપાદકો વિશે પિનાકીની પંડ્યા; મુનિ જિનવિજયજી અને મુનશીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે રમેશ ઓઝા; ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ અને મોહનલાલ દલીચંદ દેસાઈનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે કીર્તિદા શાહ; રા. ચુ. મોદી અને છ. વિ. રાવળ અને જેઠાલાલ ત્રિવેદીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે સંજય મકવાણા; કે. કા. શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, ભોગીલાલ સાંડેસરાનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે બળવંત જાની; મનસુખલાલ ઝવેરી, કા. બ. વ્યાસ, ભૂપેન્દ્ર ત્રિવેદી અને અનસૂયા ત્રિવેદીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે દર્શના ઓઝા; ઉમાશંકર જોશી, રસિકલાલ પરીખ અને ડોલરરાય માંકડનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે જે. અમ. ચંદ્રવાડિયા; મુનિ પુણ્યવિજયજી, સુખલાલજી, ર.ચી. શાહ અને દલસુખ માલવિયાનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે અભય દોશી; કેશવ હ. ધ્રુવ, શિવલાલ જેસલપુરા, રણજિત પટેલ અને વ્રજરાય દેસાઈનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે ભગીરથ બ્રહ્મભટ્ટના લેખનું વાંચન પ્રસાદ બ્રહ્મભટ્ટે કર્યું હતું.

અનંતરાય રાવળ, ચીમનલાલ ત્રિવેદી અને હીરા રા. પાઠકનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે દર્શનાબહેન ધોળકિયા; રા. વિ. પાઠક, વિજયરાય વૈદ્ય, ચંદ્રકાન્ત મહેતા અને મંજુલાલ મજમુદારનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે રાજેશ પંડ્યા; રામપ્રસાદ બક્ષી, નગીનદાસ પારેખ, કનુભાઈ જાની અને મોહનલાલ પટેલનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે ભરત મહેતા; રમણલાલ જોશી, રતિલાલ નાયક અને રમેશ શુક્લનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે અરૂણ કક્કડ; સુરેશ જોષી અને જયંત કોઠારીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે ભરત પંડ્યા; સુભાષ દવે, ચંદ્રકાન્ત શેઠ,

નરોત્તમ પલાણ અને રમણ સોનીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે નિસર્ગ આહીર; હસુ યાજ્ઞિક, મહેન્દ્ર દવે અને કાન્તિભાઈ શાહનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે અજયસિંહ ચૌહાણ; કનુભાઈ શેઠ, રતિલાલ બોરીસાગર અને કુમારપાળ દેસાઈનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે સુધા ચૌહાણ; બળવંત જાની, દર્શના ધોળકિયા અને કીર્તિદા શાહનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન - સંપાદન ક્ષેત્રે પ્રદાન વિશે રાજેશ મકવાણાએ સવિસ્તાર વાત કરી હતી.

કાર્યક્રમની શરુઆતમાં સાહિત્ય અકાદમીના કૃષ્ણા કિંબહુનેએ સૌને હૃદયથી આવકાર્યા અને અકાદમીની પ્રવૃત્તિ વિશે વાકેફ કર્યા હતાં. આ કાર્યક્રમમાં ભાષાસાહિત્યના સંશોધનાર્થીઓ, અધ્યાપકો સહિત રસિકજનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

સંકલન : પરીક્ષિત જોશી

❑

બાળસાહિત્ય

ખોખો રમતું કબૂતર : પારુલ બારોટ, 2020, ઝેડકેડ પબ્લિકેશન, અમદાવાદ, 4 + 60, રૂ. 170. ગુજરાતી પ્રતિનિધિ શિશુ કથાઓ : સંપાદક : સાંકળચંદ પટેલ, શ્રદ્ધા ત્રિવેદી, કિરીટ દવે, મણિલાલ શ્રીમાળી, 2020, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, 7 + 76, રૂ. 150. ઊંઘ લટકતા નગરમાં : નરેન્દ્ર પંડ્યા, 2020, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, 6 + 58, રૂ. 110. ગુજરાતીનાં પ્રતિનિધિ શઇશુ કાવ્યો : સંપાદક : સાંકળચંદ પટેલ, કિરીટ દવે, મણિલાલ શ્રીમાળી, 2020, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, 6 + 90, રૂ. 95.

‘કોષાધ્યક્ષ’ની કલમેથી...

પરિષદના ‘નાણા’કોષના વિકાસ માટે આપના અમૂલ્ય ‘અભિપ્રાયો’રૂપી દાનની અપીલ
માનનીય તેમજ પ્રિય
સાહિત્યપ્રેમીશ્રીઓ,

કોરોનાની મહામારીમાં પણ આપશ્રી શારીરિક તેમજ માનસિક તંદુરસ્ત હશો. કોરોનાની પહેલી, બીજી અને ત્રીજી લહેર(?)માં આપશ્રીની કલમ કટાઈ ન જાય અને વધુ ધારદાર બને તેવી મા સરસ્વતી પાસે પ્રાર્થના. કોરોનાના કપરા કાળમાં પણ અનેક સાહિત્યિક સર્જકો સાહિત્યના વિવિધ પ્રકારની કૃતિઓ રચી ચૂક્યા છે...

જોકે આજે વાત ‘સાહિત્યિક’ કોષને બદલે ‘અર્થ’(નાણા)કોષની કરવી છે. આપણા સૌની પ્રિય એવી 125 વર્ષ જૂની ગુજરાતી સાહિત્યના ઘેઘૂર વડલા સમાન ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ છેલ્લાં કેટલાંક વર્ષોથી આર્થિક પ્રશ્નો – પડકારો સામે ઝઝૂમી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર ‘પરબ’નું બદલાયેલું સ્વરૂપ તેમજ પાછલાં વર્ષોનાં અંદાજપત્રો (બજેટ) તેની સાક્ષી પૂરે છે.

પરિષદના ‘કોષાધ્યક્ષ’ તરીકે મારું કાર્ય પરિષદના આવક-જાવકના પ્રશ્નો અને તમામ હિસાબો પર દેખરેખ રાખવાનું છે. ઉપરાંત પરિષદના બંધારણમાં જણાવ્યા મુજબ અંદાજપત્ર (બજેટ) તૈયાર કરી મધ્યસ્થ સમિતિમાં બહાલી મેળવવાનું તેમજ પરિષદનું કાયમી ભંડોળ વધારવાના સઘન પ્રયત્ન કરવાનું પરિણામલક્ષી કાર્ય પણ મારે હાથ ધરવાનું છે. આગામી માસમાં અંદાજપત્ર (બજેટ) તૈયાર થાય તે પહેલાં હું આપનો સાથ-સહકાર મેળવવા માગું છું.

જી ના... મારી અપેક્ષા આપની પાસેથી આર્થિક ‘દાન’ મેળવવાની નથી. મારા અલ્પ જ્ઞાન અને ટૂંકા અનુભવોને આધારે મારા મતે મોટી રકમનું આર્થિક ઉપાર્જન જ છે. આથી હું આપની પાસે, મોટા-કીમતી-આર્થિક ‘દાન’ને બદલે નાના-અમૂલ્ય ‘અભિપ્રાયોરૂપી દાન’ની યાચના કરી રહ્યો છું. આથી આપ સૌ પરિષદની આર્થિક સ્થિરતા કમ સધ્ધરતા માટે સલાહ-સૂચન, માર્ગદર્શન, અભિપ્રાય તેમજ આદેશો મોકલી આપો તેવી આશા અને અપેક્ષા બન્ને છે. પરિષદના આર્થિક વિકાસ માટે હું દાતાશ્રીઓ, નિષ્ણાતો, વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો વગેરેની એક ‘અર્થ કોષ વિકાસ સમિતિ’ની રચના કરવાનું આયોજન પણ ગંભીરપણે વિચારી રહ્યો છું.

પરિષદના આર્થિક વિકાસ, આગામી બજેટ, સંભવિત ‘અર્થકોષ વિકાસ સમિતિ’ની રચના વગેરે અંગેનાં સૂચનો તેમજ માર્ગદર્શન આપ ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના સરનામે લેખિતમાં અથવા +91 93270 14077 નંબર પર મૌખિક રીતે પણ જણાવી શકો છો.

આપના સહકારની અપેક્ષા સહ,
રાજેન્દ્ર ઉપાધ્યાયના વંદન.

કોષાધ્યક્ષ રાજેન્દ્ર ઉપાધ્યાયની દાનની અપીલના સંદર્ભમાં મૌખિક અભિપ્રાયોનો વરસાદ વરસ્યો છે તે બદલ હું સર્વેનો આભાર. ખાસ કરીને કેટલાક સાહિત્યપ્રેમીઓએ લેખિત અભિપ્રાય મોકલ્યા છે જેમનો કોષાધ્યક્ષ સવિશેષ આભાર માને છે. લેખિત અભિપ્રાયો રજૂ કરતાં પત્ર નીચે મુજબ છે.

પત્ર

માનનીય કોષાધ્યક્ષશ્રી,

જય ભારત સહ લખવાનું કે હું અજયકુમાર ચંદુલાલ પટેલ (આજીવન સદસ્ય), પરબના વાંચન દરમ્યાન કોષાધ્યક્ષ સંદેશ પેજ 86 પ્રમાણે પરિષદને લાભકારી હોય તેવા સૂચનો આવકાર્ય છે. હું મારી સમજણ મુજબ નીચે દર્શાવેલ સૂચનો આપ અગ્રગણ્ય સમક્ષ રજુ કરું છું. કોઈ ભૂલચુક હોય તો ક્ષમા કરશો.

પરબ

☐ સભ્યના સરનામાંના સ્ટીકરને કવારની જગ્યાએ સીધુ પરબની પાછલી બાજુએ લગાવવું જોઈએ. જેની કવરનો કાગળ બચાવી શકાય. આવું અન્ય સામયિકો વાળા કરે છે જેવા કે પાંચજન્ય, દેવપુત્ર, શબ્દસૃષ્ટિ, સ્વાધ્યાય

☐ શું પરબમાં રાષ્ટ્રીય તારીખિયું (calender) શક સંવત અને વિક્રમ સંવત પણ દર્શાવવી જોઈએ જેની આપની સંસ્કૃતિ અને ધરોહર જળવાઈ રહે.

☐ લેખ કે કાવ્ય લખનારની મંજૂરી સાથે તેમની દૂરભાષ કે ઈમેલ દર્શાવવો જોઈએ.

☐ જો પરિષદની નોંધણી 80 G અંતર્ગત હોય તો તેનો ઉલ્લેખ પરબમાં કરવો જોઈએ.

ડિઝિટલ (આ સુવિધા વિનામૂલ્યે ફક્ત પ્રમાણપત્ર દ્વારા વિદ્યાર્થીના કમ્પ્યૂટર અભ્યાસ પ્રોજેક્ટ અંતર્ગત કરાવી શકાય. આ પ્રોજેક્ટનો softcode અને તેનો અધિકાર પરિષદ પાસે રહેવો જોઈએ.)

☐ વાચક પોતાની પસંદગી મુજબ કોઈ વિષય/પુસ્તક પ્રકાશન/લેખક, કવિ દ્વારા પ્રકાશિત થનાર ભવિષ્યની કૃતિઓનો સભ્યને ઇમેલ દ્વારા જાણ કરી શકાય. આ માહિતી વિષય ઇમેલના સબ્જેક્ટમાં અને કૃતિ ઇમેલની બોડી/સ્ક્રીનમાં દર્શાવવું.

YouTube (યૂ ટ્યૂબને આવકના સ્રોત તરીકે વિકસાવી શકાય. Subscriber / Like / Playlist)

☐ પરબ માસિકની મુખ્ય માહિતીની જાણકારી વીડિયો કે ઓડિયો સ્વરૂપે દર્શાવી શકાય.

☐ વાચકે રજૂ કરેલ અભિપ્રાયો વીડિયો કે ઓડિયો સ્વરૂપે દર્શાવી શકાય.

☐ લેખક/કવિના વિચારો કોઈ લેખ કે કાવ્ય કે પુસ્તક અંગેના વીડિયો કે ઓડિયો સ્વરૂપે દર્શાવી શકાય.

☐ પરિષદ દ્વારા કવિ/લેખકની મુલાકાતો જેવી કે પુસ્તક વિમોચન પ્રસંગે, અંગત જીવન, કોઈ પ્રાપ્ત સન્માન અંગે, કોઈ મળેલ પુરસ્કારરૂપ ચિહ્ન (ઍવૉર્ડ) વીડિયો કે ઓડિયો સ્વરૂપે દર્શાવી શકાય

☐ પરિષદના જાહેર કાર્યક્રમો વીડિયો કે ઓડિયો સ્વરૂપે દર્શાવી શકાય.

અજયકુમાર ચંદુલાલ પટેલ
ગામ રાયણિયા, જિ. મહીસાગર, પિનકોડ 389260
દૂરભાષ : 94281 20935

પ્રતિ
ગુજરાતી સાહિત્ય પરિષદ,
ગોવર્ધનભવન, આશ્રમ રોડ,
અમદાવાદ-380 009

*

પ્રતિ,
માનનીય શ્રી રાજેન્દ્ર ઉપાધ્યાય
કોષાધ્યક્ષ,
ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ,
અમદાવાદ-380009

તમારી ગુજરાતી સાહિત્ય પરિષદને આર્થિક સધ્ધરતા માટેની યોજના જણાવવા માટેની અપીલના અનુસંધાનમાં નીચે મુજબનું સૂચન કરું છું.

પરિષદના મોટા ભાગના આજીવન સભ્યો ઘણુંખરું સાલ 2000ની પહેલાના હશે. અને તેઓ તે વખતના 500/- રૂપિયાના શુલ્કથી થયા હશે. તો તેઓને હાલમાં ચાલતા 2000/- રૂપિયાના શુલ્ક અને તેઓએ ભરેલી રકમ 500/- રૂપિયા બાદ કરી બાકીની રકમ આપવા માટે અપીલ કરવી. આ રકમ સ્વેચ્છાએ આપવા માટે વિનંતી કરવી. તફાવતની રકમ સ્વેચ્છાએ ઓછામાં ઓછા 500/- થી 1500/- રકમની વચ્ચે આપવા અપીલ કરવી રહી.

ઓછામાં ઓછા 10000 આજીવન સભ્યો જૂના લવાજમના હશે જ. સરેરાશ રૂ. 1000/-નું નવું લવાજમ આવતા રૂ. એક કરોડનું ભંડોળ ઊભું થઈ શકે.

'અખંડ આનંદ' પણ જ્યારે આર્થિક મુશ્કેલી આવતાં આ રીતે તેના ગ્રાહકોને વર્તમાન કાલના લવાજમનો તફાવત ભરવાની સ્વેચ્છાએ વિનંતી કરીને ભંડોળ ઊભું કરી શકેલ.

- દીપક બી. દવે (મુંબઈ)

*

પ્રતિ શ્રી રાજેન્દ્ર ઉપાધ્યાય,
કોષાધ્યક્ષ, ગુજરાતી સાહિત્ય પરિષદ
C/o. પ્રમુખશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
પરિષદ ભવન, આશ્રમ માર્ગ, ટાઇમ્સ પાછળ,
નદી કિનારે, અમદાવાદ-9

સ્નેહીશ્રી,

'પરબ' જૂન-2022ના અંકમાં આપની જે અપીલ પ્રગટ થઈ છે તેના ઉત્તરમાં મારાં સૂચનો મોકલું છું, જે નીચે મુજબ છે.

1. પરિષદના પ્રાંગણમાંથી જે વૃક્ષો કપાયાં તેનાં લાકડાંની કિંમત જો વૃક્ષો કાપનારે પરિષદને ન ચૂકવી હોય તો તેનો પાકો અંદાજ કરાવીને વૃક્ષો કાપનાર અને તેમને તે માટે મંજુરી આપનાર પાસેથી વસુલ કરવી જોઈએ. મ્યુનિ. કૉર્પોરેશન સહિત જે સત્તાધારી તંત્રો છે તેની સમક્ષ આ અપરાધ બદલ પગલાં લેવાની રજૂઆત ટ્રસ્ટીઓએ કરવી ઘટે. કોઈ મંત્રી કે હોદ્દેદાર આ પ્રકારે એકાધિકાર ચલાવે તો સરવાળે સંસ્થાને હાનિ પહોંચે. અગાઉ પણ આવું થયું છે, પરંતુ તાજેતરનો બનાવ તો આઘાતજનક છે, તેને હળવાશથી ન લઈ શકાય.

2. અગાઉ પારિતોષિકોના ખર્ચને પહોંચી વળવા માટે દાતાઓને અપીલ કરવામાં આવેલી. પરિણામે અંદાજે એક લાખ રૂપિયાનું પૂરક દાન મળેલું. 'પરબ'ના ખર્ચને પહોંચી વળવા માટે પણ આવું થઈ શકે.

3. પારિતોષિકોની સંખ્યા ઘટાડવા માટે જે કાર્યવાહી થઈ તે ઊડઝૂડ અને પૂરા અભ્યાસ વિના થયેલી. પૂરક દાન આપનારનાં પારિતોષિકો કપાઈ ગયાં, અને જે હેતુ માટે દાન મળ્યું ન હતું કે અવકાશ પણ ન હતો તેવાં પારિતોષિકો દાખલ થઈ ગયાં! જે તે વખતે મામૂલી રકમનાં દાન સ્વીકારીને સૌને રાજી રાખવા માટે કાયમી જવાબદારી સ્વીકારાઈ તેને પરિણામે આમ થયું. ફરીથી આ મુદ્દે ગંભીરતાથી વિચારણા થઈ શકે.

4. પરિષદહસ્તક જે વ્યાખ્યાનશ્રેણી છે તેમાં નિમંત્રિત વક્તાને માત્ર પુરસ્કારની રકમ પરિષદ આપે. વક્તાના પ્રવાસના ખર્ચનો બોજો સ્વીકારવાથી તો સોના કરતાં ઘડામણ વધી જાય. વિકલ્પે વ્યાખ્યાન યોજનાર સંસ્થા પોતે આ જવાબદારી સ્વીકારે કે પછી પરિષદ એક નિશ્ચિત રકમ ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં આપે તેમ ઠરાવવું જોઈએ. એ જ રીતે હાલ પારિતોષિકોની સંખ્યા એટલી મોટી છે કે પારિતોષિકવિજેતાઓ રૂબરૂ લેવા ઇચ્છે તો પોતાના ખર્ચે આવી શકે તેમ રાખવું.

5. પરિષદમાં જે સાહિત્યસેવી, સાહિત્યપ્રેમી મિત્રો પરિષદની પ્રવૃત્તિમાં સહભાગી થવા આવે છે, પોતાનાં સમય અને શક્તિનો સંસ્થાને લાભ આપવા ઇચ્છે છે તેઓએ પરિષદનાં જ્ઞાનસત્ર કે અધિવેશનમાં જવાઆવવાનો અને રહેવાજમવાનો બોજો પોતે ઉઠાવવો જોઈએ. પરિષદમાં સક્રિય થવા ઇચ્છનાર સાહિત્યકારોની ભાવના અને વૃત્તિ પરિષદમાંથી કંઈ લેવાની નહીં, પરંતુ કશુંક આપવાની હોવી જોઈએ.

6. પરિષદના મહામંત્રીશ્રીઓ અને હોદ્દેદારો પોતાના કાર્યક્ષેત્રમાં જ રહે અને બીજે

અતિક્રમણ ન કરે કે સત્તાબાહ્ય પ્રવૃત્તિ ન કરે તે સ્થિતિ ઇષ્ટ ગણાય. પોતાને કરવાની થતી કામગીરીમાં પણ કરવા ધારેલ કામો અંગે પોતાની દરખાસ્ત – બ્લ્યૂ પ્રિન્ટ – કારોબારી સમિતિમાં રજૂ કરે તો ચર્ચા-વિચારણા પછી વધુ સારા ઉપક્રમો હાથ ધરી શકાય.

7. જ્યાં આર્થિક બાબત સંકળાતી હોય ત્યાં ખાસ કરીને કોષાધ્યક્ષને અને પરિષદના પ્રમુખશ્રીને વિશ્વાસમાં લેવાનું અનિવાર્ય ગણાવું જોઈએ – જેમ કે પુસ્તકોની ખરીદી અને પ્રકાશન, હૉલ ભાડે આપવા અંગે વગેરે. સાથોસાથ વક્તાઓની અને પારિતોષિકોના નિર્ણાયકોની પસંદગી જેવી બાબતોમાં એકાંગીપણું ન આવી જાય તે જોવું જોઈએ.

8. દરેક મંત્રી અને હોદ્દેદારો પોતાના કાર્યક્ષેત્રમાં કરકસર કઈ રીતે થઈ શકે તે દિશામાં વિચારીને સૂચનો કરી શકે.

9. ખેદ સાથે કહેવું પડે છે કે છેલ્લાં સાડા ચાર વર્ષના ગાળામાં પરિષદે જે જવાબદારીઓ અગાઉ સ્વીકારેલી ને કામગીરી પણ કરેલી તે થઈ નથી – વાર્ષિક ચયનો પ્રગટ કરવાં, પુસ્તકોનું પ્રકાશન કરવું, પરિષદના પ્રતિનિધિ તરીકે નામો સૂચવવાં, નિર્ણાયકોની પસંદગી કરવી વગેરે.

ઇચ્છું કે પરિષદનું ગૌરવ ને ગરિમા જળવાઈ રહે તે દિશામાં કામગીરી થશે. સૂચનો મંગાવવા બદલ આભાર.

લિ.

હરિકૃષ્ણ પાઠક

ગાંધીનગર-382007

*

પ્રતિશ્રી,

કોષાધ્યક્ષ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

વિષય : માહે જૂન 2022ના ‘પરબ’માં માનનીય કોષાધ્યક્ષની પરિષદના આર્થિક વિકાસ તથા ‘અર્થકોષ વિકાસ સમિતિ’ અંગેની કરેલી અપીલના સંદર્ભમાં નમ્ર સૂચનો. પરિષદ આર્થિક રીતે વિશેષ સક્ષમ બને તથા ગુજરાતી ભાષાનો વ્યાપ, લોકપ્રિયતા અને સેવા વિસ્તરે તેવી પ્રાર્થના તથા શુભેચ્છા.

(1) અ. મ્યુ. કૉર્પો.ના લાગતાવળગતા કરો (મિલકતવેરો વિ.) અંગે તથા અન્ય સરકારી કે વીજળી અંગેની ચુકવણી-રકમો વિશે મળતી રાહતો અગર રાહત મળે તે અંગેની રજૂઆત.

(2) ગુજરાતના પ્રતિષ્ઠિત વેપારી/ઔદ્યોગિક ગૃહો તથા ગુજરાત બહારની સંસ્થાઓ/કંપનીઓ જેઓને અનુદાન અંગે સંપર્ક તથા અપીલ. દા.ત. નિરમા ગ્રૂપ, અદાણી ગ્રૂપ, ટોરેન્ટ ગ્રૂપ, અમૂલ આણંદ, અંબાણી જૂથ.

(3) સામાજિક સંસ્થાઓ – ધાર્મિક સંપ્રદાયો.

(4) ગુજરાત બહાર વેપાર/રોજગાર અર્થે સ્થાયી થયેલા ગુજરાતીઓનો સંપર્ક જે તે શહેરના ગુજરાતી સમાજ દ્વારા કરીને તેઓને આ બાબત અવગત કરીને રસ લેતા

કરવા. દા.ત. જયપુર, દિલ્હી, બૅંગલોર, ચેન્નાઈ, હૈદરાબાદ વગેરે.

(5) કચ્છ જિલ્લાના સ્થાનિક આગેવાનો તથા પરિષદના જ્ઞાનસત્રનાં વિવિધ સ્થળોએ થયેલાં આયોજનોના આયોજકો. કચ્છના બળદિયા, માધાપર, ભૂજ વગેરે સ્થળોનો બહોળો ગુજરાતી સમાજ પરદેશમાં સારી રીતે સ્થાયી થયેલ છે.

(6) પરદેશમાં વસતા એન.આર.આઈ. ગુજરાતીઓ જેઓ સ્વપ્રયત્ને ગુજરાતી સાહિત્ય મંડળો અને પત્રિકાઓ, સામયિકો ચલાવે છે તેઓનો સંપર્ક તથા તેઓને સામૂહિક અપીલ. આ કાર્યમાં શ્રી મધુ રાય, શ્રીમતી પ્રીતિ સેનગુપ્તા જેઓ ન્યૂયૉર્કમાં સ્થાયી છે, અને એ ઉપરાંત વિદેશમાં વસતા અનેક સાહિત્યકાર મિત્રો મદદરૂપ થઈ શકે છે.

નમ્ર નિવેદન સહ,

આભાર

શિરીષ એમ. દ્વિવેદી

અમદાવાદ

079-25461171

❑

હાસ્ય

હાસ્ય હિલ્લોળ : સંપા : રતિલાલ બોરીસાગર, ધીરુબેન પટેલ, 2018, સાહિત્ય સંસદ, મુંબઈ, પૃ. 212, રૂ. 200. કબૂતર જા, જા, જા : સ્વાતિ મેઢ, 2020, અમોલ પ્રકાશન અમદાવાદ, પૃ. 134, રૂ. 160. મૂળચંદ સાતમો : ડૉ. નલિની ગણાત્રા, 2020, હર્ષ પ્રકાશન, અમદાવાદ, 8 + 136, રૂ. 140. મેથી મારવાની કળા : નિપુણ ચોક્સી, 2021, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, 16 + 96, રૂ. 125. સ્મિત અને સ્પંદન : નિપુલણ ચોક્સી, 2021, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, 20 + 112, રૂ. 125. કોરોના સંગ હાસ્ય વ્યંગ : ડૉ. કિરીટ વૈદ્ય, 2020, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, 20 + 72, રૂ. 95.

આ અંકના લેખકો

અજય પટેલ	: ગામ રાયણિયા, પો. જાનવડ, તા. સંતરામપુર, જિ. મહીસાગર-389260
અભિજિત વ્યાસ	: એ/403, ગાર્ડન રેસિડન્સી-1, ગાલા જીમખાના રોડ, શ્યામ વિલા-1 બંગલો પાછળ, ચિત્તવન, સાઉથ બોપલ, બોપલ, અમદાવાદ-380058
અરુણ કક્કડ	: બી/403, મોતી પૅલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે, વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-362015
આશકા પંડ્યા	: 21, રિદ્ધિસિદ્ધિ સોસાયટી, દર્શન પાર્લર પાસે, મહેસાણા ચોકડી, વિસનગર-384315
ઇતુભાઈ કુરકુટીઆ	: ક. લા. સ્વાધ્યાય મંદિર, C/o. ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-380009
ઈશ્વર પરમાર	: 'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા-361335
કિશોર પંડ્યા	: એ/101, નિર્મલ રેસિડન્સી, જીવરાજ પાર્ક, વેજલપુર, અમદાવાદ-380051
જયકર જોશી	: પ્લૉટ નં. 2182/બી/4, 'શ્રીશ્રી', શ્રેણિક પાર્ક, હિલ ડ્રાઇવ, ભાવનગર-364002
દર્શક આચાર્ય	: 'કવિતા', 10, અંકુર સોસાયટી, નવા જંક્શન રોડ, સુરેન્દ્રનગર-363001
દીપક બી. દવે	: 15, ઉપહાર, ચિરંજીલાલ લોયલક માર્ગ, ચોપાટી બૅન્ડ સ્ટૅન્ડ, મુંબઈ-400006
દીપક રાવલ	: એ/502, સત્ત્વ ફ્લૅટ્સ, કૃણાલ ચોકડી પાસે, ગોત્રી, વડોદરા-390021
નવીનચંદ્ર ત્રિવેદી	: 15/એ, મહાવીરનગર, ઍંજલ સ્કૂલ પાસે, આણંદ-388001
પરીક્ષિત જોશી	: 6, તપસ્વી જલારામ સોસાયટી, જ્ઞાનદા બસ-સ્ટૅન્ડ પાસે, જીવરાજપાર્ક, અમદાવાદ-380051
પારુલ ખખ્ખર	: 'તીર્થ', 153, ગુરુકૃપાનગર, ચિત્તલ રોડ, અમરેલી-365001
પીયૂષ ઠક્કર	: 903, યોગીસૃષ્ટિ એપાર્ટમેન્ટ, વહાણવટી માતા મંદિર પાસે, ઓઢવપુરા, વડોદરા-390023
પ્રકાશ ન. શાહ	: પ્રકાશ બંગલો, નવરંગપુરા પો. ઓ. પાછળ, નવરંગપુરા, અમદાવાદ-380009
ભરત મહેતા	: 'મન્દાર', બી/97, યોગીનગર ટાઉનશીપ, રામકાકાની દેરી પાસે, છાણી, વડોદરા-391740
મેહુલ ત્રિવેદી	: 1488, મહાદેવનો ખાંચો, મામુનાયકની પોળ, ગાંધી રોડ, અમદાવાદ-380001
મોનાલીયા વિક્રમશી	: 1078, લાભશુભ સોસાયટી, રાવલ વાડી, રીલોકેશન સાઇટ, ભુજ-કચ્છ-370001
રમેશ કોઠારી	: 25, સિકો ટાઉનશીપ-2, કામરેજ, સુરત
રાજેન્દ્ર ઉપાધ્યાય	: 3/બી, જીવનસ્મૃતી સોસાયટી, મીરામ્બિકા સ્કુલ પાસે, નારણપુરા, અમદાવાદ-380013
સંજુ વાળા	: એ/77, આલાપ ઍવન્યૂ, પુષ્કરધામ પાસે, યુનિવર્સિટી રોડ, રાજકોટ-360005
શિરીષ એમ. દ્વિવેદી	: 7, નંદી એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણિનગર, અમદાવાદ-380008
હરિકૃષ્ણ પાઠક	: પ્લૉટ નં. 62/2, સેક્ટર-2એ, ગાંધીનગર-382007
હરેશ ધોળકિયા	: ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-370001
હેમાંગ દેસાઈ	: સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાત, સેક્ટર-30, ગાંધીનગર-382030

ગૂર્જરનું ગૌરવવંતુ નાટક-સાહિત્ય

મિથ્યાભિમાન	કવિ દલપતરામ, સંપા. ચંદ્રશંકર ભટ્ટ	130
અકૂપારાતરાપિ (અકુપાર, અતરાપિનું નાટ્ય રૂપાંતર)	ધ્રુવ ભટ્ટ	150
હવેલી	ઉમાશંકર જોષી	70
પ્રાચીના (પદ્યનાટકો)	ઉમાશંકર જોષી	75
સાપના ભારા (એકાંકી)	ઉમાશંકર જોષી	125
શેષનાટકો	ઉમાશંકર જોષી	120
એક હતો રાજા (દ્વિઅંકી)	સતીષ વ્યાસ	70
પૌરાણિક નાટકો	ક. મા. મુનશી	250
વાહ રે મૈં વાહ (ત્રિઅંકી)	ક. મા. મુનશી	12
મુનશીનાં નાટકો	ક. મા. મુનશી	700
ધ્રુવસ્વામિનીદેવી	ક. મા. મુનશી	80
આકાશમંચ (રેડિયોનાટક)	ધીરુબહેન પટેલ	100
જયાજયંત	ન્હાનાલાલ કવિ	50
જહાંગીર-નૂરજહાન	ન્હાનાલાલ કવિ	80
કસ્તૂરબા (પુરસ્કૃત)	નારાયણ દેસાઈ	65
કસ્તૂરબા (હિન્દી)	નારાયણ દેસાઈ	80
મેનાગૂર્જરી	રસિકલાલ સી. પરીખ	90
શર્વિલક	રસિકલાલ સી. પરીખ	80
રાઈનો પર્વત (ત્રિઅંકી)	રમણભાઈ નીલકંઠ	170
ગૃહલક્ષ્મી ગૃહે-ગૃહે	ઉષા શિલીન શુક્લ	70
મંચશાળા	ડૉ. શિવશંકર જોશી	75
અનંત સાધના અને બીજાં નાટકો	શિવકુમાર જોશી	4
બે નાટકો ('રાણા પ્રતાપ' અને 'સમર્થોનો સમારંભ'	વિજયશંકર પટણી, સંપા. મુકુન્દરાય પારાશર્ય	180
ફૂલફોરમ શી પ્રીત	રવીન્દ્ર ઠાકોર	90
અને એકાંકી	રવીન્દ્ર ઠાકોર	60
સ્વપ્ન-દુઃસ્વપ્ન	ચિનુ મોદી	100
એકાંતમાં માનવમેળા	ઈલા આરબ મહેતા	225
ભંવર (પુરસ્કૃત)	ભાવના હેમંત વકીલના	70
કૃષ્ણભક્ત કવિ જયદેવ (જયભિખ્ખુ લિખિત નવલકથા આધારિત)	ધનવંત પંડ્યા	130

સંપાદિત નાટક-સાહિત્ય

પ્રહસનસંચય (વ્યંગ નાટક)	સંપા. રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર	120
અદ્યતન પ્રહસનસંચય (વ્યંગ)	સંપા. રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર	120

દેશ-વિદેશના શ્રેષ્ઠ અનૂદિત નાટકસંગ્રહો

શાકુંતલ (સંસ્કૃત પદ્યનાટક)	કાલીદાસ, અનુ. ઉમાશંકર જોશી	350
ઉત્તર રામચરિત્ર (સંસ્કૃત પદ્યનાટક)	કાલીદાસ, અનુ. ઉમાશંકર જોશી	350
સાગરના છૈયા (અંગ્રેજી એકાંકી)	અનુ. અશોક હર્ષ	72
ચંડાલિકા અને મુક્તધારા (બંગાળી)	રવીન્દ્રનાથ ટાગોર, અનુ. અનિલા દલાલ	50
ચિત્રાંગદા (બંગાળી પદ્યનાટક)	રવીન્દ્રનાથ ટાગોર, અનુ. નિરંજન ભગત	300
જેણે લાહોર નથી જોયું એ જન્મ્યો જ નથી (ઉર્દૂ)	અસગર વજાહત, અનુ. શરીફા વીજળીવાળા	125

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1.
ફોન : 079-22149660, 09227055777
ઈ-મેઈલ : goorjar@yahoo.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, 98252 68759
email : gurjarprakashan@gmail.com, website : www.gspbooksmall.com

રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

ગઝલસંગ્રહો-ગીતસંગ્રહો

ડૉ.એસ.એસ.રાહી

પુસ્તકનું નામ	કિંમત રૂ.
છીપલાં (મુક્તક-રૂબાઈ-સંગ્રહ)	૨૨૫.૦૦
પીડાનાં ગુલાબ (મુક્તક, લઘુકાવ્ય, તાન્કાસંગ્રહ)	૫૦.૦૦
ઝુમ્મર (નઝમસંગ્રહ)	૨૨૫.૦૦
હૃદયની ગલીમાં (હૃદય વિશેના શેરનું સંપાદન)	૯૫.૦૦
ફૂલદાની (ફૂલ વિશેના શેરનું સંપાદન)	૫૦.૦૦
તલપ	૬૦.૦૦

અશોક ચાવડા 'બેદિલ'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
પગલાં તળાવમાં (ગઝલસંગ્રહ)	૧૦૫.૦૦
પગરવ તળાવમાં (ગઝલસંગ્રહ)	૧૨૫.૦૦
ગઝલિસ્તાન (ઉર્દૂ ગઝલોનો પદ્યાનુવાદ)	૧૪૦.૦૦
તું કહું કે તમે (ગીતસંગ્રહ)	૮૫.૦૦

મનહર 'દિલદાર'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
આઠો જામની દિલદારી–દોર પાંચમો	૪૫.૦૦
આઠો જામની દિલદારી – દોર ચોથો (મુક્તકસંગ્રહ)	૬૫.૦૦
આઠો જામની દિલદારી – દોર ત્રીજો (મુક્તકસંગ્રહ)	૫૫.૦૦
આઠો જામની દિલદારી – દોર બીજો	૬૫.૦૦
આઠો જામની દિલદારી – દોર પહેલો	૨૫.૦૦

દીપક બારડોલીકર

પુસ્તકનું નામ	કિંમત રૂ.
ગુલમોરના ઘૂંટ	૫૦.૦૦
વિદેશી ગઝલો	૭૫.૦૦

ગુલામ અબ્બાસ 'નાશાદ'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
બાકી બધું તો ઠીક છે (ગઝલસંગ્રહ)	૨૦૦.૦૦
ખૂબસુરત (નઝમસંગ્રહ)	૧૩૦.૦૦
આ તો બસ એમ જ (વ્યંગ-તઝમીન સંગ્રહ)	૧૪૫.૦૦
મા (મુક્તક સંગ્રહ)	૮૫.૦૦
હેસિયત (તઝમીન સંગ્રહ)	૧૯૦.૦૦
આબેહૂબ	૯૫.૦૦
દરિયો છાલક મારે (બાળગઝલસંગ્રહ)	૮૫.૦૦
અવિશ્રાંત	૧૧૦.૦૦
થાક લાગ્યો છે	૮૦.૦૦
અવિરત	૭૦.૦૦
પહેલાં હું આવો જ હતો (હઝલસંગ્રહ)	૫૫.૦૦
ખુશ્બોની ખેપ (ગઝલ સંપાદન)	૭૦.૦૦

નિર્મિશ ઠાકર

લેખકનું નામ	કિંમત રૂ.
હું નિર્મિશ (ટ્રાયોલેટસંગ્રહ)	૪૦.૦૦
મનહર લય–મનહર મય (કાવ્યો–પ્રતિકાવ્યો)	૩૦.૦૦

હનીફ સાહિલ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
તારા નામે લખું છું : સિતારા, પતંગિયાં...(ઉર્દૂ કવિતાઓના અનુવાદ)	૧૬૫.૦૦
અચરજની પાર (એજન્સી)	૯૦.૦૦

દિનેશ ડોંગરે 'નાદાન'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
થોડી વાર તો લાગે ને	૧૨૫.૦૦
અર્થ	૮૫.૦૦
થીજી ગયેલી ક્ષણો	૭૫.૦૦

રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા,અમદાવાદ-380009

ઇમેઇલ rangdwar.prakashan@gmail.com, વેબ સાઇટ : http://www.rangdwar.com

વાર્તાસંગ્રહ

વિસામા વિનાની વાટ (રઘુવીર ચૌધરીની વાર્તાઓ) સં. રમેશ ર. દવે		200
બીજી બાજુ	જગદીપ ઉપાધ્યાય	150
દૂરથી સાથે	રઘુવીર ચૌધરી	120
સાદ ભીતરનો	કંદર્પ દેસાઈ	160
રમેશ ર. દવેની પ્રતિનિધિ વાર્તાઓ	સં. પારુલ તથા કંદર્પ દેસાઈ	200
વૃદ્ધ રંગાટી બજાર	વિજય સોની	140
રણદ્વીપ	રઘુવીર ચૌધરી	120
ગેટ ટુગેધર	સાગર શાહ	120
પડછાયાઓ વચ્ચે	અભિમન્યુ આચાર્ય	120
લૂ	વિપુલ વ્યાસ	150
નંદીઘર	રઘુવીર ચૌધરી	150
વણજોયું મહુરત (અનુ.)	દક્ષા પટેલ	180
આકસ્મિક સ્પર્શ	રઘુવીર ચૌધરી	150
રણની વચ્ચે	વીનેશ અંતાણી	100
ગેરસમજ	રઘુવીર ચૌધરી	120
રસવૈભવ	નીતિન ત્રિવેદી	200
બહાર કોઈ છે	રઘુવીર ચૌધરી	180
દસ પાશ્ચાત્ય નવલિકાઓ	સં. રેમંડ પરમાર	150
અતિથિગૃહ	રઘુવીર ચૌધરી	150
વિરહિણી ગણિકા	રઘુવીર ચૌધરી	200
ડેરો	કાનજી પટેલ	100
દૃશ્ય ફરી ભજવાયું	મુનિકુમાર પંડ્યા	100

અક્રમ વિજ્ઞાન
RADHESHYAM SHARMA
Hon. Editor : "AKRAM VIGNAN"
25, BHULABHAI PARK, AHMEDABAD - 380 022. GUJARAT (INDIA)

૨૫/૧૧/૨૦

શ્રી. વાર્તાના વિક્રમાદિત્ય પ્રિય હરીશભાઈ તમે મારા ચાહક છો
પણ હું તમારો ચાહક છું. [illegible]

[illegible]

– રાધેશ્યામ શર્મા

૨૫-૧૧-૨૦

શ્રી વાર્તાના વિક્રમાદિત્ય પ્રિય-પ્રિય હરીશભાઈ
તમે મારા ચાહક છો પણ હું તમારો ચાહક છું.
ગુજરાત સમાચાર ફેંદ્ર કરી રહું છું. પણ
સાહિત્ય ક્ષેત્રે તમે 'ગગાગગ' વાર્તાઓ
મૌલિક-રચના, એનો ખ્યાલ નથી પરિષદને
કે નથી અકાદમીને.
'ગગાગગ'ની વા-ર્-તા-ઓ વાંચતાં
લાગે છે કે, તમને સુવર્ણ ચંદ્રક હીરા અને હીરા
સાથે અર્પણ કરી શકાય. મારા દર્શકોથી ૯૫
વર્ષના સાહિત્ય ~~[illegible]~~ સાર્થકનું પુનિત તર્પણ
કર્યું છે. તમે ૮૫ વર્ષ પછી આવા
ઓજસ્વી છો. મારો ચિરંજીવ સત્યજીત પણ
તમારી કલમના કલાવેત વાંચે છે.
શૈલ હાથીનું વિકાસગ્રહ તમારા
પ્રેમ-અનુપ્રાસથી, પૌરાણિક વિષયોના હજારો
પ્રદેશોથી ઉભરું છે, જે 'ગુજરાત સમાચાર'નું
'ગગાગગ'.
ઉમરનું વર્ષ મને સાથરર્ષ કેમના કારણે
જતો છે. અસ્વાસ્થ્ય-ભણું હાથ પણ થરકે છે. આ
કાગળ પણ પરાણે લખાય છે. મારા કડવા
પ્રાસબદ્ધ વાર્તાઓ તમે [illegible] છે.
સમગ્ર પરિવાર તમને સાયમાને પુરસ્કાર [illegible] છે.
મારા ગૃહલક્ષ્મી શ્રી. શારદાના દેહાન્તને ૬ વર્ષ
થયાં ત્યારથી [illegible] બંધ થયો. મારા ૩ પુત્રરત્નો, એમનાં બે
[illegible] પરદેશથી આવે જાય છે. વાંચવાનું નથી થતું. લિખું?
શ્રી હરિ-હરીશના [illegible]
[illegible] ... રહી [illegible] છું રાધેશ્યામ શર્મા

વિવેચનની પ્રક્રિયાનાં મૂળ વાંચનમાં પડેલા છે. વિવેચનની પ્રક્રિયાને પ્રભાવિત કરનારું એક મહત્ત્વનું પરિબળ વાંચન બની રહે છે. આ વાંચનની પ્રક્રિયાને કેળવવા માટે કરવામાં આવે એટલું સારું પરિણામ વિવેચનમાં પ્રાપ્ત થતું હોય છે! રસપ્રદ વાંચનની પ્રક્રિયામાંથી શરૂ થતી વિવેચનની પ્રક્રિયા પણ એટલી જ રસપૂર્ણ બની રહે છે. વાંચનનો અનુભવ તો વૈવિધ્યપૂર્ણ છે અને એમાંથી વિવેચનનું વૈવિધ્ય રચાતું હોય છે. વાચનને પરિણામે થતી પ્રાપ્તિઓ વિવેચનપ્રક્રિયાની સામગ્રી બનતી હોય છે.

- દર્શિની દાદાવાલા

પુસ્તક જ્ઞાન અને સંસ્કાર ફેલાવવાનું શક્તિશાળી સાધન છે. જીવનની શરૂઆતમાં જ જે કામ શાળા-કૉલેજો કરે છે તે જ કામ જિંદગીભર પુસ્તકો ચાલુ રાખે છે. આમ, પુસ્તક એક શિક્ષણ સંસ્થા જેવું કામ કરે છે. એમાં ધ્યાન એ રાખવું પડે કે અશ્લીલ સાહિત્ય અથવા નીચલી કોટિનું સાહિત્ય એમાં ઘૂસી ન જાય.

- યાસીન દલાલ

મારા બાપુ થોડાક આળસુ હતા તેતઈ વાંચતા બહુ. મેં એમને કદી નોકરી કરતા કે કામ કરતા જોયા નથી. તેઓ વેદ-ઉપનિષદ-ગીતાનું અધ્યયન કરતા હતા. એમને કારણે હું ઉપનિષદોનાં પરિચયમાં આવ્યો એમ કહી શકાય.

- ગુણવંત શાહ

મને પુસ્તકો વાંચવાનો - વસાવવાનો શોખ. પુસ્તકની દુકાનો મારા માટે મંદિર. જેમ જેમ વાંચતી ગઈ તેમ તેમ જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાતી ગઈ. અહીં કૉી ધાર્મિક, સાંપ્રદાયિક, આધ્યાત્મિક કે ફિલોસોફીની વાત નથી. વાત છે જીવન સમજવાની એ જીવન જીવવાની. હજારો વર્ષ પહેલાં પમ મનુષ્યોએ પોતાનાં જીવનમાં ઝંઝાવાતોનો સામનો કર્યો, પોતાનો ધર્મ પોતાની રીતે સમજીને નિભાવ્યો, કટુતા વગર સાક્ષીભાવે જીવન જીવી ગયા. આપણાં કરતાં પણ અન્યને વધારે વિપત્તિઓ આવી હતી, જે એમણે સહી હતી. મહાભારતમાંથી જીવનનો આ ધ્રુવમંત્ર સાંપડ્યો.

- જ્યોત્સ્ના તન્ના

સ્થાન-સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર.

વિહાર

બારી-બારણાં-ભીંત-વંડી વિનાના, પ્રકાશના ખુલ્લા ચંદરવા નીચે ચાલવાનું મળે એ વિહાર છે. દિગ્-દિગંત સુધી વિસ્તરેલી આ અસીમ વસુધા પર ચાલવાનું હોય છે. આ વિહારમાં ચારે બાજુથી વહી આવતા શુભ વિચારોને ઝીલવાની તક સાંપડે છે. તે ઝિલાય પણ છે. પશુ ચરે છે, પક્ષી વિચરે છે અને માણસ વિચારે છે. કુદરતના સાંનિધ્યમાં વિચરતાં વિચારવાનું પૂર્ણપણે સાંપડે છે. ત્યારે વેદની પ્રાર્થનાનો મર્મ ઊઘડતો લાગે છે.

વિહાર એ ચેતોવિસ્તાર સાધવાની પ્રક્રિયાનો ભાગ છે. અન્નમય કોશ, પ્રાણમય કોશને ઓળંગીને મનોમય કોશ - વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશનાં ઉન્નત શૃંગો તરફ દોરી જતી કેડી છે; ચેતનાના ઊર્ધ્વારોહણના સોપાનની શ્રેણી છે.

આવો વિહાર જે માણે તે જ જાણે.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર

અમદાવાદ

વિહારમાં

ઊજળા તડકાથી શોભતી શિયાળાની બપોર હતી. સહેજ પણ ધુમાડાની સેર ન હોવાથી આકાશ સ્વચ્છ, નિરભ્ર અને આસમાની હતું. ખેતરો પણ વધુ સોહામણાં લાગી રહ્યાં હતાં. અમારી કેડી ખેતર વચ્ચેથી જતી હતી. ક્યારેક, બે ખેતર વચ્ચેની વાડમાંથી જવાનું આવતું. રાઈડાના છોડ પર આવેલાં સોનેરી-પીળાં ફૂલોનું જાણે તળાવ. વળી, એને ચમકાવતો કુમળો તડકો ચારેકોર પથરાયો હતો. તેમાંયે ઠંડો શિયાળુ વાયરો હીંચકાનું કામ કરતો હતો. લયબદ્ધ હિલોળા લેતાં એ ખેતરોને આંખો ભરીને જોયાં અને મન ભરીને માણ્યાં. પગ એ જ લયમાં ગતિ કરતા હતા. મન તૃપ્ત થતું હતું, તાજું થતું હતું. જાણે અમે આગળ વહેતા હતા!

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

નિમેષભાઈ ડગલી

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

માતૃભાષા ગુજરાતી : ઑનલાઇન પ્રસ્તુતિ

ગુજરાતી વિશ્વકોશ

◈ હવે ઑનલાઈન ઉપલબ્ધ થયો છે ૨૬ ખંડોમાં ૨૬,૦૦૦ પૃષ્ઠમાં ૧૭૦ વિષયોનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતો 'ગુજરાતી વિશ્વકોશ' ◈ છેલ્લા એક મહિનામાં ૧ લાખ ૨૦ હજાર જેટલા લોકોએ એનો ઉપયોગ કર્યો છે. ◈ ભારત, અમેરિકા, જર્મની, ઑસ્ટ્રેલિયા અને જાપાન વગેરે દેશના લોકોએ વિશ્વકોશમાંથી વિગતો મેળવી છે. ◈ ઑનલાઈન 'ગુજરાતી વિશ્વકોશ' જોવા માટે https://gujarativishwakosh.org

ગુજરાતી લૅક્સિકન

◈ રોજ અંદાજિત છ હજારથી વધુ લોકો આ વેબસાઇટની મુલાકાત લે છે. ◈ છેલ્લા એક મહિનામાં એક લાખ અઠ્ઠાવન હજાર લોકોએ આ વેબસાઇટની મુલાકાત લીધી. ◈ અત્યાર સુધીમાં ચાર કરોડ તોંતેર લાખથી વધુ લોકોએ આની મુલાકાત લીધી છે. ◈ ભારત, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, આરબ દેશો, જર્મની, નેધરલૅન્ડ, સિંગાપોર, ન્યૂઝીલૅન્ડ જેવા વિવિધ દેશોએ આ સાઈટની મુલાકાત લીધી છે. ◈ 'ગુજરાતી લૅક્સિકન' જોવા માટે www.gujaratilexicon.com

'વિશ્વવિહાર' સામયિક

◈ દર મહિને પ્રકાશિત થતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર'ના પ્રત્યેક મૂલ્યવાન લેખો ક્રમશઃ યૂટ્યૂબ પર સાંભળી શકાશે.

જ્ઞાન-વિજ્ઞાનવિષયક પ્રવચનો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં થતાં દરેક પ્રવચનો યૂટ્યૂબ પર પ્રાપ્ત થશે. કેટલાંક પ્રવચનો ફેસબુક પર લાઈવ કરવામાં આવે છે.

વિશ્વકોશ, તમારે આંગણે

◈ દર બુધવારે અને દર શનિવારે 'વિશ્વકોશ તમારે આંગણે' નામના વિભાગમાં ગુજરાતી વિશ્વકોશ અને બાળવિશ્વકોશનાં અધિકરણો તેમજ 'આજનો વિચાર', 'પ્રસંગમાધુરી' જેવા વિભાગો વૉટ્સએપ પર જોઈ શકાશે.

બાળવાર્તાની પ્રસ્તુતિ

◈ 'ગુજરાતી વિશ્વકોશ' દ્વારા દર રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે બાળકોને ગમી જાય તેવી વાર્તાઓ

આ બધા કાર્યક્રમો તમે અમારા યૂટ્યૂબ : (Gujarat Vishvakosh Trust)
અને ફેસબુક એકાઉન્ટ : (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)
અને વૉટ્સએપ (મો. ૯૮૯૮૦૪૨૬૯૯) પરથી નિહાળી શકશો.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

કેટલાંક નોંધપાત્ર પુસ્તકો

પૌરાણિક કથાકોશ :
ખંડ-૧,૨
બેરિસ્ટર ડાહ્યાભાઈ દેરાસરી
₹ 700

બૃહદ નાટ્યકોશ
ભારતીય રંગભૂમિ :
ખંડ-૧,૨
ભરત દવે
₹ 3,000



સાહિત્યત્વ
(સાહિત્ય ક્ષેત્રે નોબેલ પારિતોષિક-વિજેતાઓનાં વક્તવ્યો)
સંપાદન : અદમ ટંકારવી અને પંચમ શુક્લ • **₹ 675**

સામયિક કોશ
₹ 625

સંપાદક : કિશોર વ્યાસ



મારી
પત્રકારત્વ-
લેખનની
સફર
₹ 990

લેખક : ઉર્વીશ કોઠારી

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી